મદનકુમાર રાસ

-: પ્રકાશક :-

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર

ગ્રંથાવલિ નં. ૧૪૪

મદનકુમાર રાસ

: કર્તા :

ઉપાધ્યાય શ્રી ઉત્તમસાગરજીના શિષ્ય શ્રી ચતુરસાગરજી મ.સા.

: માર્ગદર્શક :

શાસ્ત્રસંશોધક શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા.

: શબ્દાનુવાદ :

સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી મ.

સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજી મ.

: લિપ્યંતર અને સંકલન :

કિરીટભાઈ કાંતિલાલ શાહ

: પ્રકાશક :

આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR

- ***મદનકુમાર રાસ***

  (વિ.સં. ૧૭૭૨માં આલેખાયેલ શીલવ્રત ઉપર રોચક કથાનક.)

- ***પ્રતિલિપિ :***

  શ્રી વિશેષસાગરજી.

  વિ. સં. ૧૭૮૦

- ***પ્રતપ્રાપ્તિ :***

  શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

  આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનભંડાર

  ગાંધીનગર કોબા અમદાવાદ.

- ***પ્રકાશક :***

  આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર,

  સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.

- ***પ્રાપ્તિસ્થાન :***

  આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર

  સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.

- ***આવૃત્તિ :*** પ્રથમ

- ***પ્રકાશન વર્ષ :*** વિ.સં. ૨૦૭૬.

- ***નકલ :*** ૨૫૦

- ***મૂલ્ય :*** ૧૬૦

- ***મુદ્રણ સહાયક :*** પીયૂષ શાહ, અમદાવાદ.

॥ ઝીંઝુવાડામંડન શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

॥ શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-ૐકાર-અરવિંદ-યશોવિજય-જિનચંદ્રવિજય ગુરુભ્યો નમઃ ॥

પ્રકાશન વેળાએ.....

-આચાર્ય વિજય મુનિચંદ્રસૂરિ.

મદનકુમાર રાસનું પ્રકાશન થઈ રહ્યું છે તે આનંદનો વિષય છે મધ્યકાલમાં વિપુલ પ્રમાણમાં મારુ-ગૂર્જર ભાષામાં સાહિત્ય રચાના થઈ છે. તેમાંથી ઘણું સાહિત્ય અપ્રગટ છે, આવું સાહિત્ય પ્રકટ કરવા માટે ઘણી સજ્જતાની આવશ્યકતા રહે છે,

વિદુષી સાધ્વીશ્રી વિરાગરસાશ્રી અને વિદુષી સાધ્વીશ્રી ધૈર્યરસાશ્રીને આવા કાર્યોનો અનુભવ અને આવું કાર્ય કરનારાઓને સહાય કરવાનો પરોપકાર રસિકતાનો એમનો ગુણ અદ્‌ભુત છે.

કિરીટભાઈ નિવૃત્તિવયમાં પ્રતિલિપિ કરી શ્રુતભક્તિ કરે છે, મુદ્રણ અંગેનો એમનો અનુભવ પણ આ પ્રકાશનને મળ્યો છે.

શીલના મહિમાને ઉજાગર કરતા આ મદનકુમાર રાસનું વાંચન પરિશીલન કરી સહુ શીલના મહિમાને વિશેષ રીતે સમજે એજ આશા.

• • •

પ્રકાશકીય.....

મુનિશ્રી ચતુરસાગરજીએ વિ.સં.૧૭૭૨માં સિઓરી નગરમાં રચેલ ***મદનકુમાર રાસ*** પ્રકાશિત કરતાં આનંદ થાય છે.

જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મ.સા.ના સહાધ્યયી ઉપાધ્યાય ધર્મસાગરજી મ.ની શિષ્યપરંપરામાં આવેલા લેખકશ્રીએ બનાસકાંઠાના કાંકરેજ તાલુકામાં આવેલા ***સિહોરી*** ગામમાં આ મદનકુમાર રાસની રચના કરી છે.

આ રાસનું લિપ્યંતર અને સંકલન કિરીટભાઈ કાંતિલાલ શાહે કર્યું છે કિરીટભાઈએ મુદ્રણ વ્યવસાયમાં ઘણા વર્ષો ગાળ્યા પછી નિવૃત્તિને શ્રુતભક્તિથી સુશોભિત કરવા પ્રાચીનલિપિનું જ્ઞાન મેળવી પ્રાચીન કૃતિઓનું લિપ્યંતર કાર્ય કરી રહ્યા છે.

આ અગાવ ***પુણ્યપાળ રાસ*** પણ અમે પ્રકટ કર્યા છે.

વિદુષી સાધ્વીશ્રી વિરાગરસાશ્રી અને વિદુષી સાધ્વીશ્રી ધૈર્યરસાશ્રીજીએ આ રાસોનો શબ્દાનુવાદ કરી આપ્યો છે.

આમ એક અપ્રગટ રાસનું પ્રકાશન કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

લિ.

પ્રકાશક.

નમ્ર નિવેદન

મધ્યકાલીન ગુજરાતી હસ્તપ્રત લિપ્યંતરનું કાર્ય મારા માટે આનંદ આપનાર એક વ્યસન થઇ ગયું. આ કાર્યથી નિવૃત્તિમાં પ્રવૃત્તિ મળતાં અનેક વિટંબણાઓમાંથી જાણે મુક્તિ મળી.

વિટંબણાઓમાંથી મુક્તિ મેળવવામાં અનેક વિદ્વાન સાધુ સાધ્વીજી ભગવંતો તથા આવા કાર્યોમાં રસ ધરાવતાં શ્રાવક-શ્રાવિકાઓનો સહયોગ તેમજ જ્ઞાનભંડારોમાંથી વિના વિલંબે પ્રાચીન હસ્તપ્રતની ઝેરોક્ષ કોપી આપીને સહકાર આપ્યો તે વિશેષ કરીને મારા માટે લાભદાયી રહ્યો છે. તેના કારણે (૧) ગિરનાર ઉદ્ધાર રાસ (કાશ્મીરથી ગિરનાર) (૨) પુણ્યપાળરાસ (૩) મદનકુમારરાસ (૪) ગજસુકુમારચોપઇ (ઉપર મુજબની ચાર હસ્તપ્રતની ગાથાનો શબ્દાનુવાદ કલિકુંડતીર્થોદ્ધારક પ.પૂ. શ્રીરાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. સમુદાયના વિદ્વાન સાધ્વીજી શ્રી વિરાગરસાશ્રીજી અને સાધ્વીજી શ્રી ધૈર્યરસાશ્રીજીને આભારી છે.) કર્યા આ પ્રમાણે પ્રયત્ન કરતાં કરતાં કંઈક ફાવટ આવી.

તે પહેલા અનેક હસ્તપ્રતનું લિપ્યંતર કર્યું, લિપ્યંતર પૂર્ણ થયા પછી કોઇ વિદ્વાનને બતાવું ત્યારે રસ લઇ નિહાળે જરુરી સૂચનાઓ આપે મારો રસ જળવાઇ રહે તેવા પ્રયત્નો કરતાં કહે, આ ગ્રંથ પ્રકટ થઇ ગયો છે ત્યારે ઉત્સાહ ઓસરવા લાગ્યો છે તેવું તેઓને જણાય કે તુરંત કહે, મંહેનત માથે પડી તેમ ન વિચારવું આ સમયે તમને હસ્તપ્રતનું લિપ્યંતર કરતાં કરતાં પરોક્ષ રીતે પૂર્વાચાર્યોની કૃતિના દર્શન થયા, લહિયાઓના અક્ષર મરોડની જાણકારી પ્રાપ્ત થઇ, લહિયાઓની ક્ષતિઓ જાણવા મળી, ઢાળ-દૂહા-રાગને

જે તે ગાથા સાથે ન ભેળવી દેતાં તેની અલગ લાઇનમાં લેવું આ પ્રમાણે ઘણું જાણવાનું મળ્યું આ રીતે ઘણો અભ્યાસ થયો અને સ્વાધ્યાય થયો તે લાભમાં એમ વિચારવા જણાવે.

અગાઉ ***પુણ્યપાળ રાસ*** શાસ્ત્રસંશોધક આચાર્ય શ્રી ***મુનિચંદ્રસૂરીશ્વરજી*** મ.સા.ની પ્રેરણાથી આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર સુરતથી પ્રકટ થયો છે.

પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૐકારસૂરિજી સમુદાયના શાસ્ત્રસંશોધક વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. મારા જેવા પ્રાથમિક કક્ષાના અભ્યાસુ માટે જ્ઞાનની પરબ સમાન છે. હસ્તપ્રત વિદ્યાના અભ્યાસુઓ માટે ઘણી જ લાગણી ધરાવે છે તેથી તેઓની કૃપાથી આ મદનકુમારરાસ, પુણ્યપાળ રાસ પછી ઘણા ટૂંક સમયમાં પ્રકટ થઇ રહ્યો છે.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મુનિચંદ્રસૂરિજી મ. સા. આશીર્વાદ અને માર્ગદર્શન આપી આ કાર્યમાં જે જે પ્રકારની સહાયતા જોઇતી હોય તે સહર્ષ આપતા રહ્યા છે. જેથી સદાને માટે તેઓનો ખૂબખૂબ ઋણી છું.

કલિકુંડતીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી સમુદાયના સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી, સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજીએ અમારી વિનંતી સ્વીકારીને શબ્દાનુવાદ કરી આપેલ છે.

આ કૃતિમાં 'ચ'ની જગ્યાએ 'છ' નો ઉપયોગ વધારે પ્રમાણમાં થયો છે. પણ વાંચનારને સુગમતા રહે માટે 'છ' નો 'ચ' સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી, સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજીએ સુધારી આપેલ છે. જે 'છ'ની બાજુમાં લગભગ બધી જગ્યાએ કૌંસમાં 'ચ' કરેલ છે.

બંને વિદ્વાન સાધ્વી મ. સા. તરફથી મને જે સહકાર મળતો રહે છે તે કારણે લિપ્યંતરના કાર્યમાં રત રહી શક્યો છું જેથી તેઓનો ઋણી છું.

શ્રુતોપાસિકા સાધ્વી શ્રી ચંદનબાલાશ્રીજીએ આ રાસનું છેલ્લું પ્રૂફ સાદ્યંત વાંચીને શુદ્ધિકરણ કરી આપેલ છે. જેથી તેઓનો પણ આભારી છું.

મારા હસ્તપ્રતના કાર્યમાં જે કાંઇ ક્ષતિ રહી છે તે ક્ષતિ માટે મદનકુમાર રાસના કર્તા શ્રી ચતુરસાગરજીના શબ્દોમાં મારી ભૂલોનો એકરાર કરવો ઠીક લાગે છે.

શ્રી ચતુરસાગરજી આ મદનકુમારરાસમાં ઢાળ ૨૧ ગાથા ૪ અને ૫માં નિચે પ્રમાણે જણાવે છે.

कांइक कवि चतुराई केलवतां ओछो अधिक करी निपायो रे ।
मिथ्या दुकृत मुझ मन होज्यो श्री संघनी साख सूणा यो रे ॥४॥
रास ए शुद्ध अशुद्ध ज कीधो लेई पंडित शुद्ध करजो रे ।
विगर बुद्धिए रचना कीधी वाधें सुजस तिम करजो रे ॥५॥

એક વિદ્યાર્થી અવસ્થાના વ્યક્તિને વિદ્યાભ્યાસમાં સતત આગળ વધતો રાખવા માટે જે જે સહાયતા, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપેલ છે અને આપી રહ્યાં છે તે દરેકનો આ તકે આભાર માનું છું

વિ. સં. ૨૦૭૬
કારતક સુદ-૧૫
તા. ૧૪-૧૧-૨૦૧૯

કિરીટ કે. શાહ.
અમદાવાદ.
(મો.) ૯૫૩૭૧૬૪૫૯૪

કૃતિસારાંશ

મદનકુમાર રાસ શ્રી ચતુરસાગરજીની સુંદર રચના છે. આ કૃતિ શીલ ઉપર લખાયેલ છે. વિ.સં. ૧૭૭૨માં ***સીઓરી*** નગરમાં આ રાસની રચના કરી છે.

રચનાકાર શીલધર્મના મહત્વને ભારપૂર્વક જણાવે છે અને કોઈ પણ પરિસ્થિતિમાં શીલધર્મનું રક્ષણ કરવામાં પાછીપાની કરવી ન જોઈએ તે વિષે સવિસ્તર ૨૧ ઢાળમાં વર્ણન કરેલ છે.

કાશી દેશના ***વારાણસી*** નગરીમાં ધનાઢ્ય શેઠ ***ધનદેવ*** છે જેને ***યશોદા*** નામે પત્ની છે. જે શીલધર્મને દૃઢપણે પાળી રહી છે. આ પતિવ્રતા યશોદાની કૂખે પુત્રરત્નનો જન્મ થયો તેનું નામ ***મદનકુમાર*** રાખવામાં આવ્યું.

મદનકુમાર વયે વધતો જાય છે. પાંચ વર્ષની ઉંમરે નિશાળે ભણવા માટે બેસાડ્યો, જૈન ધર્મના સંસ્કારો મેળવવા માટે ગુરુવર્ય પાસે મોકલવામાં આવતો, જ્યાં શ્રાવકના બધા જ પ્રકારના આચાર અને વ્રત નિયમને શીખ્યો. શાસ્ત્રાર્થ તેના ગૂઢાર્થ તેમજ ગીત-સંગીત અને અન્ય કળાનો જાણકાર થયો.

યુવાન મદનકુમાર કામદેવના અવતાર જેવો શોભી રહ્યો છે. નગરનાં કોઈ ઉત્સવના પ્રસંગે અનેક સ્ત્રી-પુરુષોની નજરમાં આવે છે. પોતાના આવાસના ઝરૂખામાં ઉભેલ મંત્રીની પુત્રી વિચારે છે કે આ કામદેવ સરખો યુવાન મદન મને ભોગવે. કામાંધ યુવતી મદનકુમાર ઝરૂખાની નીચે આવે છે ત્યારે ખોંખારો કરીને ઈશારો કરતાં મદનકુમાર ઉપર જુએ છે. અરે ! શું આ ઈંદ્રાણી છે કે પછી સ્વર્ગની અપ્સરા કે પછી નાગકુમારી છે.

મદનકુમાર અને જયસુંદરીની ચાર આંખો મળતાં એક બીજાના હૃદયમાં વસી ગયા કુમારને જયસુંદરી પૂછે છે આપ કોના પુત્ર છો ત્યારે મદન કહે છે ધનદેવ અને યશોદા મારા માતા-પિતા છે. આ પ્રમાણે કહી મદનકુમાર ચાલવા લાગ્યો ત્યારે મંત્રી પુત્રી જયસુંદરી રાત્રે મળવાનું આમંત્રણ આપે છે.

રાત્રીના સમયે લપાતો-છુપાતો મદનકુમાર યુવતીના આવાસે આવી એક બાજુ ઊભો રહ્યો ત્યારે જયસુંદરી પ્રેમથી આવકારતાં મઘમઘતા ફુલોની પથારીમાં બેસવા આગ્રહ કરે છે.

આ સમયે જયસુંદરી વિચારે છે કે, કામદેવના અવતાર સમો જણાતો મદનકુમાર પૂર્ણપુરુષ છે કે નપુંસક આવું વિચારતાં પણ મને શરમ આવે છે, આજે તો મદનકુમારને મોઢા મોઢ કહેવું છે કે, મને ભોગવી મારી મનોકામના પૂર્ણ કરો.

જયસુંદરી કામાસક્ત થઈ ભાન ભૂલી કામેચ્છા બતાવી રહી છે ત્યારે શીલવ્રતમાં દૃઢ એવો મદનકુમાર કહે છે મહાજનની સાક્ષીએ હું લગ્ન કરીશ તે મારી પત્ની થશે તે સિવાય બીજી બધી સ્ત્રી મા-બેન માનીશ આ મારો સંકલ્પ છે.

મદનકુમાર જયસુંદરીના અતિઆગ્રહથી પાંચ-સાત દિવસ દરરોજ ત્યાં જતો પણ મદનકુમાર મચક આપતો નથી જયસુંદરીની કામેચ્છા પૂર્ણ ન થવાથી જયસુંદરીએ ઘણા જ પ્રયત્નો કરી જોયા. છ મહિના પસાર થઈ ગયા પણ અડગ મનનો મદનકુમાર સમાગમની વાત સ્વીકારતો નથી.

એક સમયે વારાણસીનો રાજા ***અજિતસેન*** રાત્રીના સમયે નગરચર્યા કરવા નીકળી પડ્યો. તે સમયે મદનકુમાર જયસુંદરીના આવાસ પાસે આવતા સુંદરીએ ઈશારાથી દોરડું બતાવ્યું. મદન મહેલમાં પહોંચ્યો. પાછળ પાછળ રાજા પણ મહેલમાં દાખલ થયો.

રાજા મનમાં વિચારી રહ્યો છે કે આ યુવક કોણ હશે ? કુમારની માહિતી મેળવવી પડશે. આ યુવક કોઈને ઠગવામાં ઉત્સાદ લાગે છે. તે જયસુંદરીથી છેતરાય તેવો જણાતો નથી કે પોતાની જાતને પ્રગટ કરે તેવું પણ લાગતું નથી. રાજાઅજિતસેન જયસુંદરી અને મદનકુમારની હકીકત જાણવા પ્રયત્ન કરવા લાગ્યો. રાજાએ સતત છ મહિના સુધી અવલોકન કર્યું પણ મદનકુમારની વર્તણુંક ખરાબ કે અશોભનીય જણાતી નથી.

દેખાવે સુંદર, શરીરે પુષ્ટ, આંખોમાં માદકતા ભરી નજર સામે સ્વરૂપવાન યુવતી ઊભી હોય પોતાની કામુકતા જણાવતી હોય ત્યારે ભલભલાના હૈયા હાથમાં ન રહે. પછી તે ભલે વૈરાગી કે બ્રહ્મનિષ્ઠ હોય.

મદનકુમારને સ્ત્રી હાથવગી છે. તો પણ મદનકુમાર શીલવ્રતનો અઠંગ ઉપાસક રહ્યો છે. તે જાણીને રાજા મદનકુમારના અવતારને ધન્ય માને છે. આ માણસ સ્ત્રીના બાહુપાશમાં જકડાય જાય તેવો નથી લાગતો. કોઈક જુદા જ પ્રકારનો અતિશય શક્તિશાળી અને પુરુષોમાં સર્વોત્તમ જણાય છે. પોતાના શીલવ્રત અંગે સભાન એવા મદનકુમારની કથા આલેખતા ***શ્રીચતુરસાગરજી પોતાની સાધુમર્યાદામાં સભાન છે. પણ કથાને લગતા વિષયોને આલેખવા માટે જે જે રસનો (શ્રૃંગારરસ) ઉપયોગ કરવો પડ્યો તે કથાને પુષ્ટ કરવા-રસીક કરવા જ સભાનપણે શબ્દ પ્રયોગો કર્યા છે. તેનું પણ તેઓને ભારોભાર દુઃખ છે.***

કવિ કહે છે નિર્દોષને માથે પણ દુઃખ પડ્યું ! તે દુઃખને હળવું કરવા હવે આગળ શીલવ્રત અંગે ઘણી સારી વાત કરતા જણાવે છે કે,

જયસુંદરીના આવાસેથી મદનકુમાર પોતાના આવાસે જવા માટે નીકળે છે. રસ્તામાં રાજા તેને પકડે છે. રાજા પૂછે છે તું કોણ છે ? કોનો પુત્ર છે ? અને બીજાના ઘરમાં રાત્રીના સમયે શા માટે જાય છે ? મદનકુમાર જવાબ આપતા કહે છે કે, સુંદરીના બે-ચાર વખત બોલાવવાથી અતિઆગ્રહવશ હું તેના આવાસે ગયો હતો તેથી આજે હું આપની પાસે શકમંદ બન્યો છું. બાકી હું કોઈ ચોર નથી કે ગુનેગાર નથી.

મદનકુમાર અગ્નિપરીક્ષામાંથી સાંગોપાંગ પસાર થઈ જતા મદનકુમારના શીલવ્રતમાં કોઈ શંકા ન હોવાના કારણે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ રાજા અત્યંત આનંદમાં આવી ગયા. તેઓએ સેવકોને આજ્ઞા કરી કે વાજિંત્રો અને ઢોલનગારાના ગગનભેદી નારાઓ સાથે નગરમાં વિજયધ્વજ ફરકાવવો.

વારાણસીનગરીના રાજા અજિતસેન વૃદ્ધાવસ્થા પામ્ય છે, પોતાનું વિશાળ રાજ્ય સંભાળી શકે તેવું કોઇ નથી માટે મદનકુમારને રાજયધુરા સંભાળવા યોગ્ય જાણ્યો અને મદનકુમારને સમગ્ર રાજ્ય કારોબાર સોંપી નિવૃત થયા.

રાજા અજિતસેન, મંત્રી બુદ્ધિસાર તેમજ મદનકુમારના પિતા ધનદેવ અને માતા યશોદાએ સંયમ અંગીકાર કર્યો.

એક સમયે વનપાળ આવી મદનરાજવીને સમાચાર આપે છે કે, આપણા ઉદ્યાનમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંત પધાર્યા છે તે જાણી મુનિસુવ્રતસ્વામીને વાંદવા માટે મદનરાજવી ચતુરંગી સેના લઈ પરિવાર સાથે શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે ત્યાં ગયા.

ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરે છે. ભૂમિશુદ્ધિ કરી બેસે છે. મુનિસુવ્રતસ્વામી માનવભવમાં ઉપકારક એવો ઉપદેશ આપે છે કે, આ અસ્થિર સંસારમાં કોઈ કોઈનું સગુ નથી, સ્વાર્થ હોય ત્યાં સુધી આદર-સત્કાર મળે છે. યૌવન પણ ચંચળ છે, સંપત્તિ પણ નાશવંત છે આ બધુ દિવાસ્વપ્ન જેવું છે.

મુનિસુવ્રતસ્વામીની વૈરાગ્યસભર વાણી સાંભળી મદનરાય પૂજ્યશ્રીને વિનંતી કરે છે કે હે ભગવંત ! મને દીક્ષા પ્રદાન કરો. સમગ્ર પરિવારની અનુમતિ લઈ પોતાના યુવરાજને રાજ્યગાદી સોંપી મદનરાય અને જયસુંદરી તેમજ દેવદત્ત સાથે અઠ્યોતેર પુરુષોએ દીક્ષા લીધી અને મદનરાયના પરિવારે મહામહોત્સવપૂર્વક દીક્ષાનો પ્રસંગ ઉજવ્યો.

મદનમુનિ પોતાના જીવનમાં સમતાને ધારણ કરી નિરસ આહાર લઈ ઉદરપોષણ કરતા સાધુજીવન પસાર કરવા લાગ્યા.

મદનમુનિ શુભ દિવસે શુક્લધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા. સો વર્ષનું ચારિત્ર ધર્મનું આરાધન કરી મિત્ર દેવદત્ત મુનિ, જયસુંદરી સાધ્વી સાથે મદનમુનિ દેવલોકના અનુત્તર વિમાન દ્વારા મહાવિદેહમાં ઉત્પન્ન થઈ સિદ્ધશિલાએ પહોંચ્યા.

●●●

॥५६०॥ श्री ऋषभजिनाधाय नमो नमः॥ सकलपंडितोत्तमपंडितश्री
५ श्री कुंअरसागरगणि शिष्यपंडित श्री ५ श्री जयसागरगणि गुरुभ्यो
नमो नमः॥ नाभि नरवंद निधी सपजे मरुदेवी मात मल्हार प्रणमुं तेहना
वे सदा ऋषभ जिन जगआधार १ गोतम आदे गणधर वली चोवीस वे
कर जोडि मूष्म नपटोधर वीरनो आनंद अपार तणि वे जोडि २ गज
गामिनी हंसवाहनी सारद चित प्रसन्न वचनरस आपई मातजी साच
जिन नाम नरहाई प्रसन्न ३ नेमसागर मुरुसेवतां गुणश्री सद्गुरु
राज पदयुगल तेहना सेवधी पामी जइ ज्ञाननो राज ४ एचार मंगल
करे मद्दिरणई मराराज ज्ञानवेल विस्तारयो प्रमाण चढे चढइ मुक
काज ५ कासुप्रसन तउद इसदा पचार प्रणमी जोइ नित्यमेव कहिसुं
रास अति सुंदरु शील अधिकार सूविनोस द शील सुख संपति मले
शील पामे राज शील सेवो भविजनो सारो वछित काज ७ शील प्र
कीजे सुख उलो मदन भ्रमर जय सुंदरी नार तेहनो जस जग विस्तस्यो
कीरति को अपार ८ मदन भ्रमर मित्र अति चलो देवदत्त काय पवि

प्रा. श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
आ. क. १२०६४

न श्री नंनोएद निएदषवी वांभ्रमाम ग्रण्पत ८ दाव ५ ॐ जंबूद्वीपमे च
रतन ग्रतिसलो लाष जोयण ग्रपारो रे तेहमध्ये जेरतन ग्रति नलो पांचसा
जो युण वि सारोरे १ जं० छवीस जोयण ठकलावली तेहमां ग्रषभ ग्रति
दीपेरे विचे वैताढ्य ग्रावीवली ग्रणर षम विद बिग्रापेरे २ जं० बत्रीसदे
सदेसद जायजो सादापचवीस ग्रारिज जाणोरे वैताढ्य परि जिनबिंब
नहिं तिहां सवि स्त्रेब्रपि जाणोरे जं० ३ वैताढ्य ग्रगत्रणपषभ वे तेहदक्ष
णार्द्ध भरत विचारोरे तिहां मध्यषंड जिन जीनमी ग्रा लेई संयम काजमध्य
रोरे जं० ४ ग्रपरदेस ग्ररवदीनी सिमेजन सिषर बिजमे जाणोरे वीसनि चंद
रसिवपुर लद्दा तेजिन वाद्रि बितमे ग्राणोरे ५ जं० ग्रनेकदेस ग्ररवद्रि
तो पिणमगध वषाणोरे तिणदेसमे मरपम त्तबुक रानगृहि दील ग्राणोरे
जं० ६ स्वर्गपुरी लंका द्वुकी तेहथी ग्रधिकी पैरे सकु नगरी मे ग्रतिसकरू
चोरासि बाजार ग्रतिदीपइरे जं० ७ ॥ विद्याविवुद्धरी उत्तम वसे पालेनिज नि
न धर्मेरे ८ कोकेहवि नियानवि करे बांछित विकथा मर्मोरे जं० ॥ ८ ॥ जैन श्राव
कयतिनिहां वैठउपदेस सुधारसवाणिरे चउरसागर कदेस सही पहिति

नपाटें श्रीविजय रत्नसूरीसवाय्यारे में१७ तपगछमा हिमरवें पञ्चावनेम
पाटें श्रीवृद्धिसाग रसूरीरायारे तेहनिपरंपराचो थेपाटें श्रीविद्यासाग
रववकायारे ७ में तेहनेपाटें शिष्यअनोपम। जा जे श्रीधर्मसागर
भावककरी गा या रे श्रीहीरविजयसूरी ना या देराधी कल्प
किरणावलीक री गुंथनिपायार में१७ फ्नि स पद्मसागरविबु
धबुधराजें जित्या फिगंबरप्रतिस री हरायारे त सवरणाबुजसेवक
अंतेवासी श्रीकल्याणसागरस्त्कज या रे में१९ तेहनेपाटेंदिवाकरसूने
पम विबुधउत्तम सागरगुरुराया। जे दुनीकिरति जगविख्यातसेवे
सुरनरराणारा या रे२० में तसपद सेवकज्ञ स मावकें कवि
विजरसाग र गु णगायारे रासरमाधरीस न ल सेतसघर
मंगलत्रायारे। में २१ पाटणवरसर्व लोकुनांगमजतो पि णम्हूपवेसी
तरीसवाईनटेस रीनगरजिर राजनकरे बेतिराधर्मी आवकसंपद।
रीरे में२२ सीउरीनासीघजागहत्वी रासकरी मेंएहनिपायारे जिहांलगी



कृति परिचय

મદનકુમાર રાસ નામની કૃતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર, કોબા, ગાંધીનગર, અમદાવાદ જ્ઞાનભંડારમાં ૧૧૦૬૪ નંબરથી નોંધાયેલ છે. જે મને સંસ્થાના સહકારથી પ્રાપ્ત થઈ છે. આ કૃતિ શ્રી ઉત્તમસાગરજીના શિષ્ય શ્રી ચતુરસાગરજીએ પોતાની ચતુરદષ્ટિથી સારભાગ તારવી ''ઉપદેશકોશ'' ગ્રન્થના આધારે આ મદનકુમારરાસની રચના કરી છે.

શ્રી ચતુરસાગરજીના શિષ્ય શ્રી લાભસાગરજીના શિષ્ય શ્રી વિશેષસાગરજીએ ***રત્ન***ગરે વિ.સં. ***૧૭૮૦***માં પારકર દેશના ***ભૂધર*** નગરે શ્રી ઋષભદેવના પ્રાસાદની સાન્નિધ્યમાં શાહ હરિદાસના પુત્ર વાલાના સ્વાધ્યાય અર્થે પ્રતિલિપિ કરી છે. મદનકુમાર રાસ ગ્રન્થાગ્રે ગ્રન્થ ૩૦૦૬૦ છે.

શ્રીવિજયપ્રભસૂરિજીની પાટપરંપરામાં ચોથી પાટે શ્રીવિદ્યાસાગરજી ઉપાધ્યાય થયા. તેઓના શિષ્ય શ્રીધર્મસાગરજી પાઠક થયા. તેઓએ શ્રી હીરવિજયસૂરિજીની આજ્ઞાથી કલ્પકિરણાવલી નામના ગ્રંથની રચના કરી હતી. તેમની જ પરંપરામાં તર્કશિરોમણિ શ્રી પદ્મસાગર થયા. તેઓએ વાદ કરીને દિગંબરાચાર્યને હરાવ્યા હતા. તેમના ચરણોપાસક શ્રીકુલસાગર ઉપાધ્યાય તેઓની પાટે સૂર્યસમાન દીપતા પ્રજ્ઞાવાન ઉપાધ્યાય શ્રીઉત્તમસાગર થયા તેઓના ચરણસેવક શ્રીચતુરસાગજીએ આ રાસની એકવીસ ઢાળમાં રચના પાટણવાર દેશના મુખ્ય શહેર સીઓરી નગરના (સિહોરી તા. કાંકરેજ જિ. બનાસકાંઠા) સંઘની વિનંતીથી ભટેસરીઆનાં રાજ્યમાં કરી છે.

કૃતિમાં અક્ષરો મોટા, સુવાચ્ય અને પ્રત ફુલ્લિકાયુક્ત છે. પ્રશસ્તિ વિસ્તારથી આપેલ છે. મોટા અક્ષરોવાળી હસ્તપ્રત કરતાં બીજી વિ.સં. ૧૭૯૦માં ધમડકા નગરે પ્રતિલિપિ થયેલ હસ્તપ્રત મને વિ. સં. ૨૦૭૬માં લિપ્યંતર કરવામાં બહુ જ ઉપયોગી થઈ છે.

વિ.સં. ૧૭૯૦માં ધમડકા નગરે પ્રતિલિપિ થયેલ હસ્તપ્રત આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર કોબા ગાંધીનગર-અમદાવાદ જ્ઞાનભંડારમાં ૧૩૮૧૬ નંબરથી નોંધાયલ છે જે સંસ્થાની ઉદારતાથી પ્રાપ્ત થઈ છે.

મદનકુમાર રાસની બંને હસ્તપ્રત આપવા બદલ આચાર્ય શ્રી કૈલાસ-સાગરસૂરિજી જ્ઞાનમંદિર કોબા જ્ઞાનભંડારનાં કાર્યવાહકોનો આભારી છું.

● ● ●

श्री ऋषभदेवाय नमः

सकल पंडितोत्तम पंडित श्री ४९, श्री चतुरसागरगणिशिष्य पंडित
श्री५श्री लालसागरगणिगुरुभ्यो नमो नमः

नामें नवनिधि संपजें, मरुदेवी मात मल्हार ।
प्रणमुं तेह भावें सदा, तुं वल्लभ जूग आधार ॥ १॥

મરુદેવી માતાના પુત્ર એવા શ્રી ઋષભદેવ જે જગતના આધાર છે તેઓને ભાવથી પ્રણમુ છું જેઓની કૃપાથી નવનિધિ પ્રાપ્ત થાય. ।।૧।।

गौतम आदें गणधर वली, भेटीश बे करजोडि ।
मुख्य पटोधर वीरनो, भ्रात ईग्यार तणी छे जोडि ॥ २॥

શ્રી મહાવીરસ્વામીના પ્રથમ પટ્ટધર શ્રી ગૌતમસ્વામી સાથે સાથે તેઓના અગિયાર શિષ્યને બે હાથ જોડીને નમન કરું છું. ।।૨।।

गजगामिनी हंसवाहिनि, सारद थई प्रसन्न ।
वचन रस आपई मातजी, सांभलतां मन होई प्रसन्न ॥ ३॥

હંસ જેઓનું વહન છે તે સરસ્વતી દેવી મારી ઉપર પ્રસન્ન થઈ છે તેના કારણે જ વચનરસ પ્રાપ્ત થયેલ છે તેના પ્રતાપે મન પ્રસન્ન રહેલ છે. ।।૩।।

उत्तमसागर गुरु सोभता, गुण गीरुआ गुरुराज ।
पदयुगल तेहना सेवथी, पामी जे ज्ञाननो राज ॥ ४॥

ગુણના ભંડાર સમા ગુરુવર્યશ્રી ઉત્તમસાગરજીના ચરણોમાં રહીને તેઓની સેવાના પ્રતાપે શાસ્ત્રોના રહસ્યોને પામવા શક્તિશાળી બન્યો છું.।૪।

ए च्यारे मुझ उपरें, महिर थई माहाराज ।
ज्ञानवेल विस्तारजो, प्रमाण चढइं मुझ काज ॥ ५॥

શ્રી ઋષભદેવ શ્રી મહાવીરસ્વામી પરમાત્મા તેમજ શ્રી ગુરુ ગૌતમ શ્રી સરસ્વતી દેવી અને જેઓના ચરણ સ્પર્શથી હું કંઈક પામી શક્યો છું તેઓનો જ પ્રતાપ છે તેઓની જ મારા ઉપર મોટી મહેરબાની છે. તેથી મારી જ્ઞાનરૂપી વેલને વિસ્તારી છે. ।।૫।।

कास्यप सुत उदये सदा, ए च्यारे प्रणमी जे नित्यमेव ।
कहिस्युं रास अति सुंदरुं, शील अधिकार सुविशेस ॥ ६॥

કાસ્યપ ગોત્રીય ઋષભદેવની કૃપા (દયા) તો સદા છે જ તેથી એ ચારેને નિત્ય પ્રણામ કરીને આ અતિસુંદર મદનકુમાર રાસ જે વિશેષ રૂપે શીલ અધિકારને આલેખતો રાસ છે તે હવે કહીશું. ।।૬।।

शीलें सुख संपति मलें, शीलें पामें राज ।
शील सेवो तुम्हे भविजनो, सारो वंछित काज ॥ ७॥

હે ભવ્યજનો ! જો મનુષ્ય શીલ ધર્મને સંપૂર્ણ રીતે અનુસરે તો સુખ-સંપત્તિ પ્રાપ્ત થાય તેમજ રાજ પણ મળે અને શીલની ચાહના-ઈચ્છા રાખો તો દરેક પ્રકારના ઈચ્છિત કાર્યો પાર પડે છે. ।।૭।।

शील थकी जे सुख लह्यो, मदनकुमर जयसूंदरी नार ।
तेहनो जस जग विस्तर्यो, कीरति वाध्यो अपार ॥ ८॥

આવો પ્રકારના શીલધર્મ થકી મદનકુમાર અને જયસુંદરી જીવનમાં સુખને પામ્યા.આ શીલના પ્રતાપે મદનકુમાર તથા જયસુંદરી પોતાના જીવનમાં અપાર કીર્તિને પામ્યા તથા તેઓનો જશ દુનિયામાં પ્રસાર પામ્યો. ।।૮।।

मदनकुमार मित्र अति भलो, देवदत्त कायथ विख्यात ।
प्रीत तो एहनि एह खरी, वाधें माम अख्यात ॥ ९॥

જાણે કે દેહથી જુદા મન બંનેના એક એવો દેવદત્ત નામે મદનકુમારનો મિત્ર જે અતિ ભલો હતો તેના કારણે તેની ઉપર ઘણો પ્રેમ હતો. ।।૯।।

ढाल १.

जंबूद्वीप में भरत अति भलो, लाख जोयण अपारो रे ।
तेह मध्ये भरत अति भलो, पांचसें जोयण विस्तारो रे ॥ १॥ जंबू.

छवीस जोयण छ कला वली, तेहमां छ खंड अति दीपें रे,
विचैं वैताढ्य आव्यो वली, त्रण त्रण खंड विहचि आपे रे ॥२॥ जंबू.

એક લાખ યોજનનાં જંબૂદ્વીપમાં સુંદર એવો ભરતખંડ છે, તે ભરતક્ષેત્ર પાંચસો યોજનથી અધિક વિસ્તારવાળું અપાર સમૃદ્ધિવાળું છે.

પાંચસો છવ્વીસ યોજન અને છ કળા વિસ્તારવાળા ભરતક્ષેત્રમાં છ ખંડો શોભી રહ્યા છે તેની વચ્ચે વૈતાઢ્યપર્વત આવેલ છે જે ત્રણ-ત્રણ ખંડને અલગ વહેંચી આપે છે. ॥૧-૨॥

छत्रीस सहस्स देसह जाणजो, साढापंचवीस आरिज जांणो रे,
वैताढ्य परिं जिन विचरे नहिं, तिहां सवि म्लेछ पिछाणो रे ॥३॥ जंबू.

છત્રીસ હજાર દેશ છે તેમાં સાડાપચ્ચીસ આર્યદેશ જાણવા પણ વૈતાઢ્યપર્વત ઉપર જિન વિચરતા નથી ત્યાં બધા જ મ્લેચ્છો તરીકે ઓળખાય છે. ॥૩॥

वैताढ्यअरा त्रण्य खंड छें, तेह दक्षणार्द्ध भरत विचारो रे,
तिहां मध्यखंडे जिनजी जनमीआ,लेई संयम काज सुधारो रे॥४॥ जंबू.

વૈતાઢ્ય પર્વતના બીજા વિભાગમાં ત્રણ ખંડ છે તેમાં દક્ષિણાર્ધે ભરતદેશ આવેલ છે. જેના મધ્યખંડમાં પરમાત્માએ જન્મ લીધો તેથી સંયમમાર્ગ ચાલુ થયો. ॥૪॥

अपूरव देस पूरव दीशिं, सिमेतसिखर पिछांणो रे,
वीस तीर्थंकर सिवपुर लह्या,ते जिन वांदिं चितमें आणो रे ॥५॥ जंबू.

અસાધારણ-અપૂર્વ દેશ તેની પૂર્વ દિશાએ.સમેતશિખર છે તે જાણો આ સમેતશિખર ઉપર વીસ તીર્થંકર શિવપુર (મોક્ષે) પધાર્યા છે તે .વીસ તીર્થંકરોને મન-મસ્તિકમાં ધ્યાનપૂર્વક રાખીને વંદન કરો. ॥૫॥

अनेक देस पूरव दिशे ते मध्य मगध वखाणुं रे,
तिण देसमें पुर-पत्तन्न बहु, राजगृहि दील आणुं रे ॥ ६॥ जंबू.

પૂર્વ દિશામાં અનેક દેશો આવેલા છે. તે મધ્યે મગધદેશ વખાણવા લાયક છે અને તે દેશમાં નગર-ગામો ઘણા આવેલા છે, તેમાં રાજગૃહીનગર દિલમાં વસી જાય તેવું છે. ॥૬॥

स्वर्गपूरी लंका थकी, तेहथी अति जीपें रे,

सहु नगरीमें अति सुंदरुं, चोरासि बाजार अति दीपें रे ॥ ७॥ जंबू.

સ્વર્ગપુરી લંકાનગરી કરતાં પણ વધારે રાજગૃહીનગરી બધાના મનને જીતી લેનાર છે તેમજ બધી નગરીમાં રાજગૃહી ઘણી સુંદર છે ત્યાં ચોરાશી બજારનો વાવટો ઘણો શોભી રહ્યો છે. ।।૭।।

तिहां विवहारी उत्तम वसें, पालें निज निज धर्मो रे,

को केहनि नंद्या नवि करें, छांडे विकथा मर्मो रे ॥ ८॥ जंबू.

આ રાજગૃહીનગરીમાં ઉત્તમ એવા વેપારીઓ રહે છે. એ વેપારીઓ પોતપોતાના ધર્મની રોજ આરાધના કરે છે. કોઈ વ્યક્તિ કોઈની નિંદા ક્લેશ કરતા નથી અને રાજગૃહીના લોકો વિકથા જાણતા નથી. ।।૮।।

जैन श्रावक यति तिहां द्यें, उपदेश सुधारस वाणि रे,

चतुरसागर कहें सही, पहिली ढाल एह वखाणि रे ॥ ९॥ जंबू.

જૈનધર્મી લોકોને મુનિરાજ ઉપદેશરૂપી અમૃતનું પાન કરાવે છે, આ ઢાળના વખાણ કરતાં રાસના કર્તા ચતુરસાગર પહેલી ઢાળ પૂર્ણ કરે છે. ।।૯।।

दुहा

राजग्रही रलीआमणी, अधिपति श्रेणिक नरेस,

ख्या(क्षा)यक समकितनो धणि तीर्थंकर पद लहेस ॥ १॥

આ રાજગૃહી ઘણી રળિયામણી છે, નગરીના રાજા શ્રેણિક છે. ક્ષાયકસમકિતને વરેલ શ્રેણિળરાજા તીર્થંકર પદને પ્રાપ્ત કરશે. ।।૧।।

भंभसार सुत अती सुंदरु, नामें अभयकुमार,

मंत्रीसर पण जाणजो, च्यार बुद्धीनो भरतार ॥ २॥

શ્રેણિકરાયને અભયકુમાર નામે અતિસુંદર પુત્ર છે જે ચાર પ્રકારની બુદ્ધિનો ભંડાર હોવાથી રાજ્યનો મંત્રી પણ છે. ।।૨।।

बहुली राणि तेहनें, गणतां नावें पार,

रति परें ओपें चेलणा सुनिजर स्युं रायनुं मांन ॥ ३॥

શ્રેણિકરાજાને એટલી બધી રાણીઓ છે કે તેને ગણતા પાર આવે તેમ

નથી. તેમાં સ્વર્ગની અપ્સરા સરખી ચેલણા નામે પત્ની છે, દેવરાજની જેમ શ્રેણિકરાજા ચેલણાનું માન સાચવતા. ।।૩।।

दौगंधी(दि)क परिं सुख भोगवें, मोहन खेलें निसदिस,
प्रजा उपरि हित घणो, न करें प्रजानें रीस ॥ ४॥

શ્રેણિક રાજા દૌગંદક દેવ જેવું સુખ ભોગવે છે. પ્રજા ઉપર ઘણું હેત વરસાવે છે અને આનંદમાં દિવસો પસાર કરતાં પ્રજાને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાય તેનું ધ્યાન રાખે છે. ।।૪।।

एक दिन सभा बेठा थका, वनपालक आव्यो तांम,
वीर जिणंद समोसरा उद्यान राजग्रही गांम ॥ ५॥

એક સમયે રાજ્યસભામાં બધા બેઠા છે તે સમયે વનરક્ષકે આવીને રાજાને (શ્રેણિકને) સમાચાર આપ્યા કે રાજગૃહીનગરીના ઉદ્યાનમાં મહાવીર પરમાત્મા પધાર્યા છે. ।।૫।।

वनपालक दीधी वधामणी तेहनें आपें लाख पसाय,
चतुरंगि सेना सज करी, वंदन चाल्यो राय ॥ ६॥

પરમાત્મા મહાવીરસ્વામી પધાર્યાના સમાચાર વનપાલકના મોઢેથી સાંભળતાની સાથે શ્રેણિકરાજાએ વનપાલકને લાખ સોનામહોર આપી અને પોતાની ચતુરંગી સેના સાથે વીરપરમાત્માને વંદન કરવા ચાલ્યો. ।।૬।।

श्रेणिक नृपवर सिंहलो, कहें भेटिस हर्षे आज,
कर्णकचोला पावन करुं, तरवा भवोदधि पाज ॥ ७॥

સિંહ જેવો પરાક્રમી શ્રેણિકરાજા હર્ષભેર મહાવીરપરમાત્માને ભેટવા ચાલ્યો. રાજમાર્ગે ચલતા રાજા પોતાને ધન્ય માનતા વિચારે છે કે આજે તો પરમાત્માની વાણી સાંભળીને મારા કાનને પવિત્ર કરીશ અને તે વાણીના શ્રવણ દ્વારા ભવસાગરને તરી જવાશે. ।।૭।।

त्रिगडु रच्यु छैं तिहां किण, त्रिण प्रदक्षणा देह,
पांच अभिगम साचवी बेसें, निर्विष थानिक जेह ॥ ८॥

१. पांच अभिगम=ખડ્ગ, છત્ર, મોજડી, મુગટ, ચામર એ પાંચ રાજચિહ્નો.

ઈન્દ્રોએ સમવસરણની સ્થાપના કરી છે. જ્યાં પરમાત્મા બિરાજમાન છે તે સમવસરણને વિનયપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈ પાંચ અભિગમ પાળીને તે ઉચિતસ્થાને બેઠા. ॥૮॥

मधुरी भाषा उपदिशें, बेंठी परषदा बार,
धर्म करो तुमे प्राणिया, उघडे मुक्तिना द्वार ॥ ९॥

વીરપરમાત્મા પર્ષદામાં મધુરી વાણીમાં ધર્મદેશના આપે છે. હે પ્રાણીઓ ! તમે સુવિશુદ્ધ ધર્મનું આચરણ કરો. જેના દ્વારા મુક્તિના મંગલ દ્વાર ઉઘડશે. ॥૯॥

ढाल

द्ये उपदेस मधुरी भाषा, बेंठी परषदा आगें हो,
दुल्लभ मानव अवतार, धर्म करो तुम्हें रागें हो. द्ये० ॥ १॥

વીરપ્રભુ સમવસરણમાં બિરાજી માલકોશ રાગમાં ઉપસ્થિત સભાને મધુરી ભાષામાં ધર્મદેશના આપતા જણાવે છે કે, દુલ્લભ એવો મનુષ્ય અવતાર મળ્યો છે ત્યારે તમે ધર્મનું આચરણ કરો. ॥૧॥

तन धन यौवन अथीर, संसार सुहिणा परि प्रेम हो,
आयु डाभ अणि जलबिंदु चित्त, चेतो नर चढो नेम हो. द्ये. ॥ २॥

હે ભવ્યજીવો ! આ શરીર-પૈસો-યૌવન અસ્થિર છે અને આયુષ્ય ઘાસના તણખલા ઉપર રહેલ જળબિંદુ સમાન છે તેથી ચેતી જાવ અને ધર્મના નિયમોનું પાલન કરો. ॥૨॥

च्यार प्रकारें धर्म प्रकासे, दान शीयल तप भावन हो,
तो पिण नववार्डि शीयल वखाणु, धर्मे शील प्रधान हो. द्ये. ॥ ३॥

વીરપરમાત્માએ દેશનામાં દાન-શીલ-તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મનું આલંબન લેવા જણાવ્યું તેમાં પણ નવવાડ યુક્ત શીલધર્મ વખાણવા લાયક પ્રધાનપણે છે. ॥૩॥

तव गौतम फीर फीरनें पूछैं, सांभलवा मन कोडि हो,
नववाडि केहनें कहीइं, श्रेणीक सूणे बे कर जोडि हो. द्ये. ॥ ४॥

१. नेम=*નિયમ.*

ગૌતમગણધર વારે વારે ઉમંગથી વીરપ્રભુને નવવાડ કઈ કઈ છે તે જાણવા પૂછે છે ત્યારે શ્રેણિક રાજા ઉત્કંઠાપૂર્વક બે હાથ જોડી શાંત ચિત્તે સાંભળે છે. ॥૪॥

वसती सुद्ध तिहांकिण वसइं, स्त्री पसु पंडग अलगा हो,
पहिलि वाडि एह कहें वाणि, पाप तेहथी रहें अलगा हो. द्यो. ॥ ५ ॥

વીરપરમાત્મા શ્રી ગૌતમગણધરના પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે, જે જગ્યાએ શુદ્ધ અને નિર્મળ માનવ સમુદાય વસવાટ કરતો હોય ત્યાં રહેવું જોઈએ. જ્યાં વેશ્યા એકાંતમાં રહેતી હોય, જ્યાં પશુઓનો વિશેષ વસવાટ હોય અને જ્યાં પંડગ-નપુંસક રહેતા હોય તેઓથી દૂર રહેવું. આ પ્રમાણે પહેલી વાડને અનુસરીને રહેવાથી પાપથી અળગા રહેવાય છે. ॥૫॥

बीजी वाडि हवें ते जाणो, स्त्री विकथा परिहरइं हो,
देखी स्वरुप चित नवी चलीईं, जिणवर आणा शिरवहीइं हो. द्यो.॥६॥

વીરપરમાત્મા દ્વારા પહેલી વાડનો ઉત્તર સાંભળી બીજી વાડને જાણવા માટે પૂછે છે ત્યારે પરમાત્મા બીજી વાડ માટે જણાવે છે કે, સ્ત્રી અને વિકથાથી દૂર રહેવું. સ્ત્રીનું સૌંદર્ય કે શરીરસૌષ્ઠવ જોઈને ચિત્તથી ચલાયમાન ન થવું આણાને શિરસાવંદ્ય કરવી. ॥૬॥

त्रीजीनो हवें अर्थ विचारो, बे जण एक सिज्झा नवि बेंसइं हो,
ब्रह्मचारी इंद्री नवी जोवे, वाडि चोथी कही एसी हो. द्यो. ॥ ७॥

બે વાડની જાણકારી આપી પરમાત્મા સભાને ત્રીજી વાડ માટે જણાવે છે કે, એક પથારીમાં બે જણે બેસવું નહી (સુવું નહી) અને ચોથી વાડને વિશે પરમાત્મા કહે છે કે, જે બ્રહ્મચારી છે તેઓએ અન્યના અંગોપાંગનુ દર્શન કરવું નહીં. ॥૭॥

पांचमी वाडें वासो न करें, निसूणो परिअचि[1] अंतरि हो,
छट्ठिनो अधिकार जाणो, पूव्व क्रिडा निषेधो अंतर हो. द्यो. ॥ ८॥

---

१. परिअचि=*પડદો, પડદા પાછળ.*

પાંચમી વાડ માટે વીરપ્રભુ કહે છે કે, સ્ત્રી-પુરૂષ સુતા હોય અગર કામ ભોગની વાત કરતા હોય ત્યાં ભીતના આંતરે (પડદા પાછળ) રહેવું નહીં. અને છટ્ઠી વાડને સમજાવતા પરમાત્મા જણાવે છે કે પૂર્વે કરેલ રતિક્રીડા હંમેશને માટે ભૂલી જવી. ॥૮॥

सातमी न करइं सरस आहार, जेहथी दीपइं कांम विकारज हो,
आठमीइं अति उंणा रहइंवुं, लेखें करवो आहारज हो. द्ये. ॥ ९॥

ગૌતમગણધરના પૂછવાથી પ્રભુ સાતમી વાડ માટે જણાવે છે સ્નિગ્ધ આહાર કરવો નહીં જેથી કામવિકાર પ્રદીપ્ત થાય છે અને આઠમી વાડ માટે કહે છે કે, જરૂરિયાતથી આહાર ઓછો લઈ ઊણા રહી પ્રમાણસર આહાર લેવો.।૯।

नांवण धोवण तन सिणगार, वाड कहि नोमि एसि विचारी हो,
योव(ज)नवाणि अर्थ प्रकासइं, बुझबुझ चित्त विचारी हो.द्ये. ॥१०॥

નવમી વાડ અંગે કહે છે કે, સ્નાન કરવું, કપડા ધોવા અને શરીર શણગાર કરવો તે હિતાવહ નથી. આ પ્રમાણે યોજનગામિની પ્રભુની વાણી સાંભળી ચિત્તમાં વિચારી હે જીવ ! તું બોધ પામ, બોધ પામ. ॥૧૦॥

शीलें उधर्यो मदनकुमार बोल्लइं इंम त्रिसला नंदन हो,
चतुरसागर कहें बीजी ढालें, शील पालें ते नर वंदन हो. द्ये. ॥११॥

વીર પ્રભુ કહે છે કે, શીલધર્મના પાલનથી મદનકુમારનાં જીવનો ઉદ્ધાર થયો. આ કૃતિના કર્તા ચતુરસાગર બીજી ઢાળ પૂર્ણ કરતા જણાવે છે કે, જે મનુષ્ય શીલધર્મનું પાલન કરે છે તેને સદા વંદન હો. ॥૧૧॥

दुहा

भंभसार राजा तिहां पूछैं बैं कर जोड,
मदनकुमर कुण थयो कहो प्रभु मुझ मन कोड ॥ १॥

શ્રેણિકરાજા નતમસ્તકે બે હાથ જોડી વીર પરમાત્માને પૂછે છે કે, હે પ્રભુ! આ મદનકુમાર કોણ છે તે જણાવો. તે જાણવાની મને ઉત્કંઠા છે. ॥૧॥

कवण ज्ञाति कवण नर कवण गाम कुंण देस,
शील पाल्यु किण विधइं प्रबंध कहो लवलेस ॥ २॥

આ મદનકુમાર કોણ છે, કઈ જ્ઞાતિનો છે, તેનો દેશ અને કયું નગર છે, તેણે શીલવ્રત કઈ રીતિએ પાળ્યું તેની વાત પહેલાથી છેલ્લે સુધી કૃપા કરી જણાવો. ॥૨॥

सिद्धारथ सुत उपदिशें कृपा करी जगनाथ,
छांडि प्रमाद तुम्हे सुणौ निद्रा विकथा साथ ॥ ३ ॥

સિદ્ધાર્થરાજાના પુત્ર જગતનાનાથ એવા વીરપરમાત્મા કૃપા કરી જણાવે છે કે, હે શ્રેણિક ! અત્યારે જ તમે પ્રમાદ અને નિદ્રા તજીને મદનકુમારનું વૃત્તાંત બીજી બધી વાત છોડીને સાંભળો. ॥૩॥

कासीदेस वाणारसी नगरी अति अभिराम,
कोशिसां मंदिर झिगमिगे उंचो कोट लही आराम ॥ ४ ॥

કાશીદેશની વારાણસી નગરી આનંદ આપે તેવી અતિ સુંદર છે. આ નગરીના મંદિરો, ઊંચો કોટ અને કાંગરા ઝગમગી રહ્યા છે. તે જાણે ઊંચે આરામ ન કરતા હોય ? તેવું લાગે છે. ॥૪॥

पवन छत्रीसी तिहां किण वसई वसें उच नीच ज्ञाति,
कुलमर्याद नवी चलें न करे केहनी वाती ॥ ५॥

અઢારે આલમ ત્યાં વસે છે, ઊંચ-નીચ દરેક જ્ઞાતિ પોતપોતાની કુળની મર્યાદા લોપતા નથી અને કોઇ કોઇની વાતો (ઇર્ષ્યા) કરતું નથી. ॥૫॥

ઢાલ-३, रंग रमंतो राजीओ -ए देशी

कासी वणारसी अधिपति, अधिपति अजितसेन राजान;
नरेसर सांभलो चालें न्यायैं क(स)दाग्रही
कदाग्रही बुद्धिसार जेहने प्रधान. न० ॥१॥

કાશીદેશના વારાણસીનગરીના રાજા ***અજીતસેન*** રાજ્ય કરી રહ્યા છે હે નરેશર શ્રેણિક ! સાંભળો તે રાજાનું ન્યાયતંત્ર સારું છે પણ મુખ્ય મંત્રી ***બુદ્ધિસાર*** કદાગ્રહી છે. ॥૧॥

ईंणी नगरीमें ईभ्य बहु वसें, वसें सहु ईभ्य में सिरदार;
नामें धनदेव सेठजी, सेठजी धनें धणंद अवतार. न० ॥२॥

આ નગરીમાં ધનાઢ્ય વ્યક્તિઓ ઘણી રહે છે તે ધનાઢ્યોમાં શેઠ ***ધનદેવ*** નામે શિરમોર સરદાર છે. આ શેઠ ધનના ધણી એવા ધનપતિનો અવતાર છે. ।।૨।।

कोडि गमें धन पोते धणी, धणी थल जल वाट व्यापार;
सरल सभावी दातारी घणुं, घणुं निर्बलनें आधार. न० ॥ ३॥

વિપુલ સંપત્તિના સ્વામી એવા ધનદેવશેઠનો વ્યાપાર જળ અને સ્થળમાર્ગે કરોડોના કારોબારથી ચાલે છે આ ધનાઢ્ય શેઠ સરળ સ્વભાવી અને દાનેશ્વરી છે ઘણા દુઃખિયારાના આધાર છે. ।।૩।।

उंचा गृह प्रासाद तोलें, तोलें जाणी देवविमान;
वाणोतर दास दासी बहु, बहु मोटो सेठ रायनुं मान. न० ॥४॥

ધનાઢ્ય શેઠ ધનદેવનો મહેલ ઘણા વિસ્તારવાળો છે જે દેવવિમાન જેમ શોભી રહેલ છે તે શેઠને ત્યાં નોકર-ચાકર, દાસ-દાસી ઘણા છે. શેઠ ધનદેવને રાજ્યમાં ઘણું માનપાન રાજા તરફથી મળે છે. ।।૪।।

पुन्यइं परिघल संपदा भोगवें, भोगवें पुन्यइं यसोदा नार;
रुपें इंद्राणी विद्याधरी, विद्याधरी शीलें सीता अवतार. न० ॥ ५॥

ધનદેવ શેઠ પોતાની પુણ્યાયથી અઢળક સંપત્તિને પ્રાપ્ત કરી ભોગવે છે, પુણ્યથી મળેલ ***યશોદા*** નામની સ્ત્રી છે. યશોદા ઈન્દ્રપુરીની ઈન્દ્રાણી અને વિદ્યાધરી જેવી છે. આ માનુની શીલધર્મને પાળવામાં સતિ સીતાના અવતાર જેવી છે. ।।૫।।

पतिव्रता नारि घणुं, घणुं लज्जा दयालु गुणधाम;
साधु साधवी स्युं रागणी, रागणी वोहरावी जिमईं ठांम. न० ॥ ६॥

ધનદેવની પત્ની ***યશોદા*** પતિવ્રતા સ્ત્રી છે તેમજ લજ્જાળુ અને દયાળુ જેવા અનેકાનેક ગુણોનું સ્થાન છે, આવા અપાર ગુણોને કારણે યશોદા સાધુ-સાધ્વી પ્રત્યે રાગવાળી છે, તે કારણે સુપાત્રદાનનો લાભ લઈને પછી જ પોતે ભોજન કરે છે. ।।૬।।

संसारिक सुख विलसतां, विलसतां उदर वस्यो आधान;
पुरे मासे जनमीओ, जनमीओ पुत्र निधान. न० ॥ ७॥

ધનદેવ શેઠ સાથે સંસારિક સુખ ભોગવી આનંદ માણતી તેના કારણે તે ગર્ભવતી થઈ પુરા મહિને યશોદાએ નવેનિધાનના ભંડારરૂપ પુત્રરત્નને જન્મ આપ્યો. ।।૭।।

वाधो ओच्छव अति घणो, घणो कंकुमना हाथा देवराय;
गीत ग्यान नाटिक बहु, बहु सांझि वलि देवराय. न० ॥ ८॥

વધતા ઉમંગે પરિવારે મોટો જન્મોત્સવ કર્યો, ઘણા હેતથી કંકુના થાપા દેવરાવ્યા. ગીત-ગાન, નાટક-ચેટક સહ સાંજી દેવરાવી. ।।૮।।

पंच धाव स्युं वाधें सही, सही नाम धर्युं मदनकुमार;
पंच वरसनो जब थयो, थयो भणें निसालें कुमार. न० ॥ ९॥

પાંચ ધાવમાતાના ખોળામાં પુત્ર મોટો થયો તેનું નામ ***મદનકુમાર*** રાખવામાં આવ્યું. આ મદન પાંચ વર્ષનો થતાં ભણવા માટે નિશાળે બેસાડ્યો. ।।૯।।

नीसालें भण्यो गण्यो, गण्यो यति पासें वलीय आचार;
द्वादशव्रत श्रावकनां कह्यां, कह्यां सीख्यो पच्चखाण विचार. न०॥१०॥

નિશાળમાં ગુરુજન પાસે ધર્મના આચાર શીખ્યો. જેમાં શ્રાવકના બધી જ પ્રકારના આચારને ભણ્યો. ધર્મના વ્રત-નિયમ શીખ્યો. ।।૧૦।।

त्रीजी ढाल रलीयामणी, रलीयामणी कुमर थयो उछरंग;
चतुरसागरजी इंम कहें, कहें पुन्यें सिवसुख रंग. न० ॥ ११॥

રળીયામણો કુંવર મદન આનંદપૂર્વક મોટો થતો જાય છે. કૃતિના કર્તા ચતુરસાગરજી ઉત્સાહ અને ઉમંગપૂર્વક આ ત્રીજી ઢાળ પૂર્ણ કરતા કહે છે કે મદન ઘણા પુણ્યને કારણે શિવસુખ રંગે-ચંગે પામશે. ।।૧૧।।

दुहा

भणीगणी पोपट थयो चउद विद्यानो सुजाण,
गाहा गूढा गीत गुण संगीत कलानो जाण ॥१॥

કુંવર મદન ચૌદ વિદ્યાને ભણી-ગણીને હોશિયાર થયો તેમજ શાસ્ત્રની ગાથા તેનાં ગુઢાર્થ તેમજ ગીત-સંગીત અને અન્ય કળાનો જાણકાર થયો. ।।૧।।

अन्य कुमर वली तीहां उठिवा लागा जाम,
ताम कुमर प्रतें विनवें ल्यो सुखडी हीत काम ॥ २॥

મદનકુમારની ઉંમરના બીજા કુમારો ત્યાંથી ઉઠવા લાગ્યા, ત્યારે મદન-કુમાર મિત્રોને કહે છે કે, ગુરુ પાસે સારી હિતકારી શિખામણ લઈએ. ॥૨॥

तव कुमर तिहांकिण वदें प्रणमी सिरनामेंह,
प्रभु द्यो हितसुखडी लेस्युं प्रमाण करेह ॥ ३॥

ત્યાં આગળ મદનકુમાર ગુરુને કહે છે કે, ગુરુવર્ય અમોને હિતકારી શિખામણરૂપી ભાથુ આપો તે પ્રમાણે અમો વર્તીશું. ॥૩॥

तव गुरुजी फीर उचरें जेह जेह थिर थाय,
ते मुज मुखथी उचरो यथासकथि(ति) लेवाय ॥ ४॥

તે સમયે ગુરુજી આનંદિત થતા ઉત્સાહપૂર્વક વિસ્તારથી મુખપાઠ દેવા લાગ્યા. કેમ કે, ગુરુમુખે લીધેલ પાઠ સ્થિર થાય છે તેથી યથાશક્તિ તે આનંદપૂર્વક ગ્રહણ કરવા લાગ્યા. ॥૪॥

कुणेंक रात्रि भोजन तणुं कुणेंक न(लि)लोतरीनुं जाण,
आठीम चौदसनुं व्रत धर्युं हितवच्छल दिल में आण ॥ ५॥

કોઈએ રાત્રિભોજન અંગે કોઈએ તિથિએ લીલોતરી ત્યાગની જાણકારી મેળવી તેમજ હિતકારી વાતને જાણીને આઠમ-ચૌદસના વ્રત નિયમ લીધા. ॥૫॥

ढाल-४, नयण सलूणां नंदनां रे लो -ए देशी.

सहु व्रत लीधा पछी रे लो, गुरुजी कुयर साहमुं हसी रे लो;
मदन ल्यो हितसुखडी रे लो, जेहथी जाइं दुरगति भुखडी रे लो. ॥१॥

અન્ય કુમારોએ ગુરુજીના હિતકારી વચનો સાંભળીને વ્રત લીધા તે પછી ગુરુજી મદનકુમાર સામે હાસ્યપૂર્વક બોલ્યા કે હે મદન ! આ હિતકારી વ્રત નિયમના પ્રતાપે દુર્ગતિમાં પડતા બચી જવાશે. ॥૧॥

चिंतवे कुयर मनभ्यंतरे रे लो, जेहथी जग जस विस्तरें रे लो,
परनारि संग नवी करुं रे लो, एहमां दूषण खराखरु रे लो ॥ २॥

મદનકુમાર મનમાં વિચાર છે કે, પરનારીનો સંગ કરવા જેવો નથી ખરેખર તેના કારણે અનેક પ્રકારના દૂષણ આવે છે. આ પ્રકારના દૂષણથી બચીએ તો જગમાં માન-સન્માન પ્રાપ્ત થાય છે. ॥૨॥

आदरुं परणीतिका रे लो, वात वलु अन्य नवी भेटवी रे लो;
लघु भगनि, वृद्धा मावडी रे लो, बुद्धि लाव्यो मन आवडी रे लो.॥३॥

પોતાની પરણેતરની સાથે ભોગવિલાસ માણવો અન્ય સ્ત્રી સાથે વાત ન કરવી તેમજ ભોગવવી નહીં અને નાની હોય તે બહેન સમાન તેમજ વૃદ્ધ સ્ત્રી માતા સમાન જાણવી આટલી સૂઝ-બુઝ હૃદયમાં ધરી રાખી. ॥૩॥

सहु निसालीया गया पछी रे, गुरुजी आगलि वदे ईस्यु रे लो;
परदारानुं व्रत उचरावीस्यो रे लो,लघु वेसें किम पालस्यो रे लो.॥४॥

બધા વિદ્યાર્થીઓ ગયા પછી મદનકુમાર ગુરુજીને કહે છે કે, પરદારાત્યાગનું વ્રત ઉચ્ચરાવો. આ વાત સાંભળતા ગુરુજી વિચારે છે કે બાળવયમાં આ વ્રત મદનકુમાર કેમ કરી પાળશે ? ॥૪॥

परदारा पच्चखाण लही रे लो, चाल्यो कुयर घर वही रे लो;
बालक स्युं रमतो फिरें रे लो, नित्यें गोठिया तें करें रे लो. ॥ ५॥

ગુરુજી પાસે પરદારાત્યાગનું વ્રત ઉચ્ચરી ઘરે ગયો પછી બાળકની જેમ હરવા-ફરવા અને મિત્રો સાથે રમવા લાગ્યો. ॥૫॥

मेवा द्राख [1]मिश्रानिका रे लो, दूहे गाहे रिझावतां रे लो;
सहु वस कीधो सहिर में रे लो, देखी कुयर आणंद में रे लो. ॥ ६॥

મેવા, દ્રાક્ષ, સાકર, જેવા મીઠા દુહા અને ગાયન વગેરે ગાતો તે બધાને રીઝવતો હતો અને તેથી નગરીમાં બધી સ્ત્રીની આંખમાં વસી ગયો હતો. તેને જોવાથી લોકો આનંદની પ્રાપ્તિ કરતા. ॥૬॥

प्रस्तावें कुयर गृह आवतां रे लो, मित्रनें सीख देतो गृह मेलतां रे लो;
पहिर्यो सुंदर वागो बन्यो रे लो, रुप ते जाणें इंद्रनो रे लो. ॥ ७ ॥

પ્રસંગોપાત મદનકુમાર ઘરે આવે ત્યારે મિત્રોને શિખામણ આપતો. પછી ઘરથી બહાર જવા માટે નવા નવા વસ્ત્રાલંકાર પહેરતો ત્યારે ઈન્દ્ર જેવો સ્વરૂપવાન લાગતો. ॥૭॥

१. मिश्रानिका=સાકર.

सोनाना रे सिरपेछ छें रे लो, या(वा)लम योवन वेस छें रे लो;
काने मोती कोटि हार छें रे लो, हाथमां चुडी जडाव छें रे लो. ॥८॥

સુવર્ણના સિરપેછને ધારણ કરેલ છે કાનમાં કુંડળ, ગળામાં હાર અને હાથમાં ચૂડી (કડુ) શોભે છે તેવો યુવક પ્રિયતમ સરખો જણાય છે. ॥૮॥

छूया(चूआ)तेल परिमलें रे लो, मधुरी वाणि नवि बोलें अलि रे लो;
मुख जाणे जिस्यो चंद्रमां रे लो, मलपतो आवे गृह जिमवा रे लो. ॥९॥

વિવિધ સુગંધી દ્રવ્યવાળા તેલની સુવાસથી પવનની લહેરમાં ભમરો એટલો બધો તલ્લીન થઈ ગયો હોય છે કે પોતાનો ગુંજારવ પણ ભૂલી જાય તેમ અનોખી છટામાં કુમાર પોતાના ઘરે આવે ત્યારે નગરજનો મદનકુમારનું મુખ જોઈને સોળે કળાએ ખીલેલ ચંદ્રને પણ ભૂલી જાય છે. ॥૯॥

इंण अवसर मंत्रीसूता[१] रे लो, गोखि उभी सहेंर जोवतां रे लो;
आवतां मदनने हेरीयो[२] रे लो, जिम मृगपति मृगनें धेरीओ रे लो ॥१०॥

કોઈ ઉત્સવના પ્રસંગને નિહાળવા રાજ્યના મંત્રી બુદ્ધિસારની પુત્રી મહેલના ઝરૂખે ઉભી છે. તેવામાં અચાનક મદનકુમારને જુએ છે. જોતાની સાથે જ મદનકુમારના રુપરંગને જોવામાં તલ્લીન બની ગઈ જેમ મૃગપતિ મૃગને ઘેરી વળે તેમ એ સ્ત્રીની નજર મદનકુમારને ઘેરી વળી. ॥૧૦॥

कुंयर तव गोखिं तलें रे लो, उर्द्धथी कुंअरी तिण सलें रे लो;
चोथी ढालें खुसालमां रे लो, चतुरसागर कहस्यें वात रंगमां रे लो ॥११॥

મદનકુંવર જ્યારે મહેલના ઝરૂખાની નીચે આવે છે ત્યારે રોમાંચિત થયેલ સ્ત્રી વિચારે છે કે, આ કામદેવ સરખો મદન મને ભોગવે. આ પ્રમાણે કથાનો રંગ જમાવતા ચતુરસાગર ચોથી ઢાળ પૂર્ણ કરે છે. ॥૧૧॥

दुहा

खुंखारो कुमरी करें कुअर गोखि तले आव्यो जाम,
उंछे(चे) वदन अवलोकतां जयसुंदरी दिठी ताम ॥ १॥

---

१. सूता=*પુત્રી.* २. हेरीयो=*નિરખ્યો, જોયો.*

રાજ્યના મંત્રીની કુમારી કામાંધ થતાં મદનકુમાર ઝરૂખા નીચે આવવાની તૈયારીમાં છે ત્યારે ખોંખારો કરીને ઈશારો કરે છે, મદનકુમાર ઉપર નજર કરતાની સાથે રાજ્યના મંત્રીની પુત્રી ***જયસુંદરી***ને જુએ છે. ।।૧।।

कें इंद्राणि कें अपसरा कें विद्याधरी कहवाय,
कें ए नागकुमारिका [१]हरीलंकी उभी आय ॥ २॥

અરે ! શું આ ઈંદ્રાણી છે કે પછી સ્વર્ગની અપ્સરા કે વિદ્યાધરી દેવી છે ? કે પછી કોઈ નાગકુમારી છે. આ સુંદરી કોણ છે કાંઈ સમજાતું નથી. ચંદ્રની જેમ સોળે કળાએ ખીલેલી આ માનુની સિંહ જેવી કેડવાળી શોભે છે. ।।૨।।

च्यारे निजर भेली थयी बें जण माहोमाहिं,
एक एकनें छि(चि)त वस्यों मीन ज्युं पाणिमाहिं. ॥ ३ ॥

જેમ માછલી પાણીમાં વસે છે તેમ આ માનુની અને મદનકુમારની ચારે નજર મળતાની સાથે એકબીજાના હૃદયમાં વસી ગયા. ।।૩।।

कुमरी कुमर प्रतें विनवें [२]अंगज केहनो कहिंवाय,
कुमर तिहांकिण [३]आखीओ धनदेव यशोदा मुझ माय. ॥ ४ ॥

કુમારી મદનકુમારને વિનવે છે કે, તું કોનો દીકરો છે ? ત્યારે કુમાર મદન બોલ્યો કે ***ધનદેવ*** અને ***યશોદા*** મારા માતા-પિતા છે. ।।૪।।

वात करी चाल्यो जिसे कुमरी ब(क)हें सुण संत,
[४]यामनी [५]याम गया पछी आवज्यो बेंसस्युं गोठि एकांत. ॥ ५॥

આ પ્રમાણે વાત કરી મદનકુમાર જ્યાં ચાલતો થાય છે. ત્યારે કુમારી કહે છે કે રાત્રીનો પ્રહર વિત્યા પછી મારા મહેલે આવો આપણે એકાંતે બેસીશું અને વાતો કરીશું. ।।૫।।

ढाल-५, वीण बाजें रे -ए देशी.

वीचड्यो कुंयर तिहां थकी रे, कुंयर स्युं कुंयरी लग्ग,
पाणी स्युं सबरस मिले रे, लुणि पाणी विलग्ग ॥१॥
रुपमोही रे. -ए आंकणी.

---

१. हरीलंकी=*સિંહ જેવી કમરવાળી.* २. अंगज=*દીકરો.* ३. आखीओ=*બોલ્યો.* ४. यामनी=*રાત્રી.* ५. याम गया=*રાત્રીનો પ્રહર વિત્યા પછી.*

કુંવરીને એવું લાગે છે કે, પાણીમાં બધા રસ ભળી જાય મીઠું ખારું હોય તો પણ તે પાણીમાં ભળીને એક રસ થઇ જાય પણ આ મદનકુમાર કાંઇક જુદી પ્રકૃતિનો લાગે છે ॥૧॥

चिंतें कुयरी चीत्त स्युं रे, प्रहर वतावी जाम...रुप०
किम चढस्यें इणि मालिइं रे, निछ(च)री आवें तांम...रुप० ॥२॥

કુંવરી વિચારે છે કે, મદનકુમાર રાત્રીના પ્રહરે આવશે તો મહેલના મારાં શયનખંડમાં પ્રવેશ કેવી રીતે કરશે ? ॥૨॥

बुद्धि उपनी रुयडी रे, कहें सखीने ताम...रुप०
[1]सूत्र नीसरणी ल्यावीइं रे, एकांति जईनें तेम...रुप० ॥३॥

જ્યારે તેને બુદ્ધિથી ઉપાય સૂઝી આવ્યો ત્યારે તેની સખીને કહે છે, હે સખી ! તું દોરડારુપી એક નિસરણી લઇ આવ અને મહેલના ઝરૂખે કોઈ જાણે નહી તેમ એ નિસરણી લટકાવી દે. ॥૩॥

तेल फूलेल फूलडां रे, छ(चु)आ वलि चंपेल...रुप०
पान बीडा मिश्रानिका रे, खेलुं कुमर स्युं खेल...रुप० ॥४॥

આ દોરડાની સહાયથી કુંવર મહેલમાં આવશે ત્યારે ચંપા જેવા સુગંધી મઘમઘતા પુષ્પોના સુવાસિત વાતાવરણમાં સુગંધ મિશ્રિત પાનના બીડા ખાઈ કુંવર સાથે ક્રીડા કરીશ. ॥૪॥

ल्यावी एकांते जइ रे, मेल्ही कुमरी पासे...रुप०
सोलें श्रृंगार पहिरीयो रे, तिलक कस्तूरि सुवास...रुप० ॥५॥

શૃંગારની ઉત્તમ સામગ્રી લાવીને સખીએ છુપી રીતે કુંવરીના શયનખંડમાં મુકી દીધી, સોળે શણગાર સજીને તીવ્ર સુવાસિત કસ્તૂરીનું કપાળે વિલેપન કરી મદનકુમારના શમણા સેવી રહી છે. ॥૫॥

सिय्या पथरावी तिहां रे, फूल तणा महकार...रुप०
मृगली जोवईं वाटडी रे, आवें मदनकुमार...रुप० ॥६॥

પલંગ ઉપર બિછાવેલ પથારીમાં મહેકતા ફુલો પાથરી મદનકુમારની રાહ જોતી ભોળી કુંવરી આનંદવિભોર થતી બેઠી છે. ॥૬॥

---

१. सूत्र=*સૂતરના દોરાનું દોરડું.*

मित्र स्युं रमवा गयो रे, खेलें वाडि मझार...रुप०
प्रहर रात्रि वागि जिस्ये रे, चिंतईं चित्त विचार....रुप० ॥७॥

મદનકુમાર પોતાની મસ્તીમાં મિત્રોની સાથે બગીચામાં રમવા ચાલ્યો ગયો છે. મિત્રોની સાથે રમત રમતા રમતા રાત્રિનો પ્રહર વીતી ગયો અને મદનકુમારને કુંવરીને મળવા જવાનો વિચાર આવ્યો. ॥૭॥

कुअर उठ्यो तिहां किणें रे, सिख देई मित्रनें जेह...रुप०
योवन मयगल मलपतो रे, चाल्यो जाणे एकांति...रुप० ॥८॥

મદનકુમાર મિત્રોની મંડળીને છોડી મિત્રોને કંઈક કહેતો યૌવનના થનગનાટપૂર્વક હાથીની જેમ મલપતો કુંવરીના આવાસ તરફ રાત્રીના સમયે એકલો ચાલી નીકળ્યો. ॥૮॥

एकांते जई उभो रह्यो रे, सान करी वली तेह...रुप०
दोर निसरणि मेली तिहां रे, पाव धरो प्रभुं एह...रुप०॥९॥

સુમસામ માર્ગે મહેલ પાસે જઈને એકાંતમાં ઉભો રહી મદનકુમારે ઈશારો કર્યો કુંવરીએ દરવાજા પાસે લટકાવેલ દોરડાની જાણ કરીને ધીમા અવાજે કહેવા લાગી દોરડા ઉપર પગ મુકી પ્રભુ પધારો. ॥૯॥

मंदिर में आव्यो जिसइं रे, उभो एकण थान...रुप०
बेंसो एणिईं पलिंगडे रे, करस्युं बे जण तांन...रुप० ॥१०॥

મદનકુમાર દોરડાના સહારે મહેલમાં જેવો પહોંચ્યાં કે એક સ્થાનકે ઊભો રહી ગયો, ઊભા રહેલા મદનકુમારને જયસુંદરી પ્રેમથી પલંગ ઉપર બેસવા આગ્રહ કરી કહે છે, બેસો બેસો. આ પલંગ ઉપર આપણે બંને આનંદ લુંટીશું. ॥૧૦॥

पुन्यें करो तुम्हे सज्जनां रे, पुन्यें रुडी नारि...रुप०
चतुरसागर कहें सदा रे, पंचमी ढाल छें सार...रुप० ॥११॥

હે સજ્જનો ! તમે પુણ્ય કરો, પુણ્ય પ્રભાવે સુંદર સ્ત્રી અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે તેવું કહેતા ચતુરસાગર પાંચમી ઢાળ પૂર્ણ કરે છે. ॥૧૧॥

दुहा

कुयर बेंठो सेझइं जई, जयसुंदरी उभी हजुर,
पान बीडी मिश्रानिका, वलि मिंठा मोदक चुर ॥१॥

જયસુંદરી મદનકુમારની હજુરી કરતી કહે છે કે, કુંવર પલંગમાં પાથરેલ પથારીમાં બેસો અને શૌર્ય ઉત્પન્ન કરે તેવા કેસર-કસ્તૂરી યુક્ત લાડવા અને સુગંધમિશ્રિત પાનબીડા આરોગો. ।।૧।।

तेल चंपेल लगावती, कंठ धरे कुसुमनो हार;
लविंग सोपारी आपती, बोलावें मदनकुमार ॥२॥

મદનકુમારને સુગંધી દ્રવ્યોના તેલથી અંગમર્દન કર્યું તેમજ ગળામાં સુવાસિત પુષ્પોનો હાર પહેરાવ્યો અને લવિંગ સોપારી યુક્ત મુખવાસ આપતી મદનકુમારને આહ્વાન કરે છે. ।।૨।।

बोलावी मधुरुं लवें योवनमद भरपूर,
जिण दिठें मुनिवर छलें कुमर चढतें नूर ॥३॥

મદનકુમારને આહ્વાન આપતી જયસુંદરી પ્રેમપૂર્વક મધુરા બોલ બોલી રહી છે, યુવાનીના મદમાં ફાટફાટ થતી જયસુંદરીને જો કોઈ સંન્યાસી જોઈ જાય તો તે પણ ચલાયમાન થઈ જાય પણ મદનકુમાર ચઢતા પરિણામે તેજોમય શોભી રહ્યો છે. ।।૩।।

वदनें हसति बोलति छिं(चिं)ते काम विकार,
आलस मोडें अधर ज डस्यें जणवें नेत्र विकार ॥४॥

મુખથી હાસ્યં કરતી તેની આંખોમાં વિકાર છલકી રહ્યો છે. આળસ મરડતી જયસુંદરી હોઠોને દબાવતી આંખોથી વિકાર ભર્યા ઈશારા કરે છે. ।।૪।।

तनु संकोचि छि(चि)त उल्लसें देखी भ्रमर सुजाण,
[१]करणी मन गयंदपरि वाधें कमल स्युं मधुकर जाण ॥५॥

હાથણી મનથી જેમ ગજેન્દ્રને ઈચ્છતી હોય છે, કમળના ફુલને જોઈ ભાન ભૂલી શરીર સંકોચતો ભમરો કમળને ઈચ્છે છે. ।।૫।।

---

१. करणी=*હાથણી.*

ઢાળ-૬, गोयम नाणी हो कहे सुण प्राणि म्हारा लाल -ए देशी.

कुंयरी जंपे हो विसवाविस ज म्हारा, लाल,
चो(छो)गाला साहिब हो, तुं छैंइ सज, म्हारा लाल,
तोपरि वारि हो, जाउ वली हुं छु दासी, म्हारा लाल,
साछी(ची) जाणो हो, [1]रुखें जाणे हासी, म्हारा लाल ॥१॥

જયસુંદરી કહે છે કે તમે મારા સ્વજન છો, હે છોગાળા સાહેબ ! હું આપની ઉપર વારી જાઉં છું. આપની દાસી છું. ખરેખર મને સમજો. રખે આ વાતને હસવામાં કાઢી ન નાંખતા. ॥૧॥

पुन्यपसा(इं) हो, सरखी जोडी; म्हारा०,
बोलें कुमरी हो, थोडी थोडी, म्हारा०
पाय पखालु हो, जाउं बलीहारी; म्हारा०,
दासी तुमारी हो, भवभव तारी. म्हारा० ॥२॥

હે કુમાર ! પુણ્યપસાયે આપણી સરખે સરખી જોડી જામે છે. આપ મને સ્વીકારો. હું આપની ઉપર વારી જાઉં છું. આપના ચરણની રજ એવી ભવોભવની તમારી દાસી થઈને રહીશ. ॥૨॥

अंग संकोची हो, आगल बेंठी; म्हारा०
आलस मोडी हो, वातें पेंठी. म्हारा०
हावभाव करती हो, निजर निहालें; म्हारा०
संगे रमस्यें हो, प्रेम ज पालें. म्हारा० ॥३॥

જયસુંદરી નખરા કરતી આળસ મરડતી હોય તેમ અંગ મરોડ કરતી મદનકુમારની આંખમાં આંખ મિલાવીને કહેવા લાગી તમારી સાથે રહી પ્રેમથી ક્રીડા કરીશ તેમ કહેતી પોતાના અંગોપાંગ સંકોચીને મદનકુમારની અડોઅડ બેઠી. ॥૩॥

नारी रिझी हो, स्युं नवी आपें; म्हारा०
परनर अगल हो, काया थपें. म्हारा०
नारी खीजी हो, केहनें कामें नावें; म्हारा०
बोलावी हुंति हो, फिर नवी बतलावें. म्हारा० ॥४॥

---

१. रुखें=રખે.

સ્ત્રી આનંદમાં હોય તો શું ન આપે. પરપુરુષને પોતાની જાત વિના સંકોચે સોંપી દે, પણ જો સ્ત્રી ક્રોધિત થઈ તો કોઈની નહીં. એક વખત ક્રોધિત કરી હોય તો ફરીવાર તેને કોઇ બોલાવી ન શકે. ॥૪॥

जेह स्युं राजी हो, करें घणुं मनोहारी; म्हारा०
मनस्युं भडकी हो, करें खुआरी. म्हारा०
ए जाति अनेरी हो, दीसे [1]अटारि; म्हारा०
मुहनी मींठी हो, कपट [2]पटारी. म्हारा० ॥५॥

સ્ત્રી જો રાજી હોય તો ઘણાં આનંદનું કારણ બને પરંતુ જો તે નારાજ હોય તો ઘણી વાંકી ચાલે, આ સ્ત્રી જાતિ અનોખી છે. મોઢેથી મીઠુ બોલનારી કપટની પેટી (પટારા) જેવી છે. ॥૫॥

जेह स्युं राति हो, दिनराति ध्याति; म्हारा०
विचि कोई अन्य बोलावें हो, तेह सुं ठाति. म्हारा०
विषय आठ गुणो हो, नरथी जाणो; म्हारा०
[3]चोगणी लज्जा हो, ते चित आणो म्हारा० ॥६॥

સ્ત્રી રતિમાં મશગુલ હોય તો રાત-દિવસ પુરુષને ઈચ્છતી રહે કારણ કે પુરુષ કરતાં સ્ત્રી આઠગણી કામાતુર હોય છે અને ચારગણી લજ્જાળુ હોય તેવા નખરા કરતી રહે છે. ॥૬॥

सांन बतावे हो, मुख नवि कहती; म्हारा०
काम विलासी हो, मन गहगहती. म्हारा०
नाम धरावे हो, ए तो अबला; म्हारा०
काम ज करती हो, ते ते सबला. म्हारा० ॥ ७॥

કામાતુર સ્ત્રી વિશેષ રીતે મોઢેથી બોલવાને બદલે ઈશારાથી વાત કરવામાં માહીર હોય છે. કામ ભોગવવામાં તે આનંદિત રહેતી હોય છે પણ સ્ત્રી હંમેશ અબળાના નામથી ઓળખાય છે, પણ કામાતુર સ્ત્રી કામ ભોગવતા સમયે બળવાન હોય છે. ॥૭॥

---

१. अटारि=*વાંકી.* २. पटारी=*પેટી-પટારો.* ३. चोगणी=*ચારગણી.*

ए [१]धात अनेरी हो, केहनें कामें नावें; म्हारा०
मनमान्या [२]विटल हो, तेह स्युं [३]खावें; म्हारा०
नारी पारज हो, नवि पामो; म्हारा०
हरिहर ब्रह्मा हो, ते सिर नाम्या. म्हारा० ॥ ८॥

સ્ત્રીની રીત અનોખી હોય છે તે ઈચ્છતી ન હોય તો કોઈને ઉપયોગી નથી થતી, તેનું મન માને તો વટલાતા વાર નથી લાગતી. શંકર અને વિષ્ણુ જેવા મહારથીને પણ નમાવી દીધા છે માટે નારીને ઓળખવી મુશ્કેલ છે. ॥૮॥

कुअर कुंयरी हो, वात ज करतां; म्हारा०
दुहे गाहे हो, बे जण रीझवतां. म्हारा०
अंतरजामी हो, के प्रभु तुठा; म्हारा०
साहिब मिलतां हो, दुधें वुठा. म्हारा० ॥९॥

મદનકુમાર અને જયસુંદરી દોહા અને ગાયન કરતાં વાતો કરે છે કે અંતર્યામી પ્રભુની કૃપા થઈ કે દુઃખનો નાશ કરી આપણ બંનેને સુખી કર્યા. આવા કૃપાળુ મળવાથી તો દૂધડે મેહ જાણે વરસ્યા. ॥૯॥

[४]कटीलंकालि हो, भमर निहाली; म्हारा०
हसती रमती हो, देती ताली. म्हारा०
संगमथी अलगो हो, वाते वलगो; म्हारा०
अर्द्ध यामनी हो, [५]घडीयालो वागो. म्हारा० ॥१०॥

જયસુંદરી કેડેથી વાંકી વળી હસતી નખરા કરતી મદનકુમારને તાળી આપતી જાય છે. ભ્રમરોને ઊંચી-નીચી કરતી આંખો મટકાવતી લટકા કરે છે પણ મદનકુમાર સમાગમથી દૂર રહી વાતો કરે છે ત્યારે તેમને ખ્યાલ નથી રહેતો કે રાત્રિ પૂર્ણ થવામાં છે તેની જાણ કરતો દેવમંદિરમાં ઘંટારવ થયો.।૧૦।

तुरत ज उठ्यो हो, कुयर आवें; म्हारा०
प्रभुनी सेवा हो, ते सुख पावें. म्हारा०
छट्ठी ढालें ते हो, कहे जिन साखे; म्हारा०
चतुरसागर हो, वात ज दाखे. म्हारा० ॥११॥

---

१. धात=રીત. २. विटल=વટલાવું-ભ્રષ્ટ થવું. ३. खावें=ખમીખાવું-વેઠવું. ४. कटीलंकालि=કેડનો વળાંક. ५. घडीयालो=ઘંટારવ.

ઘંટારવ સાંભળતાં મદનકુમાર સફાળો ઉઠ્યો. પોતાના ઘરે પહોંચી પ્રાતઃવિધિ કરી પરમાત્માની સેવા-પૂજા કરવા ઉપડ્યો. પ્રભુપૂજાથી સુખ સંપત્તિને પ્રાપ્ત કરે છે તે વાત ચતુરસાગરજી છઠ્ઠી ઢાળમાં કહે છે. ॥૧૧॥

दुहा

कुंमरी कुमरनें वीनवें वासो करो मूझ गेह,
प्रीत ज वाधें अति घणी जिम बप्पेंया मेह ॥ १ ॥

જયસુંદરી મદનકુમારને વિનંતી કરે છે કે, તમે મારા ઘરે આવો ચાતક પક્ષીને વરસાદ સાથે પ્રીતિ છે. તેમ મને તમારી સાથે ઘણી પ્રીતિ છે. ॥૧॥

ईहां रहतां सरें नहिं दुहवाइं मुझ तात,
जईस्युं घर हरषज भणि लोक करें मुझ वात ॥ २ ॥

હે કુમાર ! રસ્તા વચ્ચે ઊભા રહી પ્રેમગોષ્ઠી કરીશું તેમાં કાંઈ વળશે નહીં. મારા પિતાજી આ વાત જાણશે તો દુઃખી થશે તો ખુશીપૂર્વક આપણે ઘર બાજુ જઈએ. લોકો આપણી હકીકતને જાણશે તો નિંદા-કૂથલી કરશે. ॥૨॥

प्रभु सिधावो सिध करो पूरो मननी खांत,
राजी पधारवुं ईहां किणें करवा गोठि एकांति ॥ ३ ॥

હે નાથ ! હવે તમો જાવ પણ મારા મનની ઈચ્છાને પુરી કરવા રાજી થઈને મારા ઘરે પધારશો તો આપણે એકાંતે પ્રેમાલાપ કરીશું. ॥૩॥

कुंयर घर भणि चालिओ सूवा आव्यो मदनकुमार,
बीजें दिन वली आवीयो माननी करें घणी मनुहार ॥ ४ ॥

જયસુંદરીની વાત માનીને મદનકુમાર જયસુંદરીના ઘરે ગયો. રાત્રી પસાર કરી, બીજા દિવસે પણ જયસુંદરીના આગ્રહથી ઘરે આવ્યો અને મદનકુમારનો ઘણો આદર સત્કાર કર્યો. ॥૪॥

पांच सात दिन आवतां कुंमरी न सर्यो को काज,
कें पुरुषमांहि नहिं कें प्रकासता आवें लाज ॥ ५॥

મદનકુમાર જયસુંદરીના આગ્રહથી પાંચ-સાત દિવસ તેના ઘરે ગયો પણ જયસુંદરીની કામેચ્છા પૂર્ણ ન થઈ તેથી હતાશ થઈ મનોમન વિચારવા

લાગી કે, આ કામદેવનાં અવતાર જેવો દેખાતો મદનકુમાર પૂર્ણપુરુષ છે કે નપુંસક ? તેવું બોલતા મને શરમ આવે છે. ॥૫॥

ढाळ–७, सूणि भोगपुरंदर –ए देशी.

कुमरी चिंते चित्तस्युं सूण [१]भोगपुरंदर,
किम चढसें काज प्रमाण कें लज्झा आवे अति घणी,
सूण भोगपुरंदर, वेधक नहिंय अजाण ॥ १॥

ભોગમાં ઈન્દ્ર જેવાં હે પુરંદર ! આ રીતે આપણું કાર્ય શી રીતે સરશે ? કેમ કે, તમે તો સ્થિતપ્રજ્ઞ રહો છો શું શરમ આવે છે કે જેથી મારાં પ્રત્યે ભાવુક થતાં નથી. ॥૧॥

कें पुरुष माहिं नहिं ए सही, सू० साहसीक नर एह;
एहनो लेउं [२]पटंतरो, सू० सोगठ पासा रमल करेह ॥२॥

વળી સ્ત્રી વિચારે છે કે આ માણસ મરદ પુરુષ છે કે નપુંસક ? દેખાવે તો સાહસિક છે. તેના ભેદને જાણવા તેની સાથે કપટપૂર્વક સોગઠાબાજીની રમત રમીને તેની સાચી સ્થિતિ જાણવી પડશે. ॥૨॥

हलवी जिभ हवें तिहा, सू० चिंतें नारि एम;
द्यैं दोटि सोगठि मारिवा, सू० वचनें वचन कहवाय ॥३॥

મદનકુમારને જાળમાં લેવા માટે સ્ત્રીએ સોગઠાબાજી રમવા માટે આહ્વાન કર્યું. રમત શરૂ કરી. આ સ્ત્રી સોગઠી મારવા ઝપટ બોલાવા લાગી અને વાતે વાતે મેણા મારવા લાગી. ॥૩॥

दिन सातमें वली आविओ, सू० कुमरी सुं जाझो नेह;
जयसुंदरी चित्त कुंयर वसो, सूं० कमलणि सुं मधुकर जेह ॥ ४ ॥

આ પ્રમાણે સોગઠાબાજીની રમતમાં સાત દિવસ પસાર થઈ ગયા તો પણ જયસુંદરી મદનકુમાર ઉપર ઘણો પ્રેમ રાખે છે કમળમાં જેમ ભમરો વાસ કરે છે તેમ જયસુંદરીના ચિત્તમાં કુંવર વસી ગયો છે. ॥૪॥

---

१. भोगपुरंदर=*ભોગમાં ઈન્દ્ર જેવા.* २. पटंतरो=*ભેદ.*

हावभाव करें घणुं, सू० आवी बेठो सेझ;
मृगमद फूलें पूजति, सू० निजर निहालें हेज ॥ ५ ॥

તે પલંગમાં આવીને બેઠો. ઘણા હાવભાવ કરી કસ્તૂરી અને સુગંધિત પુષ્પોથી તેનું સ્વાગત કરતી જયસુંદરી મદનકુમારને હેતભર્યા નયનથી જોવા લાગી. ॥૫॥

आवो, प्रभु रमईं सोगठे, सू० कुमर रमवा बेंठो तेह;
तेह ढींचण गुडा लगावति, सू० पासा दावें रमतां जेह ॥ ६ ॥

અરે ! મારા નાથ આવો આપણે સોગઠબાજી રમીએ, કુમાર રમવા બેઠો ત્યારે તે સ્ત્રી તેના ઢીંચણ સાથે પગ અને પોતાના ગુડા અડાડવા લાગી આ રીતે પાસાનાં દાવ ખેલે છે. ॥૬॥

हसे रमे [१]मरकलडो मेलती सू० वचन कहती तिहां बालि; ॥
दृढ चित्त कुअर तणो, सू० तो पिण नवी वदें पाछो वालि ॥ ७ ॥

મંદમંદ હસતી રમતી પાસા ફેંકતી કુંવરી વાતો કરાવાના પ્રયત્નો કરતી જાય છે પણ દ્રઢ મનનો મદનકુમાર કુંવરી સાથે વાતો કરવા ઉત્સુક નથી. ॥૭॥

चंद्रवदनी मोहि घणु, सू० इम षट मासह थाय;
पिण कुंयर नवी चल्यो, सू० जो डोले मेरुवाय ॥ ८ ॥

કુંવરી તેના ઉપર મોહી ગઈ છે પણ મદનકુમાર સૌમ્ય ચંદ્રના વદન જેવી કુંવરીને મન દેતો નથી. આમને આમ છ મહિના વીતી ગયા પણ જેમ પવનથી મેરુપર્વત ચલાયમાન ન થાય તેમ મેરુપર્વત જેવો અડોલ મદનકુમાર મચક આપતો નથી. ॥૮॥

ईण अवसर वाणारसी अधिपति, सू० अजितसेन महाराय;
एक दिन बेंठो मालिइं, सू० जइ जोउं चरित हजार ॥ ९ ॥

આ સમયે વારાણસીનો રાજા ***અજિતસેન*** પોતાના મહેલના ઉપરના માળે જઈ ઝરૂખામાં બેઠા બેઠા વિચારી રહ્યો છે કે, નગરજનો મારા રાજ્ય માટે શું વાતો કરતા હશે તે જાણું. ॥૯॥

---

१. मरकलडो=*મંદમંદ હાસ્ય.*

कुण प्रसंसा करे माहरी, सू० छानो रजनी मझार;
पहोर राति गया पछी, सू० ओढी राति पछेडी तिवार ॥ १० ॥

નગરજનો મારી પ્રસંશા કરે છે કે નિંદા તે જાણવા રાજા અજિતસેન છૂપી રીતે રાત્રીના પહેલા પ્રહર પછી નગરચર્યા જોવા કાળો કાંબળો ઓઢીને અંધારી રાત્રીએ નીકળી પડ્યો. ॥૧૦॥

चतुरसागर प्रसंसै सदा, सू० ढाल सातमीमां गुणगान;
एहनो गुण ईहा विस्तरस्यें, सू० कुयर दिन चढते वान ॥ ११ ॥

ઉછળતા ઉમંગે ચતુરસાગરજીએ શીલધર્મના પાલક મદનકુમારની પ્રશંસા કરતાં ગુણવાન મદનકુમારની વાત સાતમી ઢાળમાં વિસ્તારથી કહી એ શીલગુણથી દિવસે દિવસે કુંવરનો વાન વધી રહ્યો છે. ॥૧૧॥

दुहा

नगरीमां [१]हेरतां थका आवें मंत्री मंदिर पास,
नर दीठो कोईक आवतां निछरो उभो खूणें खास ॥१॥

રાજા નગરચર્યા જોતા રાત્રીના સમયે મંત્રીના મહેલ પાસે આવ્યાં. તેણે એક પુરુષને આવતો જોયો અને એકાંતમાં એક ખૂણામાં જઈને ઊભા રહી બધું એકી નજરે રાજા જોઈ રહ્યો છે. ॥૧॥

आव्यो कुयर सान ज करेंइं जिहां निसरणि मेली ताम,
राजा छानो हेरतां तुरंत बोलावी ल्यें वाम ॥२॥

જેવો મદનકુંવર નજદીક આવ્યો એટલે ઈશારાથી જયસુંદરી તેને નિસરણી બતાવે છે આ જોઈને ફરતો આવેલો રાજા વિચારે છે આ પુરુષ કોણ હશે ? ॥૨॥

[२]राजा चित्तें छि(चि)त स्युं ए नर कुण कहवाय,
आ वेला परघर फिरें चोर कें [३]जार कहवाय ॥३॥

આ માણસ કોણ હશે અને આવા સમયે બીજાના ઘરમાં કેમ ગયો ? શું તે ચોર છે કે પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર જારપુરુષ ? એ પ્રમાણે રાજા વિચાર કરવા લાગ્યો. ॥૩॥

१. हेरतां=જોતાં, નીરખતાં. ૨. ગાથા ૩થી૫ B પ્રતની છે. ३. जार=પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર.

णीसरणी लीधी नहीं माहिंलो न जाण्यो भेद,
आवतां पण जाण्यो नहीं रा(रो)षें उपजस्यें ईहा खेद ॥४॥

નિસરણીની સહાય લીધા સિવાય આ માણસ મહેલમાં કેવી રીતે આવી પહોંચ્યો ? નગરચર્યા સમયે રસ્તામાં પણ ક્યાંય દેખાયો નથી આ ભેદ સમજાતો નથી તેથી રાજા વિચારે છે કે અત્યારે ગુસ્સે થવું બરાબર નથી ।।૪।।

पाछलथी राजा चढयो ओलवें जई उभो थंभ,
दीप ज्योति झगमगें राय थओ मन अचंभ ॥५॥

રાજાને કોઈએ જોયો નથી રાજા પાછળથી મહેલમાં ચઢ્યો થાંભલાની આડશ લઈ દિવાના પ્રકાશમાં બધું જોઈ સમજી ગયો. તે જોઈ રાજા ચકિત થઈ ગયો. ।।૫।।

ढाल-८, कुसल देस सिणगार अयोध्या छैं पूरी रे -ए देशी.

गोखिमां राजा एकांति एकांति बेंठो जई रे,
थंभनी छाया पाछालि जिहा किण छैं रही रे ॥१॥

રાજા એકલો પોતાના મહેલના ઝરૂખામાં એકાંતે બેઠો છે, થાંભલાની આડશમાં જોયેલો પુરુષ કોણ હશે તેવું વિચારવા લાગ્યો. ।।૧।।

राय छिं(चिं)ते चित्त मझार नगरी में अन्याय करें रे,
[1]यामिनी याम गया पछी परघरी ते फिरें रें ॥२॥

આ કુમાર કોણ છે લાજ-શરમ છોડીને મધ્ય રાત્રીએ પારકાના ઘરમાં જાય છે. આ તો મારી નગરીમાં અન્યાયકારી બિના છે. રાજા આ બાબતથી ચિંતામાં છે. ।।૨।।

जोउं हुं लंपटना चरित केहनु छैं घर ए सही रे,
द्युं हवें सीखामण सार उगमते रवि वही रे ॥३॥

સવારનો પહોર થયા પછી આ માણસની સાન ઠેકાણે લાવવા તેને પાઠ ભણાવવો પડશે પણ જોઉં તો ખરો આ બદમાસ કોણ છે, કેવો છે, રાત્રે કોના ઘરમાં જાય છે. ।।૩।।

---

१. यामिनी याम=*મધ્યરાત્રી.*

कुंमर जई बेठो एकांति हिंडोला खाटमें रे,
तलाई पथरी [1]सखरी ओसीसां पाटमें रे ॥४॥

કુમાર મદન હિંડોળા-ખાટમાં પાથરેલ સુંદર પથારીમાં ઓશીકા-તકિયાના ટેકે શાંતિથી એકલો બેઠો છે. ॥૪॥

राजा छिं(चिं)तेईं रुदय मझार कां कोई इंद्र अवतर्यो रे,
कें एहनी एह ज नारी ऋ(रू)पे एहनें वर्यो रे ॥५॥

રાજા મનમાં વિચારે છે કે, અહો ! અરે આ કામદેવોમાં ઈંદ્ર સમાન અહીં અવતર્યો હોય તેમ જણાય છે આ પુરુષનું રુપ-લાવણ્ય ઈંદ્ર જેવું છે તે તેના રુપને જોઈને પોતે જ પોતાની જાત સાથે લગ્ન કરી લીધા કે શું ? જેથી અન્ય સ્ત્રી સામે પ્રેમભરી નજરે જોતો નથી ॥૫॥

राजा मनमांहिं संदेह खबर न का पडे रे,
जोउं हुं वात विचार आगल खबर किसी रडे रे ॥६॥

રાજાને મનમાં શંકા થાય છે અને વિચારે છે કે, જોઉં આગળ આગળ શું થાય છે ? નહિતર ખબર કેવી રીતે પડશે કે આ પુરુષ કોણ છે ? તેવી વિમાસણમાં રાજા મુંઝાઈ રહ્યો છે. ॥૬॥

पांन बीडी बें च्यार कुमरी आगली धरइं रे,
कंठ ठवें कुसुमनो हार बोलें अनोपम चातुरी रे ॥७॥

ત્યારે મદનકુમારને આ ચતુર સ્ત્રી બેચાર પાન-બીડા ધરે છે. અતિ પ્રેમથી કુમારના ગળામાં ફુલની માળા-હાર પહેરાવે છે અને વાર્તાલાપ કરે છે. ॥૭॥

राजा आरोगो पकुवान छुं प्रभू चाकर [2]रावली रे,
बोले कोकिल किलरव करती [3]दोली फिरें कुंयर [4]पाखलि रे ॥८॥

મદનકુમાર આવાસે પધારેલ છે તેથી રાજી થતી કુંવરી જમવા માટે આગ્રહ કરે છે. કોયલ જેમ કલરવ કરતી હોય તેમ તે કહે છે. કે, હું આપના

---

१. सखरी=*સરસ, સુંદર.* २. रावली=*રાજકુળની, રાજકુટુંબની.* ३. दोली=*દાસી.* ४. पाखलि=*પાછળ.*

કુળની દાસી થઈને રહીશ, આપની ચાકરી કરીશ હું પણ રાજકુળની કુંવરી છું આવી રીતે પ્રેમાલાપ કરતી હિંડોળામાં બેઠેલા કુંવરની આગળ-પાછળ પાછળ ફર્યા કરે છે. ॥૮॥

ललि ललि बोलें नारी उदार कहो कहेनें नवि गमे रे,
भुख्या भोजन आवी मिल्यें कहो कुंण नवी जिमईं रे ॥९॥

કુંવરી મદનકુમારની આગળ-પાછળ ફરતી જાય છે. લળી લળીને કહેતી જાય છે. ભૂખ્યાને ભોજન મળે તો કોણ ન જમે ? ॥૯॥

जिमि रमी आंगणि उछाह सोगठि रमता आयनें रे,
बे जण बेठा विचार लाल [१]जलिवा बिछायनें रे ॥१०॥

મદનકુંવર અને કુંવરી પકવાન આરોગી આવાસમાં બંને જણ સુંદર લાલ જાજમ બિછાવીને ઉત્સાહથી ચોપાટ રમી રહ્યા છે ત્યારે કુંવરી પોતાની ઈચ્છા ફળીભૂત થાય તે માટે દાવ-પેચ અજમાવી રહી છે. ॥૧૦॥

ढाल अनोपम सुंदर आठमी छै ए कही रे,
कहस्यैं चतुरसागग(र) वात रसाल हवें सही रे ॥११॥

ચતુરસાગર આ આઠમી ઢાળ પૂર્ણ કરી આગળ ઉપર મદનકુમારની વાત ધારાબદ્ધ રસાળ શૈલીમાં કહેશે. ॥૧૧॥

दुहा

रुदयें छिं(चिं)ते भूपति वडो, कोईक नर धुतार,
आव्यो जाणी मुझ प्रतिं संगम स्युं नवी भेटी नार ॥१॥

રાજા હૃદયમાં વિચારે છે કે આ કોઈક ધૂતારો જણાય છે કેમ કે, હું અહીં આવી ચઢ્યો છું તેથી નારીની સાથે બેઠેલો હોવા છતાં તેણીને ભેટતો નથી. ॥૧॥

[२]ईलापति सिं(चिं)तें ईस्युं [३]चडहो लागो एह,
बीजें दिन वली आवीस्यें एकांति खबर करवी तेह ॥२॥

---

१. जलिवा=*જાજમ.* २. ईलापति=*પૃથ્વીપતિ.* ३. चडहो=*આતુર-ચટપટી થવી.*

પૃથ્વીપતિ (રાજા) વિચારે છે આ અઠંગ લાગે છે હવે જો બીજી વખત કુંવરી પાસે જશે તો છૂપી રીતે તેની માહિતી મેળવવી પડશે. ॥૨॥

गुना विना किम किहिईं नहीं उत्तम एह आचार,
लेउं एह पटंतरो परखु एह कुमार ॥३॥

કોઈ ગુના વગર તે ગુનેગાર છે તેવું કઈ રીતે કહી શકાય પણ તેનું આચરણ સારું નથી કુમાર વિશે માહિતી મેળવવા માટે પડદાફર્શ કરવો પડશે. ॥૩॥

मध्यराति गया पछी खेलतां उठ्यो तुरत,
राजा [१]मोवडि उतर्यो तेह स्युं छानो रहो [२]धुरत ॥४॥

રમતો ખેલતો કુંઅર મધ્યરાત્રી પૂર્ણ થતાં કુંવરીને મળવા ચાલ્યો અને રાજા પણ મહેલમાંથી નીકળી આગળના ભાગે છૂપાય ગયો. હવે રાજાની નજરથી આ કપટી ક્યાં સુધી છૂપાઈને રહી શકશે. ॥૪॥

इंम बीजे दिन वली आवीओ जोवा चरित अपार,
धुरतमां सिकदार छैं झाल्यो न जाइं कुमार ॥५॥

આ ઠગવામાં અગ્રેસર લાગે છે તે કુંવરીથી છેતરાય તેવો કે પોતાની જાતને પ્રગટ કરે તેવો જણાતો નથી. આ પ્રમાણેનું ચરિત્ર રાજાએ બીજે દિવસે અનુભવ્યું. ॥૫॥

ढाल-९, घरि आवोजी आंबो मोरीओ -ए देशी.

राजा नित्य प्रतें आवें जोवाजी कुमरनो पार,
लोक कोई जाणें नहीं नवि जाणेंजी कुमरी कुमार ॥१॥
जोयोजी वात हुइजी -ए आंकणी

રાજા છુપી રીતે કુમાર અને કુંવરીની વાતને જાણવા અવિરતપણે પ્રયત્ન કરવા લાગ્યો હવે આગળ શું થાય છે તે જોજો. ॥૧॥

का हेरंतां राजाने वली नवी दीठोजी कोई अन्याय,
षटमास इंणी परि वही गया काढिजी भ्रांत अपारय. जोयोजी० ॥२॥

---

१. मोवडि=આગળ. २. धुरत=ઠગ-કપટી.

આશ્ચર્ય પમાડે તેવી વાત છે રાજાએ છ માસ સુધી ઘણું અવલોકન કર્યું. તેઓને કાંઈ ખરાબ કે અશોભનીય જણાયું નહીં શું જે કાંઈ વિચાર્યું તે ભ્રમણા-શંકા હતી. ॥૨॥

एकांति रहतां थकां ए यो(जो)डि भिलि मिली चंग,
दंत जाणि कंचन रेखा ओपेंजी [१]अधर प्रवालीनो रंग. जोयोजी० ॥३॥

એકાંતે મળવા છતાં આ જોડી સારી રીતે રહે છે પરવાળાના રંગ જેવા હોઠ છે દાંત જાણે દડમની કળી જેવા શોભી રહ્યા છે. ॥૩॥

पगि झांझिरी सोना तणां वली गूघरीनो झमझा(का)र,
कंचूक रतने जडो कंठे ठव्यो नवसरो हार. जोयोजी० ॥४॥

કુંવરીએ રત્ન જડિત વસ્ત્ર પહેર્યા છે ગળામાં નવેસરો હાર અને પગમાં સોનાની ઝાંઝર પહેરી છે. જ્યારે કુંવરી ચાલે છે ત્યારે ઝાંઝરની ઘૂઘરીનો મધુર અવાજ થાય છે. ॥૪॥

योग्य वस्त्र पहिर्या वलि झीणी ओढणी नवरंग लाल,
[२]कटिमेखला खलकें घणुं चालती गज परिं चाल. जोयोजी० ॥ ५॥

રત્નજડિત કંચૂકી નવરંગ ઝીણી ઓઢણી જેવા મનોહર વસ્ત્રો અને કેડે સુંદર મજાનો ઘૂઘરીવાળો કંદોરો પહેર્યો છે. જ્યારે સુંદરી મદભરી ચાલે ચાલે છે ત્યારે કંદોરાની ઝીણી ઘૂઘરીઓ મધુર અવાજ કરે છે. ॥૫॥

एकांतिजी किम रहें ए मुझ मनी अचरीज थाय,
केंरी देखी दाढ्यौ गलैं खावानें तत्पर थाय. जोयोजी० ॥ ६॥

દેખાવે સુંદર, શરીરે પુષ્ટ, માદક આંખો, એક સુંદરીમાં હોવું ઘટે તે બધું જ ઈશ્વરે કુંવરીમાં ઠાંસીઠાંસીને ભર્યું છે, કુંવરી ભોગ ભોગવવા કહે છે. તેમ છતાં મદનકુમાર એકાંત જ રહે છે તેથી આશ્ચર્ય થાય છે જેમ આમ્રફળ જોતાની સાથે મોઢામાં લાળ છૂટે અને તેને ચુસી લેવાના અભરખા થાય તો ભલા કોણ છોડે ? ॥૬॥

---

१. अधर=*હોઠ.* **२. कटिमेखला**=*કમર ઉપર બાંધવાનો ઘૂઘરીવાળો કંદોરો.*

हिया आगलि नारि नवी चले जेहथी मुनिजन न रहें ठाम,
योगी वयरागी अवधूता तेहनें पिण व्यापें काम. जोयोजी० ॥७॥

નજરની સામે સ્વરૂપવાન યુવતી પોતાની કામુકતા જણાવવા અનેક ઈશારા કરતી હોય ત્યારે ભલભલાના હૈયા હાથ ન રહે પછી ભલે તે વૈરાગી હોય બ્રહ્મનિષ્ઠ કે અવધૂ હોય તેના રોમેરોમમાં કામ વ્યાપી જાય ॥૭॥

इंद्र चंद्र नागिंद्रजी के ते पिण स्त्री दास कहवाय,
अंतर नहिं कुयर विचैं [1]पोयण तनु कोमल काय. जोयोजी० ॥८ ॥

કોમળ કાયાવાળી સ્ત્રીઓને ઇચ્છતા ઈન્દ્રો નાગેન્દ્રો વગેરે સ્ત્રી પાસે દાસ થઈ જાય છે. જ્યારે આ યુવતી કુંવરથી અંતર નથી રાખતી તેમ છતાં મદનકુમાર મચક નથી આપતો. ॥૮॥

भाग्य होइं तो पामीइं जेहनें एहवी घरी नार,
सिहलंकी पंकजमुखी इंद्राणि जिसी अवतार. जोयोजी० ॥९॥

આ કુંવરી ઈન્દ્રની ઈન્દ્રાણી જેવી મનોહર છે. કમળના જેવા મુખવાળી છે. સિંહની કેડના વળાંકવાળી આ સ્ત્રી જેના નસીબ હોય તેને જ મળે. ॥૯॥

बोलें वचल(न) मधुरुं लवें एकांतिजी बोलाव्यानो लाग,
दिठें तन मन [2]वेधें सही जिम वेधें मोरली नाग. जोयोजी० ॥१०॥

કુંવરી મનમાંને મનમાં લવારો કરે છે કે, હું તેના તન-મનથી આકર્ષાય છું એકાંતનો મોકો મળે તેટલી જ વાર છે. તેને છોડવો જ નથી. મોરલીનો અવાજ સાંભળી જેમ નાગ ચલાયમાન થઈ જાય છે તેમ તેને પ્રેમાસક્ત કરીને જ જંપીશ. ॥૧૦॥

धन्य कुंमरनें काजें जे पालें शीयल प्रचंड,
चतुरसागर कहें नोमी ढालमां पालोजी नरनारि शीयल अखंड. जो०।११।

ચતુરસાગર નવમી ઢાળ પૂર્ણ કરતા શિયળવ્રતને વરેલ મદનકુમારને ધન્ય ધન્ય માને છે કારણ કે કુમારે શિયળવ્રતને જે રીતે પાળી બતાવ્યું તેની પ્રશંસા કરતા કહે છે કે જે નર-નારી અખંડ શિયળને પાળે તે પ્રશંસનીય છે. ॥૧૧॥

१. पोयण=નાનુ કોમળ કમળ. २. वेधें=આકર્ષણ.

दुहा

भूपति मनि चिंते इस्युं धन्य कुंमरनो अवतार,
वस्तु पोतें [1]आयत्त छइं नवी भेटे एह नारि ॥१॥

મદનકુમારને વસ્તુ (સ્ત્રી) હાથવગી છે, આધીન રહેવા આતુર છે તો પણ કુમાર તેણીને ભેટવા ઉત્સુક નથી તેવું જાણીને રાજા મદનકુમારના અવતારને ધન્ય માને છે. ॥૧॥

के माहिं [2]वेधक नहीं पुरुषमां नहिं [3]लवलेस,
के कोई अतुलीबली के पुरुषोत्तम कहिइं विशेस ॥२॥

આ પુરુષ સ્ત્રીનો રસિક નથી કે પછી તેનામાં પુરુષત્વનો જરા પણ અંશ નથી કે પછી પુરુષોમાં ઉત્તમ હોય તેવો કોઈ વિશેષ મહાશક્તિશાળી શૂરવીર છે. ॥૨॥

ईलामां मारग चलें बहु वरसें वली मेह,
ते सवी एह परभावथी वड उत्त(म) कहइं एह ॥३॥

પૃથ્વી બધાંને માર્ગ આપે છે અને મેઘ વરસે છે તે સર્વ આવા શીલવાન પુરુષોનો પ્રભાવ છે, શીલને કારણે તેઓ મહાન કહેવાય છે. ॥૩॥

शीलरत्न भाजें नही ए नवी जाणें को वात,
एहना गुण प्रगट करुं विस्तारुं जग जस विख्यात ॥४॥

આ મદનકુમાર પોતાના શીલધર્મને કલંક ન લાગે તેની સંપૂર્ણ કાળજી રાખવા સિવાય અન્ય કોઈ વાતને સ્વીકારવા તૈયાર નથી. માટે તેના ગુણગણને આ જગત સમક્ષ વિસ્તારથી પ્રગટ કરીશ. ॥૪॥

प्रथम [4]छोछो एहथी करुं वली आपु शिर दोस,
पछें एह वली शीलप्रभावथी होस्यें घणु निरदोस ॥५॥

પણ પ્રથમ તેની સાથે ચોખવટ કર્યા પછી તેના માથે આરોપ મૂકું કદાચ શીલ પ્રભાવને કારણ તે નિર્દોષ સાબિત થશે. ॥૫॥

१. आयत्त=*આધીન.* २. वेधक=*રસિક.* ३. लवलेस=*જરા પણ, બહુજ થોડો અંશ.* ४. छोछो=*ચોખવટ, ચોકસાઈ.*

ढाल-१०, यदुपति जित्यो हो कें हो कें -ए देशी.

[१]सीख मागि जयसुंदरी (कने) हो, तिस्ये तुरत उत्तरइं राजान,
आवी खूणें उभो रह्यो हो, केडें कुमर [२]प्रधान ॥१॥
कुंअर तिहांथी उठ्यो हो उठ्यो हो, कुंअर तिहांथी घरि आवें हो.-ए आंकणी.

જયસુંદરીની રજા માંગી મદનકુમાર ઘરે જવા માટે ઊઠ્યો તે અવસરે રાજા પણ તુરંત નીચે ઉતરી એક ખૂણામાં ઉભા રહી કુંવરની પાછળ ચાલ્યો અને કુંવરને પકડ્યો. ॥૧॥

तुरत राजा झाली कहें हो, कुण नर तुं कहवाय,
परघर कीम पेंठो हतो हो, स्यें [३]मिसें इयां जवाय ॥२॥ कुं.

રાજા તે યુવાનનો હાથ પકડી ઊભો રાખે છે તેને પૂછે છે તું કોણ છે ? કોનો પુત્ર છે ? બીજાના ઘરમાં શા કારણથી ગયો હતો ? ॥૨॥

पूछतां कुवर इंम भणें हो, [४]लंडांमा सिकदार
आ वेलाइं तुंम ग्र(गृ)ह चढ्यो हो, तेमां हस्यें व्यशन विचार ॥३॥ कुं.

રાજાના પ્રશ્નના ઉત્તરમાં મદનકુમાર કહે છે કે, મૂર્ખનો સરદાર કે આ સમયે તમારાં હાથે પકડાઈ ગયો તેમાં વ્યસન કારણરૂપ છે. ॥૩॥

कुमरी जंपे उपरि थकी हो, नहिं एहमां वांक लगार,
आपुं कुंडल हीरला हो, वली आपुं नवसर हार ॥४॥ कुं.

ત્યારે કુંવરી તે પ્રધાન પુરુષને કહે છે, આમાં કુંવરનો કોઈ વાંક નથી તેને છોડી દો. તેના બદલામાં હું આ મારો નવસેરો હાર અને કુંડળ આપને આપું. ॥૪॥

उत्तम नर अवलोकतां हो, गुनह नही लवलेस,
मुंको मोटा राजीआ हो, कुयर कुयरीनो जायें क्लेश ॥५॥ कुं.

તમને જોતાં તમે મોટા પુરુષ જણાવ છો પણ હું ગુનેગાર નથી તેથી મને છોડી મૂકો જેથી અમારાં બંનેનો (કુંવર-કુંવરીનો) સંયોગ થઈ શકે. ॥૫॥

---

१. सीख=*રજા.* २. प्रधान=*આગળ.* ३. मिसें=*બહાનું, કારણ.* ४. लंडां=*લુચ્ચો, મૂર્ખ.*

कुअरने लेई नीसर्यो हो, नवि मेलइं राजान,
[1]सांप्रति कोई ताहरें हो, मुकुं लेई जमान ॥६॥ कुं.

હવે જ્યારે રાજા કુંવરને લઈને નીકળ્યો ત્યારે કુંવરને છોડતો નથી અને કહે છે, હમણાં કોઈ તને જામીન ઉપર છોડાવે તેવું છે ? તો છોડીશ. ॥૬॥

जातां आरक्षक मिलो हो, कोटवालनें सुपें तेह,
हाजर जमान लीधा पछी हो, मुकज्यो खरो करी जेह ॥७॥ कुं.

મદનકુમારને લઈને જતા રસ્તામાં રાજાએ કોટવાળને સોંપ્યો અને જામીનગીરી લીધા પછી ખરાઈ કરી તેને છોડજો તે વિના નહીં તેમ કહ્યું ॥૭॥

कोटवालनें सुंपी राजा छानो रहे हो, स्युं करस्यैं ततखेव,
रुषें लांच ल्यें ए कने हो, पोतानो स्वारथ करें एव ॥८॥ कुं.

રાજા હવે કોટવાળ ઉપર નજર રાખે છે કે, આ કોટવાળ હવે શું કરે છે. લાંચ લઈ પોતાનો સ્વાર્થ તો નથી સાધતો ને ? ॥૮॥

कोटवाल पुछै ते प्रते हो, कोई मुकावें तुझ,
मात पिता सुखी घणुं हो, तेह मुकावें मुझ ॥९॥ कुं.

કોટવાળ મદનકુમારને પૂછે છે તને છોડાવવાવાળું કોઈ છે કે નહીં ? ત્યારે કુમાર કહે છે કે, મારા માતા-પિતા ઘણા ધનવાન છે તે મને છોડાવી શકે તેમ છે. ॥૯॥

धनदेव पिता जगावीओ हो, कुंअर कीधो हजूर,
श्याम चोरीइं पकड्यो सही हो,राय मगावें नवी करवो दूर॥१०॥ कुं.

મદનકુમારના પિતા ધનદેવને જગાડીને જાણ કરી અને કુમારને તેની સામે હાજર કર્યો. રાત્રીના ચોરી કરતા તેને પકડ્યો છે અને રાજા તેને જામીન વગર છોડવા માંગતા નથી. ॥૧૦॥

सेठें जाण्यो खोटो सही हो, राख्यानो नहिं आग,
ए मुझथी अलगो घणुं हो, नहिं इहां एहनो लाग ॥११॥ कुं.

---

१. सांप्रति=*તુરંત, આ સમયે, હમણાં.*

ધનદેવ શેઠે જણાવી દીધું કે તે મારાથી જુદો રહે છે તેથી મારે કોઈ લેવા-દેવા નથી. આમ કહી શેઠે કોઈ ધ્યાન આપ્યું નહીં આથી મદનકુમારની કોઈ કારી ફાવી નહીં. ॥૧૧॥

चतुरसागर कहें सदा हो, दशमी ढाले जेह,
धन नर जग वखांणीइं हो, करें पर उपगार तेह ॥१२॥ कुं.

દસમી ઢાળમાં ચતુરસાગર જણાવે છે કે, આ જગતમાં તે ધન્ય છે કે જે પરઉપકારમાં તત્પર હોય છે. ॥૧૨॥

दुहा

मातपिता अलगा रह्या दुख वेला नहि कोय,
संपति वेला सवि मिलें भर्ये सरोवर सहु कोय ॥१॥

જળથી ભર્યા સરોવરને સહુ માણે, ધન-સંપત્તિવાળાના સહુ સગા થાય. નિર્ધન માણસના દુઃખમાં માતા-પિતા પણ મોંઢું ફેરવી દૂર રહે છે. ॥૧॥

कोटवाल तेह प्रते वदें ताहरें छे वलि कोई,
कुयर कहें बहुला मित्र छे हस्यैं जमान वली सोय ॥२॥

કોટવાળ મદનકુમારને આગળ પૂછે છે કે, આ સિવાય તારા જામીન આપે તેવું કોઈ હોય તો કહે, ત્યારે મદનકુમાર કહે છે મારે મિત્રો ઘણા છે તેમાથી કોઈ જામીન થશે. ॥૨॥

कुमर कहें जिहा आवतां मित्र पूछें विरतांत,
कहें वृत्तांत सांभली खसें जिम तरुथी पंच्छी उड जात ॥३॥

કોટવાળે મદનકુમારના મિત્રોને બોલાવ્યા, મિત્રો સઘળી હકીકત જાણી જેમ વૃક્ષ ઉપરથી પક્ષી ઊડી જાય તેમ બધા મિત્રો છૂ થઈ ગયા. ॥૩॥

सज्जन जे बहुला हता मुख कहता 'कह्यो अम काज',
गोठि कतुहल विविध परिं, काज सिर नाव्या को काज ॥४॥

સજ્જન કહેવાતા એવા ઘણા એવું કહેતા કે, અમારા જેવું કોઈ ''કામકાજ હોય તો કહેજો'' ચોરેને ચૌટે લોકો કુતૂહલપૂર્વક કુમારની વાત કરવા લાગ્યા પણ પોતાનું કામ પત્યે પછી કોઈ કામમાં આવ્યા નહિ. ॥૪॥

सो सज्जन एक लाख मित, ताली मित अनेक,
जिण स्युं विपत कटी(ही)ई सो लाखन में एक ॥५॥

મિત્ર લાખમાં એક હોય છે, તાળી મિત્ર અનેક હોય પણ આપત્તિમાં કામ આવે તેવો તો લાખમાં કોઈક માંડ એકાદો મિત્ર મળે. ॥૫॥

ढाल-११, पहिली भावना ईंण परिं भावईं रे -ए देशी.

कुंअर इंण परिं चित चिंतवें रे, जोज्यो कर्मनी गति जोय,
संपत्ति वेला सहु मिले रे, दुःख वेला नहिं कोय ॥१॥ कुंअर.

મદનકુમાર સંસારની વિચિત્રતા ઉપર વિચાર કરે છે કે આ કર્મની ગતિ કેવી ન્યારી છે, સુખ-સંપત્તિના સમયે બધા મળે માન આપે પણ દુઃખના સમયે કોઈ સામુ જોવા તૈયાર નથી હોતા. ॥૧॥

दिनप्रतिं करता मूझ चाकरी रे, खावा रमवा वली जेह,
वाते डुंगर डोलावता रे, उखाणो मलीओ साचो एह ॥२॥ कुंअर.

કુમાર વિચારે છે કે દિવસ-રાત મારી આજુબાજુ ફરતા અને હું કહું તે કામ કરતા, સાથે રમતા સાથે જમતા અને ''વાતો કરવા બેસે ત્યારે ડુંગરને ડોલાવી દે'' એ કહેવત સાચી પડી. ॥૨॥

राम लखमण तातें काढीया रे, ना'णी पुत्रनी लाज,
अगस्ति ऋषी उदधी उपरिं कोपीया रे, कृष्ण इंदु सगा नाव्या को काज॥३॥

રામ-લક્ષ્મણને આદેશ આપતા તેના પિતાને લાજ પણ ન આવી વળી અગસ્તિ ઋષિ સમુદ્ર ઉપર કોપાયમાન થયાં તેમણે સમુદ્રને શોષવી નાંખ્યો ત્યારે કૃષ્ણ કે ચંદ્ર કોઈ સગા કામ ન આવ્યાં. અર્થાત્ અન્ય કોમમાં કહ્યું છે કે, અગસ્તિ ઋષિ સમુદ્રને પી ગયાં ત્યારે સમુદ્રનાં જમાઈ કૃષ્ણ કે સમુદ્રનો પુત્ર ચંદ્ર એકેય સમુદ્રને બચાવી ન શક્યા. ॥૩॥

तव कोटवाल फिर उचरें रे, ताहरें छें वली कोय,
कुअर कहें आ वारमें रे, मुझ काजें नावें कोय ॥४॥ कुंअर.

હવે કોટવાળે ફરી પૂછ્યું, ભાઈ ! હવે તને જામીનગીરી ઉપર છોડાવે

તેવું કોઈ હોય તો કહે, કુમાર કહે છે, આવા નબળા સમયે મને કામમાં આવે તેવું કોઈ રહ્યું નથી. ॥૪॥

वली संभारतां रुडी परें रे, संदेह रहस्यें मन सोय,
काम सर्या केडे फूलस्ये रे, हृदय वीमासी जोय ॥५॥ कुंअर.

કુમાર કોટવાળને કહે છે, હું રૂડી રીતે બધાંને યાદ કરું પણ તેમના મનમાં સંદેહ રહેશે. કામ પૂરું થશે પછી બધાં ડાહ્યા થવા આવશે. આ વાત હૃદયમાં ખરેખર વિચારવા જેવી છે. ॥૫॥

संभारतां तिहां संभार्यो रे, कायथ सुत संभर्यो तेह,
वरस छमासि मिलतां थकां रे, निजरनी प्रीत थई जेह ॥६॥ कुंअर.

બહુ વિચારતા કુમારને કાયથ (કાયસ્થ) જ્ઞાતિનો યુવાન યાદ આવ્યો. બહુ લાંબા સમયે એક વર્ષે અથવા છ મહિને ક્યારેક મળવાનું થતું જયારે પહેલીવાર મળવાનું થયું ત્યારે પહેલી નજરે મિત્રતા બંધાઈ ગઈ હતી. ॥૬॥

मिलतां कहें तो काज सरे रे, कहेंयो मुझ वली कांम,
कोटवाल लेई चालिओ रे, देवदत्त तणें आव्यो धाम ॥७॥ कुंअर.

મદનકુમારે કોટવાળને કહ્યું, ચાલો આપણે કાયસ્થ મિત્ર ***દેવદત્ત***ના ઘરે જઈએ. તેને મળીએ અને મારી આપવિતી કહીએ. ॥૭॥

कोटवाल आवी जगावीओ रे, उठो देवदत्त कुमार,
ततखिण ते आवी उभो रह्यो रे, बे जण मीलीअ कुमार ॥८॥ कुंअर.

દેવદત્તના ઘરે જઈને તેને ઉઠાડ્યો, તુરત ઊઠીને બહાર આવ્યો અને મદનકુમારને જોતા આશ્ચર્ય પામ્યો. ॥૮॥

देवदत्त पूछें आ वारमें रे, किम पधार्या साहस धीर,
कोटवाल कहें सांभलो रे, श्याम चोरी झाल्यो वीर ॥९॥ कुंअर.

આશ્ચર્ય પામેલા દેવદત્તે કહ્યું, અરે ! રાત્રીના સમયે અમારા દ્વારે ધીર-ગંભીર મદનકુમારને કેમ પધારવાનું થયું છે ? કોટવાળે કહ્યું આ કુમાર ચોરીના આરોપમાં પકડાયો છે. ॥૯॥

[1]बाहदर लेवा आवीओ रे, मुकावो मुंकुं तुझ पास,
राय मगावें तइं यें आणवो रे, नाठो मागस्यें तुझ पास ॥१०॥ कुंअर.

કોટવાળે કહ્યું, આ મદનકુમાર તમારી સહાય લેવા આવ્યો છે. તેને બાંહ્યધરી-જામીનગીરી આપી મુક્ત કરાવો અને તમારી સાથે રાખો, જ્યારે રાજા બોલાવે ત્યારે લઈ આવજો. ત્યાં સુધી ગુપ્ત રીતે તમારી પાસે રાખજો. ॥૧૦॥

ईलामाहि एहवा नर दीसही रे, आ वारमां आवें काज,
चतुरसागर कहें प्रसंसीए रे, ईग्यारमी ढाल छे शिरताज ॥११॥ कुंअर.

ચતુરસાગર અગિયારમી ઢાળ પૂર્ણ કરતાં કહે છે કે, જગતમાં એવા પણ માણસો છે તો ખરા, જે મુશ્કેલીના સમયે કામ આવે છે. ॥૧૧॥

दुहा

कोटवालनें कायथ कहें सिधावो हर्षसु गेह,
काम काजे हाजर सही [2]मम आणजो संदेह ॥१॥

કાયસ્થ દેવદત્ત કોટવાળને હૈયાધારણ આપે છે કે, આપ નિશ્ચિંત થઈને જાઓ, જ્યારે આપને કામ પડશે ત્યારે જરૂર મદનકુમારને લઈને હાજર થઈશ તેમાં જરાય શંકા રાખશો નહીં. ॥૧॥

कोटवाल रुडी परें सुंपी चाल्यो तेह,
कुंयरनें कहे चिंता मम करो लाधें माणस अवस्था एह ॥२॥

કોટવાળ મદનકુમારને દેવદત્તને સોંપીને ચાલ્યો ગયો, પછી મદનકુમારને દેવદત્ત કહે છે, કુમાર ચિંતા કરશો નહીં, માણસને ક્યારેક અણધારી આફત આવી પડે છે. ॥૨॥

राजन तुम सिधावीइं पूरो मननी हाम,
मनमान्या पछी आवज्यो सारो वंछित काम ॥३॥

દેવદત્ત કહે છે, હે રાજન્ ! તમે હવે અહીંથી સિધાવો મનમાં હિંમત રાખજો મનમાને તો વિશ્વાસ રાખો તમારું ઇચ્છિત કાર્ય હું કરી આપીશ. ॥૩॥

१. बाहदर=*બાંહ્યધરી.* २. मम=*નહીં.*

कुमर कुमर प्रतें विनवें जई बोलावो नारि,
मदन कहे मिली आवस्युं विस्मय थयो राय तिवारी ॥४॥

દેવદત્તકુમાર મદનકુમારને કહે છે તમે જે વાત કરી તે સ્ત્રીને મળીએ ત્યારે ખરી વાતની ખબર પડે આ સાંભળી મદનકુમાર બોલ્યો આપણે તે સ્ત્રીને મળવા જઈશું તો રાજા બીજી અનેક શંકા-કુશંકા કરશે ॥૪॥

धन्य देवदत्तने मोकलो मुक्यो कुमार
खून(गुनह) प्रभातें पूछस्यैं भय नवी आणें लगार ॥५॥

દેવદત્ત મદનકુમારથી છૂટો પડી સવારના પહોરમાં જયસુંદરી પાસે ગુનાની જાણકારી મેળવવા ગયો જેથી મદનકુમાર ઉપર જે કલંક લાગ્યું છે તેનો ખુલાસો થશે તેથી કુમારને ભય રહેશે નહિ. ॥૫॥

ढाल-१२, प्रणमी गोरी जाय रे नंदने, सारद लागूं पाय -ए देशी.

कुमर तिहांथी रे आवतो भावतो मलपतो सीह.
राजा केडें रे सही चालीओ रे बलीओ छिद्र जोवा आवें अबीह ॥१॥

દેવદત્તને મદનકુમાર ઉપર વિશ્વાસ હતો તે નિરભય હતો તે સિંહની છટાથી મદન અને જયસુંદરીની ગુપ્ત વાત જાણવા ચાલી નીકળ્યો. ॥૧॥

सुंदरी झूरें रे एकली विकल थयी घणुं जेह,
विण खाधा पीधा सहिं रे खोटो दोस चढ्यो वली एह ॥२॥

જયસુંદરી મદનકુમાર વગર બેબાકળી થઈ ઘણી દુઃખી થઈ રહી છે તે ખાધા-પીધા વગર એકજ વિચાર કરે છે કે મદનકુમાર ઉપર ખોટો આરોપ ચડ્યો છે. ॥૨॥

जयसुंदरी गोरी झूरें रे, नयणें खरंता रे नीर,
जाणें तुठो मोती हार रे, निचोवा योग्य थया छे चीर ॥३॥

જયસુંદરી દુઃખી થઈ રહી છે તેની આંખમાંથી આંસુ ખરી રહ્યાં છે. તે આંસુ જાણે મોતીનો હાર ન તૂટ્યો હોય તેવા લાગે છે જયસુંદરીના કપડા આંસુથી એટલા ભીના થઈ ગયા છે કે નિચોવા પડે તેવા છે. ॥૩॥

कुमर तिहां उपर सिधावीओ हरखी कुमरी मनमाहिं,
सज्या वली रे जई तिहां बेठो पेठो छांनो राजा वली जोवा आय ॥४॥

મદનકુમાર જયસુંદરીના નિવાસસ્થાને પહોંચ્યો અને જયસુંદરી આનંદિત થતી મદનકુમારને પલંગમાં બેસવા કહ્યું. રાજા છૂપી રીતે પાછળ આવી ચડ્યો. ॥૪॥

[1]जोषा प्रति कुयर कहें रे, सांभली तु मुझ वाणि,
प्रभातें राजा तेडस्यैं देवदत्त थयो रे जमान ॥५॥

મદનકુમાર જયસુંદરીને કહે છે કે, મારી વાત સાંભળ. રાજા સવારે મને બોલાવશે. મારી ઉપર ચોરીનો આરોપ છે તેથી દેવદત્ત મારો જામીન થયો છે. ॥૫॥

कुंण जाणें छैं रे दैवगति तुझनें कहेवो प्रबंध,
हियामांथी म वीसारयो आवतां वरस थयो रे प्र(सं)बंध ॥६॥

સંસારમાં શું થવાનું છે તે કોણ જાણે છે ? ભાગ્યમાં શું લખ્યું હશે તે તો શું કહેવાય ? પણ હૈયામાંથી મને ભૂલીશ નહીં પાછા આવતાં એક વર્ષ પણ વીતી જાય. ॥૬॥

अबला बोलें रे वली वली नेह गेहली रे होय,
मुझ कारण दुख पावस्यो अंतराय भोग करम छै रे जोय ॥७॥)

ત્યારે લાગણી-પ્રેમથી ઓતપ્રોત થયેલ સ્ત્રી ઘડી ઘડી કહી રહી છે કે, મેં અંતરાયકર્મ કર્યો હોય મારા નિમિત્તે તમો દુઃખ પામ્યા છો. ॥૭॥

एता दिन मुझ आस्या हती सरस्यें माहरो रे काज,
के तुम्हें मर्दाइरेमां नहें के कहतां आवे रे लाज ॥८॥

કેટલાય દિવસથી મને આશા હતી કે એક દિવસ એવો આવશે અને મારી મનોકામના પૂર્ણ થશે પણ તમે મર્દ (પુરુષમાં) છો કે કેમ ? તેવું કહેતા ય શરમ આવે છે. ॥૮॥

---

१. जोषा=*સ્ત્રી-નારી.*

नारि न कहें रे मुख थकी नयणे बतावें रे सान,
आज कहुं हुं मुह प्रकाशि रे काय मूको रे [१]अवसाण ॥९॥

સ્ત્રી પોતાની કામેચ્છાની માંગણી મોઢામોઢ ક્યારેય કહે નહી તે આંખના ઈશારાથી સાનમાં સમજાવે છતાં આજે હું મારા મોઢેથી કહું છું છતાં મોકો કેમ જતો કરો છો ? કેમ તે વાતનો છેડો લાવતા નથી ? ॥૯॥

पंच तणी रे हुं सांखे दाखी परणु ते मुझ नारि
अवर भगनी वृद्ध माडली ए माहरें छे निरधार ॥१०॥

હજુ મદનકુમાર પોતાની વાતમાં દઢ છે તે કહે છે, મહાજન-પંચની સાક્ષીએ હું લગ્ન કરીશ તે મારી પત્ની થશે. તે સિવાય બીજી બધી સ્ત્રી મા-બેન માનીશ. આ મારો નિર્ણય છે. ॥૧૦॥

दुहा

कुमरी कहें सामी सुणो कुण जाणें कल्यनी वात,
परणो इहां कलस मांडीनें [२]सिरावें(डें) चढावो वात ॥१॥

જયસુંદરી મદનકુમારને વિનંતી કરતા જણાવે છે કે, કાલની વાત કોણ જાણે છે. કાલે શું થવાનું છે કોને ખબર ? માટે મારી સાથે અહીં ચોરી માંડીને લગ્ન કરી વાતને સીધા માર્ગે ચડાવી વાતનો અંત લાવો. ॥૧॥

कुमर कहें सुण सुंदरी सांप्रति राय करें जो घात,
तो पिण खूणें(नें) नवी आदरुं जो जाइं वही युग सात ॥२॥

મદનકુમાર કહે છે કે હે સુંદરી ! સાંભળ રાજા મને ફાંસીએ ચઢાવી મારી નાખે તો પણ મારા શીલધર્મને લાંછન લાગે તેવો ગુનો હું સાત ભવમાં પણ નહિ કરું. ॥૨॥

बाकी हुं इहां नवी चलुं पचिम उगें सूर,
तुझ तात मुझ कहेस्यें घणुं तो परणुं चढते नूर ॥३॥

હે સુંદરી ! તું સમજી લે તારા કહેવાથી બધાથી છુપી રીતે હું તારી સાથે લગ્ન નહીં કરું કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગશે પણ હું મારા નિયમમાં અચલ રહીશ. જો તારા પિતા કહેશે તો હું તારી સાથે ઘણા આનંદથી લગ્ન કરીશ. ।૩।

---

१. अवसाण=*મોકો-તક*. २. सिराडें=*સીધા માર્ગે.*

प्रभातें राजा तेडस्यें करस्यें तुम्ह अपराधि,
तुम विरहें किम जीवस्यूं करस्यूं तुम्हारो साथि ॥४॥

સવાર પડશે કે રાજા તમને બોલાવશે અને તમને ચોર સમજી સજા કરશે. તમને કારાવાસ થશે પછી હું તમને કેવી રીતે મળી શકીશ. હાય હાય ! તમારા વિના કેમ જીવી શકીશ. ॥૪॥

कहें मदन राजा तेडस्यें मिलस्यें लोक हजार,
तेह ठामें दरिसण आपजे सुंदरि नही तुझ समान ॥५॥

મદન કહે છે જયારે રાજા મને બોલાવશે ત્યારે ઘણા લોકો હાજર હશે. જો તને મારા ઉપર લાગણી હોય તો રાજા સમક્ષ તે સ્થાને તું પણ હાજર થજે, તને જોઈને મને પણ આનંદ થશે. કેમ કે, તારા જેવી સ્ત્રી મેં આજ સુધી જોઈ નથી. ॥૫॥

ढाळ-१३, नृप कहें नाटिकीया प्रतें हो हरिया मत लागो -ए देशी.

सीख करी कुंअर चालें पडें [1]अपूठा पाव रे,
कुंयर सांभलो कुमरी कहें [2]ईभ्यनंदन प्रते कायगमो आव्यो दाव रे ।१।

આ પ્રમાણે મદનકુમાર જયસુંદરીને શિખામણ આપી પાછા પગલે ચાલી નીકળ્યો. સ્ત્રીચરિત્ર પ્રકાશતા કુંવરી મદનકુમારને કહે છે કે, કુંવર સાંભળો. તમારા જેવો ધનવાનનો પુત્ર કેટલાય સમયે હાથ આવ્યો છે. ॥૧॥

कुयर सांभलो वारी जाउं ताहरा नामनें गोद बीछावी कहय गुलाम रे, कुंयर.
कोमल वचन प्रकासती चालें गज जिम [3]अलान रे. कुंअर. ॥२॥

કુંવર ! સાંભળો તમારી ઉપર મને અગાઢ પ્રેમ છે. તમારી ઉપર હું વારી જાવ છું. ખોળો બિછાવીને આ દાસી તમને વિનંતી કરે છે એમ કહેતા ગદ્‌ગદિત થઈને હાથી જેમ આલાન-સ્થંભે બંધાય તેમ કુંવરને વળગી પડી. ॥૨॥

कुंयर चरित जाणिनें नृप चिंतें मनमांहि रे, कुंअर.
साहसीक पूरुष जाणिनें आवें दया मनमांहि रे, कुंअर. ॥३॥

१. अपूठा=*પાછા પગે.* २. ईभ्यनंदन=*ધનવાનનો પુત્ર.* ३. अलान=*હાથીને બાંધવાનો સ્થંભ.*

મદનકુમારનું શુદ્ધ ચરિત્ર જાણીને રાજા મદનકુમાર માટે વિચાર છે કે આ સાહસિક વીર પુરુષ છે, તે દયાને પાત્ર છે. ॥૩॥

[१]कायथ घर कुंअर आवीओ अबला मेल्ही निरास रे, कुंअर.
वहेला मित्र किम आविया रह्या नहिं मास छ मास रे. कुंअर. ॥४॥

મિત્ર દેવદત્તના ઘરે મદનકુમાર પહોંચી ગયો, દેવદત્ત આશ્ચર્યપૂર્વક પૂછે છે, મિત્ર જયસુંદરીને નિરાશ કરીને આવી ગયો ? મહિનો કે છ મહિના તું જયસુંદરી સાથે કેમ રહ્યો નહીં ? ॥૪॥

राय कबहिक तेडस्यें करस्युं [२]पतिजा तिहां जाय रे, कुंअर.
तुझ वती(हुं) झगडू सही, नावें बांधवने दाय रे. कुंअर. ॥५॥

રાજા ક્યારે બોલાવે તે નક્કી નહીં અને બોલાવે ત્યારે જઈએ તો જ વિશ્વાસપાત્ર થઈએ ને ? ત્યારે મિત્ર કહે છે કે, તારા વતી હું ઝગડીશ. મારા ભાઈ જેવા મિત્રને આંચ નહીં આવવા દઉં. ॥૫॥

रजनी अरो-परो भम्यो [३]तार्ढि थयो कुमर श्रांत रे, कुंअर.
स्त्रीने कहें समीपसूए लेईनइं जिम पामें कुयर शांत रे. कुंअर. ॥६॥

મદનકુમાર રાત્રીના સમયે આમ તેમ ફર્યો તેથી થાકીને આવ્યો છે ઠંડી લાગી છે માટે હે સ્ત્રી ! તું તેને બાજુમાં લઈ સૂએ તો કુંવર શાંત થશે. ॥૬॥

नारि आधो लेईनईं सुतो भेलो जाई रे, कुंअर.
[४]गलबाजी आघो घालिने तो लेंछैं मुझ माय रे. कुंअर. ॥७॥

સ્ત્રીએ કુમારને ગળે લગાડી પોતની પાસે સુવડાવ્યો ત્યારે કુંવર દૂર જઈને સૂતો અને કુંવર બોલ્યો, ‘‘મારી મા મને આ રીતે ગળે લગાડી સુવડાવતી હતી.’’ ॥૭॥

निसुर्णि राय निसर्यो एहनी प्रीतने स्याबास रे, कुंअर.
श्याम चोरीथी पकडी ते पिण सुंप्यो स्त्रीनें विसास रे. कुंअर. ॥८॥

આવી વાત સાંભળી રાજા ખુશ થયો. તેના પ્રેમને ધન્ય છે. સ્ત્રીનાં કારણે પકડાયો છતાં પણ વિશ્વાસથી દેવદત્તે પોતાની સ્ત્રીને (મદનકુમારને) સોંપ્યો. ॥૮॥

---

१. कायथ=*મિત્ર.* २. पतिजा=*પ્રતીતિ, વિશ્વાસ.* ३. तार्ढि=*ટાઢ-ઠંડી.* ४. गलबाजी=*ગળે લગાવવું.*

भूपती विस्मय पामीओ घर आव्यो गृह काज रे, कुंअर.
कोटवालनें राय प्रेरीओ चोरभूमी शुद्ध करो आज रे. कुंअर. ॥९॥

રાજા રાજકાજ આટોપી આશ્ચર્ય પામતો પોતાના મહેલે આવ્યો અને કોટવાળને કહ્યું કે ચોરભૂમિ (જેલ) શુદ્ધ કરાવો. ॥૯॥

तिहां सिंघासण मंडावज्यो उपरि डेरा मोटा लाल रे, कुंअर.
सभा सहु जडि बेंसे तिम बीछायो झलीछा सेत्रुंजी पाल रे. कुंअर. ॥१०॥

ચોરભૂમિ શુદ્ધ કરાવી ત્યાં સિંહાસન મૂકાવો અને તે જગ્યાએ મોટો મંડપ (ડેરા-તંબુ) બંધાવો અને તે જગ્યાએ સભાજનો વિશાળ સંખ્યામાં બેસી શકે તેવી રીતે ગાલીચા-શેતરંજી પથરાવો. ॥૧૦॥

तेरमि ढालें वृतांत जाणिनें भवीजन छांडो कषाय रे, कुंअर.
चतुरसागर कहें तिम करो शील प्रति करो सखाय रे. कुंअर. ॥११॥

ચતુરસાગરજી તેરમી ઢાળે વિસ્તૃત વૃત્તાંતનો સાર જણાવતા કહે છે કે હે ભવિજન ! કષાયને છોડો અને શીલધર્મની અનુમોદના કરો. ॥૧૧॥

दुहा

राय हुकमथी सवि कर्यो नगरथी रचना एकांति,
सभा आगल दोय सूली धरी तेहथी लोक थयो भयभ्रांति ॥१॥

રાજાના આદેશથી કોટવાળે નગરથી દૂર નિર્જન સ્થળે બંધાવેલ વિશાળ મંડપની વચ્ચે ફાંસીનાં બે માચડા ઊભા કરાવ્યા જેથી મંડપમાં આવેલ નગરજનો ભય પામવા લાગ્યા. ॥૧॥

आरक्षक रायनें विनवें स्युं करो प्रभु पसाय,
निसाइं तुझनें सूपीओ जई चोरनें तिहां ल्यावि ॥२॥

અંગરક્ષક રાજાને કહે છે પ્રભુ મારા ઉપર આજનો દિવસ કૃપા કરો. રાત્રી થતાં સુધીમાં ચોરને શોધી લાવીશ અને આપને સોંપીશ. ॥૨॥

हाक दडबड करये घणी हाथ म अडये लिगार,
दोर सिंचालो ईंम करी राय छा(चा)ल्यो शिकार ॥३॥

અંગરક્ષકે નગરમાં જઈ દોડાદોડી કરી કેટલાયને દબડાવ્યા પણ ચોર હાથ લાગ્યો નહીં. ત્યારે રાજાએ એક મજબુત દોરડું વગેરે તેને આપ્યું અને રાજા પોતે શિકાર કરવા ગયો. કોટવાળે આખો દિવસ રઝળપાટ કરી નગરના ઘર ઘર તપાસ્યા ત્યાં મોડી રાત્રે દેવદત્તને ત્યાંથી ચોર પકડાયો. ॥૩॥

कोटवाल आवी कहें सूप्यो रात्री मझार,
राय इंम तुम उपदिसें झाल्यो चोर चालो दरबार ॥४॥

કોટવાળે દેવદત્તને કીધું કે આજે મદનકુમારને લઇ જવાનો છે, તેથી દેવદત્તે મદનકુમારને મધ્યરાત્રીએ કોટવાળને સોંપ્યો. દેવદત્તે ખુલાસો કરતા કહ્યું કે રાજાને કહેજો ચોર પકડાય ગયો છે અને તેને રાજદરબાર લઈ આવ્યા છીએ. ॥૪॥

चालो देवदत्त कहें साद नहिं रात्रिनो लवलेस,
संताड्यो बाहीधरो रायनो छें ए आदेश ॥ ५॥

દેવદત્ત કહે ચાલો, હું સાથે આવું છું. રાત્રિ છે માટે જરાય અવાજ ન કરશો મેં જામીન તરીકે છોડાવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારે કોટવાળે કહ્યું કે, તેને છૂપી રીતે લઇ જવાનો છે હાથકડી કરી મોઢું ઢાંકીને લઇ જવાનો રાજાનો આદેશ છે. ॥પ॥

ढाल-१४, वालमीया अलगारा हो नें -ए देशी.

कोटवाल कहे चालो जे होई तुम्ह अन्याई,
कहें ततखीण देवदत्त उठीनें, परखी कहे तुं नहिं भाई, साछु(चु) बोलो.
तुं सा पुरिसामांहिं शिरोमणि साछु(चु) बोलो. ॥१॥
तुझ वयण सुणिने कहुं छुं भाई, साछु(चु) बोलो. -ए आंकणि.

કોટવાળ કહે છે ભાઈ જેને અન્યાય કર્યો હોય તે ચાલો. આ સાંભળી દેવદત્ત તુરંત ઉભો થયો. ત્યારે કોટવાળે કહ્યું 'ભાઇ ! તું ક્યાં સાચો ગુનેગાર છે ? તારા વચન ઉપરથી લાગે છે તું પુરુષોમાં શિરોમણિ છે. ॥૧॥

उत्तम नर[रे]सर में वात विचाले आव्यो,
तुझ ले जईस्युं तिहां किजें निशाचर स्युं छैं दावो. साचु बोलो० ॥२॥

ત્યારે કોટવાળ કહે છે કે, તું ઉત્તમ મનુષ્યોમાં અગ્રગણ્ય લાગે છે. મેં તારી વાત સાંભળી પણ તું જામીન થયો છે માટે તને ત્યાં લઇ જવો પડશે. તું રાજાને વિસ્તારથી ત્યાં આગળ રાત્રીના સમયે બનેલી હકીકત જણાવજે. ॥૨॥

झघड करें देवदत्त तिहां किण रात्रि झलाणो हुं तेतो,
पकडी करंता कुयर जाग्यो, गुनह कर्यो म्हें छें एतो. साचु० ॥३॥

દેવદત્ત કોટવાળ સાથે માથાકુટ કરે છે, કઇ રાત્રે હું પકડાયો ? આવી વાત થઈ રહી છે ત્યાં મદનકુમાર જાગ્યો, જાગતાની સાથે જ મદનકુમાર કહે છે કે ગુનો મેં કર્યો છે. ॥૩॥

मदनकुमर कहें बांधव तुम्हे करो लीला,
तुम्हारो काम नहिं छे इहां किण, भोगवस्ये खू(गु)नीय ईकेला. साचु०॥४॥

મદનકુમાર દેવદત્તને કહે છે હે મિત્ર ! તું આનંદ કર. ચિંતા કરીશ નહિં, કચેરીમાં તારે આવવાની જરૂર નથી, આ કલંક કોના માથે આવશે તે સમયે ખબર પડી જશે. જે ગુનેગાર હશે તે એકલો જ સજા ભોગવશે. ॥૪॥

एक एकनें तरस्यें सनेही, गाज्यें जिम घन मोरा,
परस्पर एक एक माथे लेवें, कहें वालेसर नही कामज तोरा. साचु० ॥५॥

મદનકુમાર અને દેવદત્તને મેઘ અને મયૂર જેવી પ્રીતિ છે એક બીજાને માટે તલસે છે, પરસ્પર ગાઢ પ્રેમને કારણે કોટવાળને જણાવે છે કે તે નિર્દોષ છે ના ના હું નહિ તે નિર્દોષ છે, અર્થાત બંને જણ ગુનેગાર તરીકે હાજર થવા તૈયાર છે. ॥૫॥

दोनू घ(झ)गड करतां आरक्षक लिख्यो नवी जावें,
दोनू आगल करीने चालें भरीय सभाम्हें ल्यावें. साचु० ॥६॥

બન્ને જણા આરોપ પોતાના માથે લેવા તૈયાર થાય છે ત્યારે ગુનો એક અને આરોપી બે તેથી સિપાઈ અટવાય પડ્યો કે મારે કોની સામે ગુનો નોંધવો તેથી મદનકુમાર અને દેવદત્તને ભરી રાજસભામાં લઇ આવ્યા. ॥૬॥

पुरी जन प्रबल मिलिओ जोवा मिलिओ राणो राण,
तेणें अवसर राजा चलीओ आवें मांडि थई अजाण. साचु० ॥७॥

નગરજનો એકડેઠેઠ મંડપમાં બેઠા છે એક બીજાને મળે છે, રાજા જાણે દરેક વાતથી અજાણ હોય તેમ ઉતાવળે આવીને સભામાં બેઠા. ॥૭॥

अधिपति सिंघासण राजें मंत्री समीप विराजें
सर्ग सभा भूवीपीठमां आणि इंद्र थकी अधिकी छाजें. साचु० ॥८॥

સર્વ સભા પૃથ્વીપીઠ ઉપર જાણે ઈન્દ્રસભા કરતાં પણ વધારે સારી રીતે શોભી રહી છે. રાજા સિંહાસન ઉપર વિરાજમાન થયા બાજુમાં મંત્રી બેઠા. ॥૮॥

अजाण थयीनें पूछैं नागरजन किम मिलिओ सवेरो,
श्याम चोरी झल्याणो कुयर आगलि उभो भलेरो. साचु० ॥९॥

અજાણ થઈને રાજા પૂછે છે કે, સવારમાં આટલા માણસો કેમ ભેગાં થયા છે ? ભલો મદનકુમાર આગળ ઊભો છે તેને જોતા નગરજનો રાત્રીમાં ચોરી કરતા સવારે કેવી રીતે પકડાયો તેની ચર્ચા કરી રહ્યાં છે. ॥૯॥

नयणें निहालि जोवें राजा दोय जण उभा सूरा,
उठि [१]ताजिम करि कहें इंम खू(गु)नीय छुं प्रभु तोरा. साचु० ॥१०॥

રાજા આંખમાં આંખ મિલાવી દેવદત્ત અને મદનકુમાર સામે જોઈ રહ્યો છે શૂરવીરની જેમ બંને ઉભા છે અને બે હાથ જોડી વિનંતી કરતાં રાજાને કહે છે કે, હે રાજન્ ! હું કલંકિત ગુનેગાર છું. ॥૧૦॥

क्रूर निजर करी रा अवलोकें कोमां से सहि [२]तक्षीरी,
चतुरसागर कहें चउदमी ढालें कुमर ज चरम शरीरी. साचु० ॥११॥

રાજા કરડી નજરથી અવલોકન કરે છે કે આ બેમાં કોણ ચોર છે ? ચતુરસાગરજી આ ચૌદમી ઢાળ પુરી કરતાં ચરમ શરીરી મદનકુમારની વાત આગળ જણાવે છે. ॥૧૧॥

दुहा

अजितसेन विचक्षण थको वेधक लहें विचार,
सूली तिहां तैयार ज करें कहें लोक थास्यें हाहाकार ॥१॥

---

१. ताजिम=*બે હાથ જોડી વિનંતી કરવી.* २. तक्षीरी=*ચોર,*

વિચક્ષણ એવો રાજા ***અજિતસેન*** બારીક નજરે વિચારે છે કે, ફાંસીનો ફંદો તૈયાર છે પણ બંનેમાંથી નિર્દોષને ફાંસી થશે તો લોકોમાં હાહાકાર થઈ જશે. ॥૧॥

वप्रत्रइनी रचना करे नरभ्यंतर हाथोहाथा जोडि,
मध्य अश्व बांध्या गज परघि बाह्यथी नावें मध्यको दोड ॥२॥

રાજા નગરજનોને એકબીજાના હાથ પકડાવી ગોળાકાર વર્તુળ બનાવડાવે છે તેની પાછળ બીજુ વર્તુળ ઘોડેસવારનું અને ત્રીજુ વર્તુળ હાથીનું તૈયાર કરાવે છે. જેથી અંદરથી કોઈ બહાર, કે બહારથી કોઈ અંદર જઈ શકે નહીં. ॥૨॥

माणस लाख गमे मिल्युं मध्य बाह्य जिहां तिहां न जवाय,
खेतरवा भूमि बांधी करी आकलिन करी पूछैं राय ॥३॥

માણસ કેટલાય પ્રયત્ન કરે તો પણ અંદર બહાર કોઈ જઈ શકે નહીં તે પ્રમાણે એક ખેતરવા ભૂમિને સાંકળી લીધી પછી રાજાએ પૂછતાછ શરૂ કરી. ॥૩॥

मदन कहें स्युं पूछीइं गुन कर्यो छें आज,
मन मांने सो कीजीइं खमाउ ए छु महाराज ॥४॥

રાજાની પ્રશ્નોતરીમાં મદનકુમાર ક્ષમા માંગતો બોલ્યો, રાજન્ ! હું આજે દરેક સમક્ષ ગુનો કબૂલ કરું છું. આપને જે યોગ્ય લાગે તે સજા કરો.।૪।

कुंअर विछें(चें) देवदत्त ज कहें गुनह कर्या म्हें हजार,
मदन तणों वाक जरा नथी ईंम झगड करें घडी विचार ॥५॥

મદનકુમારની રાજા સમક્ષ ગુનાની કબૂલાતની વાત ચાલુ છે ત્યાં તુરત દેવદત્ત વચ્ચે બોલ્યો રાજન્ ! હું આપનો હજારવાર ગુનેગાર છું. આમાં મદનકુમારનો વાંક જરાય નથી એમ અંદરોઅંદર બે-ચાર વખત વાદ-વિવાદ કરી ઝગડવા લાગ્યા. ॥૫॥

ढाल-१५, अरिहंत सुग्यानी साह्यब मेरा. -ए देशी.

ईंण अवसर जयसुंदरी प्रभुसुं करे अरदास,
विगर खूनी खून चढीओ कुमरनें पुठि राखो जई पास कें

कुंअरी मन स्युं चिंते बे(छे) बाहमें लालक बांण कें,
कुयरी चालें बे कानें मोती दिछे. लाल के ॥१॥
के हाथमें बरछी झलकें -ए आंकणि.

આ સમયે જયસુંદરી રાજાને વિનંતી કરે છે કે આ મદનકુમાર ઉપર જે કલંક લાગી રહ્યું છે તે બરાબર નથી કારણ કે તે ગુનેગાર નથી માટે તેને છોડી દેવો જોઈએ એમ કહીને સુંદરી કુંવરને પાછળ રાખી, પોતે આગળ જઇ ઉભી રહી.

જયસુંદરી બેબાકળી બની હાથમાં ધનુષ્યબાણ લઇ ચાલે છે ત્યારે બે કાનમાં મોતી ચમકે છે અને હાથમાં બરછી ઝળકી રહી છે. ॥૧॥

कुसंभल पाग सिर परि बांद्धी कीलंगी स्युं कसबी बंध,
मोटें पन्ने कसबी वागो पहिर्यो रुडें भिडाव्यो छे बंध के ॥२॥

માથા ઉપર કસુંબલ પિતામ્બર પાઘડી બાંધી છે અને પાઘડી ઉપર કલગી લગાવેલ છે. જયસુંદરી પોતાની મહત્તા-મોટાઈને શોભે તેવી મોટા પનાની કસબી વસ્ત્ર પહેર્યાથી રાજકુમાર જેવી સુંદર લાગે છે. ॥૨॥

छुटा केस के सुधा परिमल धूमति छाति दृढ कराय,
विपरीत अश्व पलाण मंडावी चढी कुमरी चलाय कें ॥३॥

છુટા વાળ રાખી સુગંધીદ્રવ્યનો શરીરે છંટકાવ કરી દઢમનોબળ વાળી જયસુંદરી વિપરીત શિક્ષા પામેલ ઘોડા ઉપર અસવાર બની ચાલી નીકળી. ॥૩॥

हलूईं हलूईं घोडो खेलावती माननी मदमतवाली,
हाथमें बरसी तोलावती मेलईं घोडो वाग उलालि कें ॥४॥

ધીરે ધીરે ઘોડાને ખેલાવતી જયસુંદરી અભિમાનથી ઘોડાની લગામ છોડી હાથમાં બરછી ફેરવતી ઘોડાને દોડાવી રહી છે. ॥૪॥

हयगय नर जिहां बहु मलिया किणहिं मांहिं न जवाय,
दखिणी पवनें बादल उडाडत तिम वल्लभ स्युं मिल्यो धाय कें ॥५॥

હાથી ઘોડાથી સજ્જ એવા ઘણાં સિપાઇઓ ત્યાં રહેલાં હોવા છતાં જેમ દક્ષિણ દિશાનો પવન વાદળોને વિખેરી નાંખે છે તેમ જયસુંદરી પણ તે દરેકને દૂર કરીને પોતાના પ્રિયતમ એવા મદનકુમારને મળવા વચ્ચે દોડી રહી છે.।।૫।।

आवत देखी कहें को ठकुरालो कें कोई देवांसि नर होय,
निजर देखीत अलगा रहवें मुजरो करी विछै(चैं) जोय कें ।।६।।

જયસુંદરીને આવતી દેખીને કોઈ ઠાકુર (જમીનદાર-આગેવાન) છે કે કોઇ દેવાંશી પુરુષ છે ? આ પ્રમાણે જોઇને લોકોએ હાથ જોડીને તેને આગળ જવા દીધી. ।।૬।।

[१]अभ्यंतरु परषदमें आवें तुरत उतरें त्याहिं,
कुमरनें त्रण्य प्रदिक्षणा देई करें सलांम त्याहि कें ।।७।।

જયસુંદરી સભાની અંદરના ભાગે આવી ઘોડા ઉપરથી ઉતરી મદનકુમારને ત્રણ પ્રદક્ષિણા દઇ લળી લળી તેને સલામ કરવા લાગી. ।।૭।।

त्रण्य वार [२]ताजीम करीनें तुरत थई असवार,
ज्युं आव्यो त्युं अस्व चलायो न करी ढील लिगार कें ।।८।।

જયસુંદરી મદનકુમારને ત્રણ વખત સલામ કરી ઘોડા ઉપર સવારી કરી જેમ ઘોડો લઇને આવી હતી તેમ ચાલી ગઇ તેમાં ઢીલ ન કરી. ।।૮।।

ठिकाणें तिहां जईनें पहोती पहिरें पूरव वेश,
परषदमें राय सहु निरखें कोणें कर्यो प्रवेश कें ।।९।।

અને પોતાના સ્થાને જઇ સ્ત્રીનો વેશ પહેરી લીધો આ બાજુ જ્યાં સભામાં નગરજનો અને રાજા બેઠા છે ત્યાં સભામંડપમાં કોણે પ્રવેશ કર્યો ? ।।૯।।

अजांण थई राय पाछलि मेलें दोय चलावे घोडा जेह,
जिहां होइं तिहांथी बोलाय ल्यावो केडें न मेलो एह कें ।।१०।।

રાજા તો સમગ્ર બીનાથી અજાણ હોય તેમ તે સ્ત્રીને પકડીને હાજર કરવા સિપાઈઓને હુકમ કર્યો કે તે છટકી ન જાય તેમ તેની પાછળ ઘોડેસવારો મોકલ્યા. ।।૧૦।।

---

१. अभ्यंतरु=*અંદર, અંદરના ભાગે.* २. ताजीम=*સલામ.*

पनरमी ढाल भली परिं दाखी पुन्य केरो सहाय,
कुंयर कलंक ईहां उतरस्यें चतुरसागर सुख थाय कें ॥११॥

આ પંદરમી ઢાળ સારી રીતે પૂરી કરતાં ચતુરસાગરજી જણાવે છે કે મદનકુમારને જે કલંક લાગ્યું છે તેમાં પુણ્યસહાયથી તે નિર્દોષ જાહેર થશે, તેનો આનંદ ચતુરસાગરજી વ્યક્ત કરે છે. ॥૧૧॥

दुहा

कुमरि घोडो बांधतां पगेरें आव्या असवार,
राय तुम्हनें बोलावतां न करो ढिल लगार ॥१॥

રાજાના હુકમથી કોટવાળ જયસુંદરી ઘોડાને બાંધી રહી છે ત્યાં પગેરું કાઢતાં પહોંચી ગયા અને જયસુંદરીને રાજાનો હુકમ કહી જણાવ્યો કે રાજા તમને બોલાવે છે જરાય ઢીલ કર્યા વગર જલદી ચાલો. ॥૧॥

कुमरी जाण्यो खोटो सही नवी उगरइं आज,
मांडि [1]विलखां करे थकें विणस्ये कुमर कुमरीनो काज ॥२॥

જયસુંદરી સમજે છે કે આ બધું ખોટું છે આમાંથી છૂટવાનો કોઈ ઈલાજ નથી વ્યાકુળ થવાથી તો આ બધી વાત વણસી જશે આમાં તો અમને જ નુકશાન થશે. ॥૨॥

जे गति कुमरनी हस्यें ते गति कुमरी होय,
लोकमां बदनामि थई नवी खोवुं भव दोय ॥३॥

કુમરી વિચારે છે, જે ગતિ કુમારની થશે તે ગતિ મારી થશે લોકોમાં બદનામી થવાની હતી તે થઈ ગઈ હવે બંને ભવ મારે બગાડવા નથી. ॥૩॥

यमराणो रूठो स्युं करें मरण थकी अधीक स्युं लेह,
राजा खीज्यो स्युं करें सत्व नवि छोडुं जेह ॥४॥

યમરાજા ગુસ્સે થાય તો વધારેમાં વધારે મૃત્યુદંડ કરે તેથી વધારે શું કરી શકે, તેમ રાજા ગુસ્સે થઈને શું કરશે હું અપરાધી હોઉં તો અસત્ય બોલું તો મારે બીક રાખવી પડે માટે જે સત્ય છે તે છોડવું નથી. ॥૪॥

---

१. विलखां=*વ્યાકુળ થવું, દુઃખી થવું.*

स्नान मज्जन पोतें करें पहिंरी सोल शृंगार,
तिहांथी कुमरी चालती कहे मायनें विचार ।।५।।

મધ્યાહ્ન થતાં જયસુંદરી સ્નાન કરી નવા વસ્ત્રો પહેરી સોળ શણગાર સજી માતાને પોતાનો વિચાર કહીને રાજદરબાર તરફ ચાલી નીકળી. ।।૫।।

ઢાલ-१६ आदिसर अवधारीईं तु छैं मोटो देव प्रभुजी -ए देशी.

पांच सात सखी लेई आवें कुमरी सभामें, प्रभुजी०
देवगुरु समरण करी संभारें धर्म इंणें कामें. प्रभुजी० ।।१।।
प्रभुजी कुमरी आवें मन मोजस्युं -ए आंकणी.

જયસુંદરી તેની પાંચ-સાત સખીઓ સાથે રાજદરબારમાં દાખલ થઈ તે પહેલા દેવ-ગુરુ-ધર્મનું સ્મરણ કરી કોઈ પણ પ્રકારના ડર વગર તેણીએ સભામાં પ્રવેશ કર્યો. ।।૧।।

पगे लाखिणि मोजडी झांझरनो झमकार. प्रभुजी०
नरनारी देखी कहेइं एतो हस्यें नागकुमार. प्रभुजी० ।।२।।

જયસુંદરીએ પગમાં રત્નજડિત લાખેણી મોજડી પહેરી છે અને પગમાં ઝાંઝરનાં ઝમકારાનો અવાજ થતાં નગરજનો અંદરો અંદર બોલી રહ્યાં છે કે આ કન્યા તો કોઈ નાગકુમારી જેવી લાગે છે. ।।૨।।

नगरलोक जोवा रह्यो कामनि मोहनवेल. प्रभुजी०
राय पूछै केहनी नंदनी पूछंतां न करो ढील. प्रभुजी० ।।३।।

નગરના લોકો આ કન્યાને જોઈ જ રહ્યાં, આ કામની મોહન વેલ લાગે છે. રાજા મંત્રીને કહે છે. આ કુંવરીને પૂછો તે કોની પુત્રી છે તે પૂછવામાં ઢીલ કરશો નહિ. ।।૩।।

मंत्रीसर तव ओलखी आस्यूं घरनो विचार, प्रभु०
मंत्रीसर झांखो थयो राजा पूछें वारोवार. प्रभुजी० ।।४।।

મંત્રી જયસુંદરીને એક નજરે જોઈ જ રહ્યો. અરે ! આતો ઘરની જ વાત છે. આ વાત રાજાને કેવી રીતે જણાવવી ? રાજા વારંવાર મંત્રી પાસે

જવાબ માંગે છે ત્યારે પોતાની જ પુત્રી હોવાથી મંત્રી મોં ઝાંખુ કરી નીચું જોઈને ઊભા રહ્યાં છે. ॥૪॥

हांसी सहु करता हता जब मांहिं आव्यो रेलो, प्रभु०
परनंद्या करें घणा पोतें नहिंय निरालो. प्रभुजी० ॥ ५॥

જ્યારે ઘણાં લોકો આ બાબતમાં બીજાની નિંદા કરતાં હતાં ત્યારે મંત્રી પણ તેમાં સામેલ હતાં જ હવે પોતાનાં ઘરમાં જ રેલો આવ્યો તેથી મંત્રીની સહુ મશ્કરી કરવા લાગ્યા. ॥૫॥

अधिपति खीजें अति घणुं थईय लाल गुलाल. प्रभु०
ताहरा घरमां नित्यें सदा स्युं छै ताहरा घरनो हवाल. प्रभुजी० ॥६॥

ક્રોધના કારણે રાજા લાલચોળ થઈ ખીજાઈ મંત્રીને કહેવા લાગ્યા, ''તારા ઘરમાં નિત્યે શું ચાલી રહ્યું છે તેનો જરા વિચાર કર, પારકા ઘરની નિંદા કરતા પહેલા તારા ઘરમાં શું બની રહ્યું છે તેનું ધ્યાન રાખ.'' ॥૬॥

कुमर प्रतें वली नृप कहें बेंमां कुण रे अन्याई. प्रभु०
मदन कहें रातिं मूझ झल्यो जिम जांणो तिम करो धाई. प्रभुजी०॥७॥

રાજા મદનકુમારને ઉદ્દેશીને કહે છે તમારા બન્નેમાંથી કોણે અપરાધ કર્યો છે ત્યારે મદનકુમાર બોલ્યો ''દેવદત્ત નિર્દોષ છે અને વળી રાત્રીના હું પકડાયો હતો તેથી રાજન્ ! આપને જે ઉચિત લાગે તે સજા કરો.'' ॥૭॥

मदन कहें सूली मुझ आपीइं देवदत्तनुं नहिं ईहां काम. प्रभु०
निरालो मुझ माटें झगडें मुको एहनें घर धाम. प्रभुजी० ॥ ८॥

મદનકુમાર દેવદત્તનો બચાવ કરતા રાજાને કહે છે કે, ફાંસીની સજા તો મને જ થવી જોઈએ. આ દેવદત્ત તો મારા માટે ખોટી રીતે આરોપ તેની ઉપર લઈ રહ્યો છે તેને છોડી મુકી તેના ઘરે મોકલો. ॥૮॥

भूपति राते लोयणे देवदत्त कहें करो मुझ कोप, प्रभु०
मदननें सिख भली परिं आपीईं सूली आपो मुझ स्युं कोप प्रभुजी०॥९॥

દેવદત્ત મદનકુમારની તરફદારી કરતાં રાજાને વિનંતી કરે છે કે મદનકુમારને છોડી મૂકો. બહુબહુ તો તેને ગંભીરપણે ચેતવણી આપી છોડી મૂકો અને મને ફાંસીની સજા આપો. ॥૯॥

साछु(चु) बोलो बालको तेहनें परणावुं नारि, प्रभु०
मदन कहें देवनें परणावीइं द्यो मुझ सूली वांक विचार. प्रभुजी० ॥१०॥

રાજા બંનેને સમજાવે છે કે, હે યુવાનો ! સાચુ બોલો તો આ કુંવરી સાથે લગ્ન કરાવીશ. મદનકુમાર બોલ્યો. ''આ કુંવરી દેવદત્તને પરણાવો અને મેં ગુનો કર્યો છે તેમ સમજી મને ફાંસી આપો.'' ॥૧૦॥

मदननें कन्या आपीईं रीसें देवदत्तनें सूली दीजे, प्रभु०
सोलमी ढाल चतुर इंम भणी खरो नेह एहनो कहीजें. प्रभुजी०॥११॥

ત્યાં દેવદત્ત મદનકુમારની તરફદારી કરતા કહે છે કે, મદનકુમારને કુંવરી પરણાવો અને મને ફાંસીની સજા કરો. બંને મિત્રોની ઉદારતા અને પ્રેમના વખાણ કરતા આ સોળમી ઢાળ પુરી કરતા ચતુરસાગરજી આગળ કહે છે.।૧૧।

दूहा

राजा प्रजा स्युं सही समझि न पडें कांय,
मोह किम मार अपावीइं मार्यें साछु(चु) बोलाय ॥१॥

મદનકુમાર અને દેવદત્તના વર્તનથી રાજા કે પ્રજાને કાંઈ સમજણ પડતી નથી. બન્ને મિત્રોને કેટલો સ્નેહ છે ? તે તો માર મરાવીએ તો ખબર પડે. મારવાથી સાચુ બોલી જશે. ॥૧॥

कोटवाल हाक करें घणी देखाडें कोरडा तास,
[1]मांडि बिहामण करें घणी पोहचाडु कुंयर सर्गावास ॥२॥

મદનકુમાર અને દેવદત્તની વાતનું નિરાકરણ આવતું નથી. કંટાળીને કોટવાળે મોટા અવાજે હાંક મારી, ''તમે સીધી રીતે નહિ સમજો તો આ કોરડાનો માર ખાશો.'' એમ કહી બીવડાવવાનું શરું કરે છે અને કુંવરને કહે છે સાચુ નહિ બોલે તો તને સ્વર્ગમાં પહોંચાડી દઈશ. ॥૨॥

आरक्षक प्रतिं सानज करें बिहावज्यो अत्यंत,
राजामाहिं सुनिजर स्युं जोवे रिषे ल्यो एहनो अंत ॥३॥

---

१. मांडि=*શરું કરવું*

વળી રાજા કોટવાળને સાનથી કહે છે કે, ભયંકર રીતે બીવડાવજો રોષ કરીને વાતનો અંત લાવો પણ તે મૃત્યુ ન પામે તેનું ધ્યાન રાખજો રાજા પણ તેને રહેમ નજરે જૂએ છે. ॥૩॥

अवस्था देखी बालक प्रतिं झूरें लोक हज्जार,
सांई तुम्हें उगारयो जो होईं पोतें पून्यउदार ॥४॥

હજારો લોકો આ વિકટ પરિસ્થિતિ જોઈને બાળ એવા મદનકુમાર અને દેવદત્ત તરફ દુઃખ વ્યક્ત કરતાં બોલી રહ્યાં છે, હે સાંઈ ! આ પુણ્યાશાળી જણાય છે તમે જ તેને ઉગારી શકશો. ॥૪॥

मदन कहें सूली आपीईं परणावो देवकुमार,
कहें देव(दत्त) सूली योग्य छैं परणावो मदनकुमार ॥ ५॥

હજુ પણ મદનકુમાર અને દેવદત્ત એક બીજાને નિર્દોષ કહે છે. મદન કહે છે દેવદત્તને કુંવરી પરણાવો. મને સજા કરો, દેવદત્ત પણ તેવું જ કહે છે, હું શૂલીને યોગ્ય છું. મદનકુમારને કુંવરી પરણાવો. ॥૫॥

ढाल-१७, भगवंत भासें सललित वाणि -ए देशी.

अजितसेन राजा चित छिं(चिं)तें, नवी बोल्यो काइअ साछु(चु) हो,
सूली आणि तेंयार ज कीधी कुमार कुमरी कीम सूली राछो(चो) हो ॥१॥
अजितसेन राजा चित चिंतें. -ए आंकणी

અજિતસેન રાજા મનમાં વિચાર છે કે, મદનકુમાર, દેવદત્ત અને જયસુંદરી કેમ એકબીજાનો ઢાંક-પીછોડો કરે છે ? સાચુ કેમ જણાવતા નથી ? ત્રણેની સામે ફાંસીનો માંચડો તૈયાર છે. કુંઅર કુંઅરી ફાંસીની સજા ભોગવવા કેમ તૈયાર થયા છે. ? ॥૧॥

कुमर आदि त्रण्य उपाडि सूली नजीक मंगावें हो,
लोक घणुं तिहां आंसु रेडे मंत्री ओसियालो नवी बोलावें हो ॥२॥ अजि०

ત્રણેએ શૂળીને પોતાની નજદીક મંગાવી, ત્રણે ફાંસીના માચડે ચડી જવા તૈયાર થયા છે. આથી નગરજનોની આંખમાં આંસુ ખરી રહ્યાં છે અને

મંત્રી ઓસીયાળો અવાચક થઈ ગયો. તેને કાંઈ સમજમાં આવતું નથી કે ખરેખર શું હકીકત છે. ॥૨॥

देव कुमर नर अवतारुं कुंण जाणें वात ए साछी(ची) हो,
कुंणें दीठो कुंणनें झाल्यो वात हुंति मूलथी काची हो. अजि०॥३॥

દેવના અવતાર જેવાં મદનકુમારને કોણે ચોરી કરતો જોયો છે ? કોણે પકડ્યો છે ? સજા ભોગવવા કેમ રાજી છે ? આ બધી સાચી વાત કોણ જાણે છે ? આ વાતના મૂળ સુધી પહોંચી શકાતુ નથી 'मूलो नास्ति कुतो शाखा' જેવી ગૂઢ સ્થિતિ ઉદ્ભવી છે. ॥૩॥

धन्य कुमारनें काजें ना कें [१]सल नवी घालें हो,
जरा वांक एहमां न मीलें पाणीआलो नर सहुमें आलें हो. अजि०॥४॥

મદનકુમારને કારણે દેવદત્ત નવાનવા કારણો ઉભા કરી શૂળ-દુઃખ પોતાના માથે સ્વીકારી લે છે તેથી રાજા વિચારે છે કે, ધન્ય છે આ કુમારને કોઈનો વાંક પોતાના માથે કોણ લે ? ખરેખર આ માણસ શૂરવીર છે. ॥૪॥

राजा मनमही अतीहिं झूरे पुरुषोत्तम एहनें किम दुःख दीजें हो,
एह नरना यतन करी जे एहनां चरणामृत लीजें हो. अजि० ॥५॥

અજીતસેન રાજા મનમાં અત્યંત દુઃખી થઈ રહ્યો છે, પુરુષોમાં ઉત્તમ એવા મદનકુમારને સજા કેમ આપી શકાય ? આ માણસનું જતન કરવા જેવું છે. તે પવિત્ર છે તેના તો પગ ધોઈને પાણી પીવા જેવો ઉત્તમ માણસ છે. ॥૫॥

राजा तेडी खोलें बेसारें मदननें मत जाणो को अन्याई हो,
[२]सोनाभाजन परिं निंकलंकी खबर करी छ मास लागें जाई हो. अजि०॥ ६ ॥

રાજા મદનકુમારને બોલાવી પોતાનાં ખોળામાં બેસાડે છે, તેને કોઈ અન્યાય કર્યો નથી. મદનકુમારની સત્યતા જાણવા છ મહિના સુધી મેં પરીક્ષા કરી છે તે સત્યનિષ્ઠ અને સોનાના પાત્ર જેવો શુદ્ધ છે. ॥૬॥

विविध प्रकारे पटंतर लीधो नवी चुको नर क्यांहिं हो,
धन्य एहना धैर्यपणानें धन्य यशोदा माई हो. अजि० ॥७॥

---

१. सल=*શૂળ-દુઃખ.* २. सोनाभाजन=*સોનાનું પાત્ર.*

વળી રાજાએ સભા સમક્ષ કહ્યું કે, આ કુમારની બધી જ રીતે પરીક્ષા મેં ખાનગી રીતે કરી લીધી છે. તે દરેક રીતે નિર્દોષ જણાય છે. રાજા કુમારના ધૈર્યપણાને તેમ જ તેની માતા યશોદાને પણ ધન્યવાદ આપે છે. ॥૭॥

फूल वृष्टि करें गगनथी देवा जेहनें शील कमी नहिं कोई हो,
पंचसबदा राय वजडावें वाजें निसाणें घाई हो. अजि० ॥ ८॥

મદનકુમારના શીલવ્રતમાં કોઈ શંકા ન હોવાના કારણે આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. પુષ્ટવૃષ્ટિ થતાં રાજાએ અત્યંત આનંદમાં આવી સેવકોને આજ્ઞા કરી ઢોલ-નગરાના ગગનભેદી નારા સાથે પંચશબ્દના વાજિંત્રો વગડાવ્યા. ॥૮॥

एहनि किरति प्रगट करवा [१]मांड फंद करी लियो झाली हो,
कोई वात अपर न जाणईं वसुधामें वात ए चाली हो. अजि० ॥९॥

મદનકુમારની કીર્તિ પ્રગટ કરવા બળપૂર્વક આ બધો પ્રપંચ રચી મદનકુમારને પકડ્યો હતો. 'આ નિર્દોષ છે' આથી વિશેષ બીજી કોઈ પણ વાત કોઈ જાણતું નથી. આખા નગરમાં એ વાત ચાલી. ॥૯॥

[२]चवरी मंडावी कुयर परणावें लगल[न] ततखिण लीधां हो,
मंत्रीसर मन आनंद पाम्यो मातपिता खुसि किधा हो. अजि० ॥१०॥

રાજાએ હુકમ કર્યો કે મદનકુમારનું લગ્ન જયસુંદરી સાથે અત્યારે જ થશે. તે માટે ચોરી (મંડપ) મંડાવી તૈયારી કરો. આ વાત જાણી મંત્રીશ્વર ખુશ થયો અને મદનકુમારના માતા-પિતા પણ આનંદિત થયા. ॥૧૦॥

राय पुत्र करी परणावें ए सवि शीयलनो महिमा जाणो हो,
चतुरसागर सतरमी ढालें जंपे कुयर विश्वास सहु आणें हो. अजि०॥११॥

ચતુરસાગરજી સતરમી ઢાળ પુરી કરતાં જણાવે છે કે રાજા મદનકુમારને પોતાના પુત્રની જેમ ઉત્સાહથી પરણાવે છે, મદનકુમાર ઉપર સહુ લોકો વિશ્વાસ કરવા લાગ્યા તેનું માત્રને માત્ર કારણ હોય તો તે શીલધર્મનો જ પ્રભાવ છે. ॥૧૧॥

१. मांड=*બળપૂર્વક.* २. चवरी=*ચોરી, મંડપ.*

दुहा

अति मंडाण ओछ्व करी जयसुंदरि परणो कुमार,
पांचसें गाम राइं आपीआ वली गजरथ घोडा अपार ॥१॥

રાજાએ જયસુંદરીના મદનકુમાર સાથે લગ્ન કરાવી આપ્યા. એટલું જ નહી સાથે સાથે હાથીઓ, ઘોડાઓ અને પાંચસો ગામ ભેટમાં આપ્યા. ॥૧॥

वली दास दासी तिहां सुंपीआ सुप्यो अरथ भंडार,
मंत्री वली विशेषें आपतो गणतां नावें पार ॥२॥

રાજા અજીતસેન મદનકુમારના શીલવ્રત ઉપર એટલો બધો આફરીન હતો કે ગામ-હાથી-ઘોડા તો આપ્યા હતા તેની સાથે દાસ-દાસી તેમજ રૂપાનાણુના ભંડાર આપ્યા, મંત્રીશ્વરે ઉદારતાપૂર્વક જયસુંદરી અને મદનકુમારને વિશેષ અન્ય ચીજવસ્તુ આપી જેનો ગણતાં પાર ન આવે. ॥૨॥

पंच दिवस बाहिर रहिं जमाड्यो जान मांडवो गांम,
सज्जन जन संतोषिया वरती जगमें [१]माम ॥३॥

જાનૈયાઓને પાંચ દિવસ ગામ બહાર ઉતારો આપી રોકી રાખી નગરજનો અને જાનૈયાઓને માંડવે જમાડ્યા વડિલ વ્યક્તિઓને પહેરામણી કરી સંતોષ પમાડ્યો તેના કારણે નગરજનોમાં પ્રતિષ્ઠા વધી. ॥૩॥

राजा देवदत्तनें आपें गाम पंचास,
मित्र एहवा जग वखाणीइं जगमें पाली वाच ॥४॥

અજિતસેનરાજા મદનકુમાર સાથેની દેવદત્તની મિત્રતાને વખાણતા હતા કે એક મિત્ર માટે વચન પાળીને ફાંસીના માચડે ચઢવા તૈયાર થયેલ એવા દેવદત્તને પચાસ ગામ ભેટમાં આપ્યા. ॥૪॥

अंबाडी उपरि बेंसीनें दंपती आवें नगर मझार
माथें छत्र चामर ढलें गुणिजन कीर्ति करें सफार ॥ ५॥

મદનકુમાર અને જયસુંદરી હાથીની અંબાડી ઉપર બેસી નગરમાં પ્રવેશ્યા. દંપતિના માથા ઉપર છત્ર છે. બન્ને બાજુ ચામર ઢળાય છે.

१. माम=*પ્રતિષ્ઠા, મોટાઈ.*

નગરના સુજ્ઞજનો મદનકુમાર, જયસુંદરી તેમજ દેવદત્તનો વૃત્તાંત જાણીને કીર્તિગાથા કહેતા અને સાંભળતા થાકતા નથી. ।।૫।।

ढाल-१८, चूडलें रे योवन झलरहिओ -ए देशी.

हयगयरथ परिवर्यो आवें मलपतो कुमार, हो लाल.
राय मंत्री पाछल थकी साथनो गणतां नावें पार. हो लाल ॥१॥
[1]वडवखति कुंयर भलो -ए आंकणि.

હાથી, ઘોડા, રથ વગેરેથી પરિવરેલો કુંવર મલપતો આવી રહ્યો છે. પાછળ રાજા અને મંત્રી જાનૈયાની સાથે ચાલી રહ્યાં છે, જાનૈયાની ગણતરી ન થાય એટલા બધાની વચ્ચે પુણ્યશાળી કુંવર શોભી રહ્યો છે. ।।૧।।

सहेंर सहु सिणगारीओ सिणगारा सहु बाजार, हो लाल.
गोखि गोखि जोवा रहि पहिंरी गोरी सिणगार. हो लाल ॥२॥

મદનકુમારના આગમનના સમયે સમગ્ર શહેરને તોરણ બાંધી શોભાયમાન કરેલ છે. બજારો તોરણ અને કમાનથી સુંદર રીતે શણગારેલ છે. નવપરિણીત યુગલ જ્યાંથી પસાર થઈ રહ્યું છે તે રસ્તા ઉપરના લોકો બારી-ઝરૂખામાં દંપતિને નિહાળવા માટે ગોઠવાય ગયા છે અને રસ્તે ઊભી દરેક સ્ત્રી સોળે શણગાર સજી પ્રસંગ માણવા આવી છે. ।।૨।।

केई वधावें फुलडे केई वधावें मोती थाल, हो लाल.
जयसुंदरी सम मानुनी पाम्यो सरुप भरतार. हो लाल. ॥३॥

મકાન ઉપરથી અને રસ્તે ઉભેલા પ્રજાજનો દંપતિને કોઈ ફુલથી તો કોઈ મોતીથી વધાવી રહ્યાં છે. અને બોલી રહી છે કે, જયસુંદરી સમાન સ્ત્રી આ સુંદર પતિને મળી. ।।૩।।

नारी आसिस द्यें घणी वर कन्या छि(चि)र नंद, हो लाल.
याचक जन बिरुदावली जीवयो जीहां लगें रवी चंद. हो लाल ॥४॥

---
१. वडवखति=*વિખ્યાત, પુણ્યશાળી.*

વૃદ્ધ સ્ત્રીઓ ઘણા આશીર્વાદ આપતા કહે છે કે, આ વર-કન્યા જુગજુગ જીવો તેવું કહી રહી છે, યાચક લોકો દંપતિને બિરુદાવલીથી વધાવે છે અને એથી ઘોષણા કરે છે કે, આ દંપતિનું જીવન યાવત્‌ચંદ્રદિવાકર સુધી સુખી રહો. ॥૪॥

मातपिताना पग नमी लीधो कंठ लगाय, हो लाल.

अम्हें तुझथी भला न थाय सात प्रिया तारी कुल आय. हो लाल ॥५॥

દંપતિ પોતાના ઘરે આવતાં માતા-પિતાના પગમાં પડી આશીર્વાદ મેળવે છે. તેમજ માતા-પિતા અને વડીલો મદનકુમારને ભેટે છે. અમે તો સમજી ન શક્યા, ખરેખર સુંદર એવી કન્યાને પરણીને તે સાતે કુળનું નામ ઉજાગર કર્યું છે. ॥૫॥

कुयर कहें सूण्यो तातजी म करो चिंता ए वाति, हो लाल.

पुव्व कलंक चढाव्यो हस्यें तेहथी उदय आव्यो राति. हो लाल ॥६॥

મદનકુમાર નમ્રપણે પિતાજીને જણાવે છે કે, હે પિતાજી ! આપ ખેદ ન કરો. પૂર્વ ભવમાં મેં આવું કલંક કોઈના માથે ચઢાવ્યું હશે તેથી પૂર્વભવનું પાપ ઉદયમાં આવ્યું અને રાત્રીના સમયે ચોર તરીકે પકડાયો. ॥૬॥

सात भूमीडं आवास आपीओं राय आप्युं रहवा काज, हो लाल.

मंत्रीसर पिण आदर करें सुखें चलावें राज. हो लाल ॥७॥

રાજાએ મને સાત માળનો મહેલ રહેવા માટે આપ્યો તેમજ મંત્રી પણ મારો આદર કરે છે અને આશીર્વાદ આપી કહે છે કે હવે સુખેથી રાજ્ય કરો. ॥૭॥

खांई पींई [१]खांतस्युं नारि, स्युं आय बन्यो तांन, हो लाल.

छु(चु)आ तेल फूलस्युं करें रंगराग पान. हो लाल ॥८॥

ખાઈ-પીને મજાથી આનંદ કરતા જયસુંદરી (દંપતિ)ની ખ્યાતિ વધવા લાગી, બંને જણ સુગંધી દ્રવ્યના તેલથી મર્દન કરી રંગ-રાગ અને વિનોદમાં સમય પસાર કરી રહ્યાં છે. ॥૮॥

दोगंधिक परि सुख भोगवें भोगवें रुकमणि जिम कान, हो लाल.

पंचेंद्रीना विषय रस लेतो ल्यें नित्य राजानुं मान. हो लाल ॥९॥

---

१. खांतस्युं=*મજાથી*

દંપતિ ગૃહસ્થજીવનમાં રાજા તરફથી માન-પાન મેળવે છે, દોગુંદક દેવલોકના દેવોની જેમ સુખ ભોગવી રહ્યાં છે કૃષ્ણ અને રુક્મણિની જેમ પાંચે ઇંદ્રિયનાં વિષયો ભોગવે છે. ॥૯॥

शील थकी रे सुख संपदा शीलें लहीइं सुत राज, हो लाल.
अरि करी सवी भय टलें तरीइं संसारनी पाज. हो लाल ॥१०॥

આ શીલવ્રતના કારણે મદનકુમાર અતિશય સુખ સંપદા પામ્યો છે તેમજ શીલધર્મના પ્રતાપે પુત્ર-પુત્રાદિ અને ધન-દોલતથી સુખી થયો છે. દુશ્મનના ભય ટળ્યા છે. તેથી આ સંસાર સાગરનો પાર પામી ગયો છે. ॥૧૦॥

ए सवी जाणज्यो साछु(चु) शीयल धरो चितमांहि, हो लाल.
चतुरसागर इहां कहें ढाल अढारमी उच्छाहिं. हो लाल ॥११॥

મદનકુમારનો વિસ્તૃત વૃત્તાંત તમે જાણ્યો તેથી તમે લોકો પણ દઢપણે શીલને પાળજો. આ વાત ચતુરસાગરજી અઢારમી ઢાળ પુરી કરતા ઉત્સાહથી જણાવી રહ્યાં છે. ॥૧૧॥

दुहा

अजितसेन राज्य करतां थकां वृद्धि थयो अभिराम,
जोग्य को सुत तेहनें नहिं आप्युं राज्य मदन ताम ॥१॥

કાશીદેશના વારાણસીનગરીના રાજા અજિતસેન હવે વૃદ્ધાવસ્થાને પામ્યા છે. પોતાનું વિશાળ રાજ્યને સંભાળી શકે તેવો કોઈ પુત્ર નથી માટે અજિતસેન રાજાએ મદનકુમારને રાજ્યધૂરા સંભાળવા યોગ્ય જાણ્યો અને સમગ્ર રાજ્યભાર મદનકુમારને સોંપી નિવૃત્ત થયો. ॥૧॥

राय मंत्री सुवृत लीईं पालें निरतिचार,
मातपिता कुंयरना वली ते पिण पालें संयम भार ॥२॥

રાજા અજિતસેન અને મંત્રી બુદ્ધિસારે દીક્ષા લીધી તેમજ મદનકુમારના માતા યશોદા, પિતા ધનદેવે સંયમ અંગીકાર કર્યો. ॥૨॥

राय प्रमुख आदिं करी पहोता स्वर्ग मझार,
पाछिल कुंयर राज करें तिहां आण मनावी सार ॥३॥

રાજા, મંત્રી અને મદનકુમારના માતા-પિતા આદિ સંયમધર્મની આરાધના કરતાં કરતાં સ્વર્ગસ્થ થયા મદનકુમારે પોતાના રાજ્યમાં આણા પ્રવર્તાવી. ॥૩॥

पडोसि राय वस कर्या कीधा सीमाडाना वस भूप,
जे जिम समझे तिम करें अन्यथा देखाडें स्वरुप ॥४॥

રાજા અજિતસેને સોંપેલ રાજ્યને સારી રીતે ચલાવી સમગ્ર લોકોમાં પોતાની હાંક-આણ મનાવી અને પડોશી રાજ્યના રાજાઓને પોતાના તાબામાં કર્યા જે રાજા તેના કહ્યા પ્રમાણે ન કરે તે રાજાઓને પણ વશ કર્યા. ॥૪॥

कें आवी प्रणमें सही कें आवी आपें सिरदंड,
कें आवी चाकरी करें इंम आण मनावी अखंड ॥५॥

મદનકુમાર પુણ્યયોગે રાજા બન્યો છે. તેને કેટલાય પગમાં પડે છે. કેટલાય ગુનેગારને સજા-દંડ કરે છે. કેટલાય મદનકુમારની ચાકરી કરે છે તેમ તેણે રાજ્યમાં આણ પ્રવર્તાવી. ॥૫॥

ઢાલ-૧૯, आज वधावो गछपति मोतिए -ए देशी.

आज वधावो वाणारसी अधिपति जीति आव्यो देशरे सर्व,
आण मनावी मदन राजवी नवी जाणें अन्यायनो मर्म ॥१॥
आज वधावो वाणारसी अधिपति -ए आंकणी.

વારાણસી નગરીનો નૂતન રાજવી મદનકુમાર પ્રજાવત્સલ રાજા છે અન્યાય તેના રાજ્યમાં સાંભળવા મળતો નથી મદનકુમારે અનેક પ્રદેશ જીતી લીધા છે. બધા લોકો ઉપર તેની આણ પ્રવર્તાવી છે. ॥૧॥

पहिरी ओढि स्त्री वधावती साह्ये ले साम्ही आय,
थाल भरी भरी लाल वधावती मदन तणा गुण गाय ॥२॥

રાજવી પરિવારની સ્ત્રીઓ સુંદર વસ્ત્રો પહેરી ઓઢીને શણગારેલા સાંબેલા લઈ મદનરાજવીની સામે આવી કંકુ-અક્ષતનાં થાળ ભરીભરીને વધાવતી મદનના ગુણગાન ગાય છે. ॥૨॥

सिंघा(हा)सण आसण ठवी रे, स(छ)त्रीस राजकुली भराय,
मदनरायनी कीरति विस्तरी रे, मारग चलावें रे न्याय ॥३॥

મદનરાજવી રાજસભામાં સિંહાસન ઉપર આસન જમાવી બેઠા છે, છત્રીસ રાજ્યના રાજાઓથી રાજસભા ભરાઈ ગઈ છે. મદનરાજાની યશકીર્તિ વિસ્તરી રહી છે અને ન્યાયપૂર્વક રાજ્ય કરી રહ્યો છે. ॥૩॥

देसमें अमार पालवतो रे, न करे को जीव हिंस,
देवदत्तने मंत्री करी थापीओ रे, सेवे नहि पापनो अंस ॥४॥

મદનરાય રાજ્યમાં અમારિ પળાવે છે, માટે રાજ્યમાં જીવહિંસા થતી નથી. નિઃસ્વાર્થી મિત્ર દેવદત્તને પોતાના રાજ્યનો મંત્રી બનાવ્યો. રાજ્યમાં થોડું પણ કોઈ પાપ કરતું જણાતું નથી. ॥૪॥

पटराणी थापी जयसुंदरी रे, राणी अन्य बहु कहवाय,
अनुक्रमें सुत दोय जनमीया रे, जयसुंदर वडो कहवाय ॥५॥

અન્ય રાણી ઘણી છે, તેમ છતાં જયસુંદરીને પટરાણી તરીકે સ્થાપી પટરાણી જયસુંદરીએ બે બાળકોને જન્મ આપ્યો. તેમાં મોટા બાળકનું નામ ***જયસુંદર*** રાખ્યું. ॥૫॥

लघु सुत रुपसुंदर जाणयो रे, अनुक्रमें निसालें आय,
भणिय यौवन वय आवीआ रे, मातपिता तव परिणाय ॥६॥

જયસુંદરના નાના ભાઈનું નામ ***રૂપસુંદર*** છે બન્ને ભાઈઓને અનુક્રમે નિશાળમાં ભણવા બેસાડ્યા ભણી-ગણી યુવાન થતાં તેઓને પરણાવ્યા. ॥૬॥

रुप लक्षण कुअर सोभता रे, अभिनव कांमनो अवतार,
देखी नरनारि मोहें घणुं रे, अकलवडा अवतार ॥७॥

સ્વરૂપવાન લક્ષણયુક્ત બન્ને કુંવર શોભી રહ્યાં છે, તે બંને કુંવર નવા કામદેવનો અવતાર હોય તેમ તેમને દેખીને નરનારી ઘણાં મોહ પામે છે અને તે બંને કુમાર બુદ્ધિમાં અગ્રેસર છે. ॥૭॥

दांनसाला गामगाम मंडावता रे, दीन दुखी लहें आधार,
संघ जैन प्रतिष्ठा वधारतो रे, पोसह पडिकमणें तैयार ॥८॥

રાજા મદનકુમાર રાજ્યમાં જૈનસંઘની પ્રતિષ્ઠા વધારી રહ્યાં છે. રાજા પણ પૌષધવ્રત અને પ્રતિક્રમણ કરવા તત્પર રહે છે. મદનકુમારે ગામોગામ દાનશાળા-સદાવ્રતો ખોલ્યા જેનો લાભ દીનદુઃખી લે છે. ॥૮॥

सहस वरस पंचवीस थया रे, छि(चि)त चारित्र सु राग,
तेहवें मुनिसुव्रत पधारीया रे, एकमनो धर्मस्युं राग ॥९॥

મનના અન્ય વિકલ્પોને છોડીને મુનિસુવ્રતસ્વામી ચારિત્રધર્મની આરાધના કરી રહ્યાં છે. જેઓનો ચારિત્ર પર્યાય પચીશ હજાર વર્ષનો હોવા છતાં અપ્રમત્તપણે ચારિત્ર પાળી રહ્યાં છે તેવા મુનિસુવ્રતસ્વામી ભગવંત મદનકુમારના રાજ્યમાં પધાર્યા. ॥૯॥

वनपालक द्यइ वधामणी रे, सहसगमे साधुनो परिवार,
भविजणनें हितवच्छल भणि रे, हरिवंस कुल सिणगार ॥१०॥

વનનો રક્ષક એવો માળી રાજા મદનને વધામણી આપે છે કે હે રાજન્ ! આપણા ઉદ્યાનમાં મુનિસુવ્રત નામના ભગવંત પધાર્યા છે જેઓની સાથે બીજા હજાર સાધુનો પરિવાર છે. ભવિકજનને પ્રેરણાદાયી હિતશિક્ષા આપે તેવા હિતવચ્છલ છે અને તેઓ હરિવંશ કુળમાં જન્મ્યા છે અને યાદવકુળના શણગાર સમાન છે. ॥૧૦॥

वांदवा राय मदन चालिओ रे, चतुरंग सैन्य परिवार
ओगणीसमी ढाल जाणज्यो रे, चतुर कहें ए जिन मुझ आधार ॥११॥

મુનિસુવ્રતસ્વામી ભગવંતને વાંદવા માટે મદનરાજા ચતુરંગી સેના લઈ સપરિવાર જ્યાં ભગવંત બિરાજમાન છે ત્યાં જાય છે. આ ઓગણીસમી ઢાળ પૂર્ણ કરતા ચતુરસાગર કહે છે કે જિનેશ્વર ભગવંત મારા પ્રાણાધાર છે. ॥૧૧॥

दुहा

त्रण्य प्रदक्षिणा देईनें वांदे वीसमां जिणंद,
तादृस [१]जायग जोईनें बेंसें मदन नरिंद ॥१॥

મદનરાજા શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરે છે અને શુદ્ધ ભૂમિ (જગ્યા પૂજીને) જોઈને બેસે છે. ॥૧॥

१. जायग=*જગ્યા.*

द्यें उपदेस जिणेसरु उपगारनें हित काज,
मानवभव दुर्ल्लभ लही करो धर्मना काज ॥२॥

શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંત ઉપકારક એવો ધર્મોપદેશ આપે છે, આ માનવભવ દુર્લભ છે માટે માનવભવમાં જેટલો વધારે ધર્મ થાય તે કરી લેવો તેવી મુનિસુવ્રતસ્વામી પ્રેરણા કરે છે. ॥૨॥

चंछ(च)ल यौवन अथिर धन दिसें प्रेम स्वप्न समान,
को केहनो सगो नहिं स्वारथ विना न द्यें आदर-मान ॥३॥

આ અસ્થિર સંસારમાં કોઈ કોઈનું સગુ નથી, સ્વાર્થ હોય ત્યાં સુધી સગપણ સાચવે છે. આદર સત્કાર કરે છે. યૌવન પણ ચંચળ છે. તેમજ ધન-સંપત્તિ નાશવંત છે. તેનો વિશ્વાસ કરવા જેવો નથી તે બધું દિવાસ્વપ્ન જેવું જાણજો. ॥૩॥

सहजें जे व्यैराग्य दश्या हती जिन वचनांमृत जलधार,
सेलडी सभावें मधुरता [१]वृष्टि वलि स्वादनो नहिं पार ॥४॥

સહજ રીતે વૈરાગ્યદશા તો હતી જ તેમાં જિનવચનરૂપી જળધારા વર્ષી તેથી વૈરાગ્યમાં વધારો થયો જેમ શેલડી સ્વભાવથી મીઠી હોય અને મેઘવૃષ્ટિ થાય એટલે વધારે સ્વાદિષ્ટ બને. ॥૪॥

स्वामी मुझ [२]दीख समप्पिईं जिन कहें पूछ्यानो विवहार,
महानुभाव ढील नवी किजीइं थापी आवो राज्यें राजकुमार ॥ ५॥

શ્રીમુનિસુવ્રતસ્વામીની વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળી રાજા મદનરાય વિનંતી કરે છે કે હે ભગવંત ! મને દીક્ષા પ્રદાન કરો ત્યારે શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવંત મદનરાયને ઉદ્દેશીને કહે છે કે, તમો પહેલા પરિવારની અનુમતિ મેળવો તે વ્યવહાર ધર્મને અનુસરો અને આપની જગ્યાએ રાજકુમારને રાજા તરીકે સ્થાપીને રાજ્યના કારોબારમાંથી નિવૃત્ત થવામાં હવે ઢીલ ન કરશો. ॥૫॥

---

१. विशेषे वुठे वलि जलधार=*અન્ય પ્રતમાં આ પ્રમાણે પાઠ છે.* २. दीख=*દીક્ષા.*

ढाल-२०, मुनिजन मारग चालतां -ए देशी.

राजा घर भणि चालतो तेडि कुमरनें काजे,
जयसुंदर वृद्धि जाणिनें जोग्य जाणि थापें निज राज्यें ॥१॥
राय मदन दिखा वरें. -ए आंकणि.

મદનરાય પોતાના મહેલ તરફ જાય છે અને જયસુંદર અને રૂપસુંદરને બોલાવી રાજાએ પોતાની ઈચ્છા મુજબ પુત્ર જયસુંદરને મોટો જાણી રાજા તરીકે સ્થાપવાનો નિર્ણય કરી મદનરાજવીએ દીક્ષા લેવાની તૈયારી કરી. ।।૧।।

रुपसुंदर युवराज थापीओ आज्ञा मांगि तेहो पासें,
मुनिसुव्रत पासें जई करी देवदत्त मित्र उल्लासें ॥२॥ राय०

અને રૂપસુંદરને યુવરાજ પદે સ્થાપ્યા પછી મદનરાયે તેઓની પાસે દીક્ષાની અનુમતિ માંગી. ઘરના બધાએ રાજાને દીક્ષા લેવા અનુમતિ આપી છે તે વાતની જાણ થતાં દેવદત્ત મિત્ર ઉમંગપૂર્વક શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવંતની પાસે ઉદ્યાનમાં પહોંચી ગયો. ।।૨।।

इंम जयसुंदरी दिख्या वरें नर अट्ठोतर संघातें,
सुत महोच्छव करें घणो लेई दीक्षा चाल्या साथें ॥३॥ राय०

મદનરાય અને જયસુંદરી દીક્ષા લે છે તેની સાથે અઠ્યોતેર પુરુષોએ દીક્ષા લીધી, મદનરાયના પુત્રોએ મહામહોત્સવ પૂર્વક દીક્ષાનો પ્રસંગ ઉજવ્યો દીક્ષા લઈ બધાએ સાથે વિહાર કર્યો. ।।૩।।

जयसुंदर सुत रुपसुंदरु मात पिता वोलावी घर आवें,
देखी ए ठाण संभारें खिणखिण पिता चित्तमें आवें ॥४॥ राय०

મદનરાયનો પરિવાર દીક્ષાર્થીને વળાવી ઘેર આવ્યો ત્યાં જયસુંદર અને રૂપસુંદરને માતા-પિતાની યાદ આવવા લાગી, પિતા જે જે સ્થાને બેસતા, શયન કરતા, સભા ભરતા તે સ્થાનને જોતા ક્ષણે ક્ષણે પિતાની યાદ આવવા લાગી. ।।૪।।

[1]थीवर पासें भणि-गणि आवश्यक षट [2]आदथी मांडी,
तप जप क्रीया आकरी संसारनी माया छांडी ॥५॥ राय०

સ્થવિર-વડિલવૃદ્ધ સાધુ મહાત્મા પાસે શાસ્ત્રનો અભ્યાસ કર્યો, આવશ્યક ક્રિયાઓ આદરપૂર્વક કરવા લાગ્યા તેમજ તપ-જપ-ક્રિયા કરવાથી સંસારની માયાને ભૂલી ગયા. ॥૫॥

छट्ठ अट्ठम पासखमंण जिकें मासखमण चोमासी,
विहार करें अति आकरो आतापना लेता न करें विमासी ॥६॥ राय०

છઠ્ઠ, અઠ્ઠમ, પંદર ઉપવાસ, માસક્ષમણ, ચઉમાસીતપ કરવા લાગ્યા. કષ્ટદાયક વિહાર કરવા લાગ્યા અને અવારનવાર આતાપના લેતા જરા પણ વિચાર કરતાં ન હતાં. ॥૬॥

निरस आहार पोते करें साथुओ सुद्ध सोधी ल्यावें,
कायानें भाडुं देवा भणी खाता मनमें समता ल्यावें ॥७॥ राय०

નગરમાં ફરીને સાધુને કલ્પે તેવો સાથવો (લોટ જેવું) ગોચરીમાં વહોરી લાવે અને કાયાને ભાડું આપવા ઉદરપોષણ નિરસ આહારથી કરતાં પોતાના જીવનમાં સમતાને પ્રાધાન્ય આપી સાધુ જીવન જીવવા લાગ્યા. ॥૭॥

गुरू पासईं आगन्या मागीने उपगार करवा आवें,
अनुक्रमें कासी वांणारसी सांभली पुत्र वांदवा आवें ॥८॥ राय०

સમય જતાં મુનિરાજ તેઓના ગુરુ પાસે આજ્ઞા લઈ વર્ષો પછી ઉપકાર કરવાની ભાવનાથી વિહાર કરતા કરતા કાશીદેશના વારાણસી નગરમાં પધાર્યા. આ વાતની જાણ થતાં રાજા જયસુંદર અને યુવરાજ રૂપસુંદર સપરિવાર પૂજ્ય મુનિરાજને વાંદવા આવે છે. ॥૮॥

राय सैन्यस्यूं परवर्यो बेंठा परषदा आगें,
गुरु उपदेस दिइं तिहां सांभली उछ(च)रें वृत रागें ॥९॥ राय०

રાજા સપરિવાર પિતામહારાજને વંદન કરી સભામાં ઉચિત સ્થાનને

---

१. थीवर=*સ્થવીર.* २. आदथी=*આદરપૂર્વક.*

ગ્રહણ કરતાં આગળ બેઠા, પિતામહારાજે ઉપદેશ આપતા સપરિવારના મનમાં ધર્મ પ્રત્યે વિશેષ પ્રકારે આદર થતાં શ્રાવકવ્રતને ગ્રહણ કર્યા. ॥૯॥

एक दिन शुक्लध्यान धरता थकां उपनो केवलज्ञान,
देव महोच्छव तिहां करें मदन पोहता निरवाण ॥१०॥ राय०

મદનમુનિ શુભ દિવસે શુક્લધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા ત્યારે ઈન્દ્રોએ મહોત્સવ કર્યો અને નિર્વાણ પામ્યા. ॥૧૦॥

सहसवरस दीक्षा पालीउई भय सघलो निवार्यो,
चतुरसागर ईहां एम वदें वीसमी ढालें मदन संभार्यो ॥११॥ राय०

ચતુરસાગર વીસમી ઢાળ પુરી થતાં મદન મુનિરાજનું સ્મરણ કરી કહે છે કે, મદનમુનિરાજ હજાર વર્ષ દીક્ષા-ચારિત્રધર્મનું આરાધન કરીને સંસારના સઘળા ભયોને દૂર કર્યા ॥૧૧॥

दुहा

देवदत्त जयसुंदरी पहोंतां अनुत्तर विमान,
खेत्र विदेहमां अवतरी एकावतारि सिद्ध विमान ॥१॥

દેવદત્ત મુનિ અને સાધ્વી જયસુંદરી દેવલોકના અનુત્તર વિમાન દ્વારા વિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધશિલાએ પહોંચ્યા. ॥૧॥

मदनकुमार बुझ्यो सही बे भव साध्या काज,
ए भव कीरति विस्तरी परभव पाम्यो शीवपूर राज ॥२॥

વૈરાગી મદનમુનિની પહેલા ભવમાં કીર્તિ ચોતરફ ફેલાણી અને બીજા ભવમાં તેઓએ મોક્ષપદને પામી આત્માને સ્થિર કર્યો. આ પ્રમાણે બંને ભવને ફલિતાર્થ કર્યા. ॥૨॥

इंम जिन देशना उपदिसें वीर कहें श्रेणिक राय,
मदनपरिं शील शुद्ध आदरें तेहनें बे भव न थाय ॥३॥

આ પ્રમાણે જિનેશ્વર ભગવંત મહાવીર પરમાત્માની વાણી છે કે, જે

આત્મા શીલધર્મનું શુદ્ધિપૂર્વક આરાધન કરે તેને મદનમુનિની જેમ ભવોભવ ભટકવું પડતું નથી. ॥૩॥

तहति करी वांदी वीरनें श्रेणिक पूछें परषदस्युं वार,
केई चोथु वृत उचरें आलोअण द्वादशवृत द्वार ॥४॥

મહાવીર પરમાત્માને વિધિપૂર્વક વંદન કરી શ્રેણિકરાજા પ્રશ્નો પૂછી સમાધાન મેળવે છે, બીજા લોકો બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચરે છે, કોઈ આલોચના લે છે. વળી કોઇ શ્રાવકનાં બારવ્રત ઉચ્ચરે છે. ॥૪॥

वीर तिहांथी सिद्ध करें चोवीसमो जिनराज,
आप आपणें स्थानिकें पोहता पछी करें धर्म्मनां काज ॥५॥

વીરપરમાત્મા ત્યાંથી વિહાર કરી આગળ વિચરે છે. શ્રેણિક રાજા અને બીજા લોકો પોતપોતાના સ્થાને સિધાવે છે ત્યાં જઈ સર્વે લોકો ધર્મ આરાધનામાં લીન થઈ જાય છે. ॥૫॥

ढाल-२१,

राग : धन्यासी, में गायो गायो रे पास तणा गुण गायो -ए देशी.

जे नरनारी शील पालस्यें तेहनें शिवपूर थाय,
श्री जिनवरना वच्चन सद्दहस्यें ते नर उत्तम करी गवाया रे ॥१॥
में गाया गाया रे मदन साधु तणा गुण गाया. -ए आंकणि.

ચતુરસાગરજી એકવીસમી ઢાળ શરૂ કરતા જણાવે છે કે, મેં શીલવ્રતધારક મદનમુનિના ગુણ જણાવ્યા તે પ્રમાણે જે સ્ત્રી-પુરુષ શીલધર્મની આરાધના નિષ્ઠાપૂર્વક કરશે તે મોક્ષ સુખને પામશે. આ જિનવરની વાણીને જે અનુસરશે તેની કીર્તિ જગતમાં ફેલાશે. ॥૧॥

धनदेव सेठ तणो एह नंदन मदन सुत महाराया रे,
तास चरित एह वखाण्यो श्री ऋषभदेव चरण पसाया रे ॥२॥

ધનદેવ શેઠના પુત્ર મદનમુનિ મહારાજનું જીવનચરિત્ર પ્રશંસનીય છે જે ઋષભદેવની કૃપાથી જણાવ્યું. ॥૨॥

वीसमां तीर्थंकर वारें थयो तिवार पछी जिन च्यार कहवाय रे,
उपदेसकोस ग्रंथ विचारी तेहथी ए रास उपायो रे ॥३॥

વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના સમય પછી ચાર જિનેશ્વર થયાં આ મદનકુમારના રાસની રચના ***ઉપદેશકોશ*** ગ્રંથના આધારે કરી છે. ॥૩॥

कांइक कवि चतुराई केलवतां ओछो अधिक करी निपाया रे,
मिथ्या दुकृत मुझ मन होज्यो श्री संघनी साख सूणाया रे ॥४॥

રાસકર્તા શ્રી ચતુરસાગરજી કહે છે કે આ રાસની રચના કરતાં મારાથી અધિકું કે ઓછું કે પ્રભુ આજ્ઞા વિરુદ્ધ લખાઈ ગયું હોય તે સંઘની સાક્ષીએ મિચ્છા મિ દુક્કડમ્ પૂર્વક ક્ષમા માંગુ છું. ॥૪॥

रास ए शुद्ध अशुद्ध ज कीधो लेई पंडित शुद्ध करजो रे,
विगर बुद्धिए रचना कीधी वाधें सुजस तिम करजो रे ॥५॥

વગર બુદ્ધિએ મેં આ રાસની રચના કરવાની બાલચેષ્ટા કરી છે. તેથી ક્યાંક અશુદ્ધ લખાઈ ગયું હોય મારા મનથી હું શુદ્ધ ધારતો હોઉં તે ખરેખર અશુદ્ધ હોય તે સઘળું રાસ માયલું પંડિતવર્યો શુદ્ધ કરશો. જેથી આ રાસની કીર્તિ જગમાં ફેલાશે. ॥૫॥

संवत सतर बहोतेरा वरषे मृगशिर शुदि त्रीज भृगुवार रचाया रे,
तपागच्छें श्री विजयप्रभ पाटें श्री विजयरत्नसूरी सवाया रे ॥६॥

તપાગચ્છના ***શ્રીવિજયપ્રભ***ની પાટે ***શ્રીવિજયરત્નસૂરિ*** થયા તેઓની કૃપાથી ***સંવત ૧૭૭૨***ના વર્ષે માગશર સુદિ ત્રીજના શુભદિવસે ***મદનકુમારરાસ***ની રચના કરી છે. ॥૬॥

तपगच्छमाहिं पूर्वें पंचावनमें पाटे श्री लक्ष्मीसागरसूरी राया रे,
तेहनी परंपरा चोथें पाटे श्री विद्यासागर उवझाया रे ॥७॥

તપગચ્છમાં પૂર્વે પંચાવનમી પાટે ***શ્રી લક્ષ્મીસાગરસૂરિજી*** થયા તેમની પરંપરામાં ચોથી પાટે ***શ્રી વિદ્યાસાગર ઉપાધ્યાય*** થયા. ॥૭॥

तेहनें पाटे शिष्य अनोपम छाजें श्रीधर्मसागरपाठक क(फ?)री गाया रे,
श्री हीरविजयसूरीना आदेशथी कल्पकिरणावली करी ग्रंथ निपाया रे ॥८॥

શ્રી વિદ્યાસાગર ઉપાધ્યાયના શિષ્ય ***શ્રી ધર્મસાગર*** પાઠક થયા. તે શ્રી ધર્મસાગર પાઠકે ***શ્રી હીરવિજયસૂરિજી***ની આજ્ઞાથી ***કલ્પકિરણાવલી*** નામના ગ્રંથની રચના કરી. ॥૮॥

सिस पद्मसागर विबुध राजें जित्या दिगंबर प्रति सूरी हराया रे,
तस चरणांबुज सेवक अंतेवासी श्री कुशलसागर उवझाया रे ॥९॥

બુદ્ધિશાળી એવા તર્કશિરોમણિ શ્રી પદ્મસાગરજીએ વાદ કરીને દિગંબરાચાર્યને હરાવ્યા હતા. તે ***શ્રી પદ્મસાગરજી***ના ચરણસેવક એવા ***શ્રી કુશલસાગર*** ઉપાધ્યાય થયા. ॥૯॥

तेहनें पाटे दिवाकर अनोपम विबुध उत्तमसागर गुरुराया रे,
जेहनी कीरति जगविख्यात सेवें सूरनर राणा राया रे ॥१०॥

તેઓની પાટે સૂર્યસમાન દીપતા પ્રજ્ઞાવાન ***શ્રીઉત્તમસાગર*** ગુરુ જેમની ખ્યાતિ જગતમાં અપૂર્વ છે. તેથી શ્રી ઉત્તમસાગરજીની દેવેન્દ્રો, રાજાઓ, મનુષ્યો આદિ સેવા કરે છે. ॥૧૦॥

तस पद सेवक भृंग समान कें कवि चतुरसागर गुण गाया रे,
रास रागधरी ए सांभलस्यें तस घर मंगलीक मीली आया रे ॥११॥

શ્રી ઉત્તમસાગરજીના ચરણસેવામાં ભ્રમર સમાન ***ચતુરસાગરજી*** મદનકુમાર રાસના ગુણ જણાવતાં કહે છે કે, આ રાસને જે લોક રાગ-રાગણી પૂર્વક ગાશે-સાંભળશે તેઓના ઘરમાં મંગળ પ્રવર્તશે. ॥૧૧॥

पाटणवारें बहुलां गामज तो पिण मुख्य छे सीओरी सवाई रे,
भटेसरीआ जिहां राज्य करें छें तिहां धर्म्मी श्रावक सुखदाई रे ॥१२॥

પાટણની આજુબાજુ ઘણા નગરો છે. તે દરેકમાં મુખ્ય ***સીઓરી*** નગર છે. ત્યાં ભાટેસરીઆનું રાજ્ય છે, જે સીઓરી નગરીના શ્રાવકો ધર્મી અને સુખી સમૃદ્ધ છે. ॥૧૨॥

सीओरीना संघ आग्रहथी रास करी म्हें एह निपाया रे,
जिहां लगें गगनें इंदु रवि प्रतपें तिहां लगें ए थिर चौपाई थाय रे ।१३।

ચતુરસાગરજીએ સીઓરી સંઘના આગ્રહથી આ રાસની રચના કરી જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તેજે તપશે ત્યાં સુધી આ ***મદનકુમાર***નું ચરિત્ર ગવાશે. ॥૧૩॥

कवि चतुरसागर इंणि परिं जंपें ढाल एकवीस करी कहवाय रे,
भणि गणि सांभलें जे नर कहेस्यें तस घरि नवनिधि ऋद्धि थाय रे॥१४॥

શ્રી ***ચતુરસાગરજી*** આ રાસ પૂર્ણ કરતાં કહે છે આ રાસની એકવીસ ઢાળમાં રચના કરી છે આ ***મદનકુમારરાસ***ને જે વાંચશે, સ્મરણ કરશે કે સાંભળશે અને બીજાને સંભળાવશે તે દરેકના ઘરે સદા સર્વદા નવનિધિની ઋદ્ધિ થશે. ॥૧૪॥

॥ इति मदनकुमररास संपूर्ण ॥

॥ प्रशस्ति ॥

ग्रन्थाग्रे ग्रन्थ३००६० संवत १७८० वर्षे महा वदी द्वादशो तिथौ चन्द्रवासरे पण्डितोत्तम पण्डित श्री१०८ श्रीचतुरसागरशिष्य पण्डित श्री७ लालसागरगणि शिष्य पण्डित विशेषसागरगणि लिपिकृतम् रवनगरे श्री ऋषभजिनप्रसादात् पारकरदेशे भूधरनगरवासव्यं साह श्री हरिदास सूत सा. वालास्यांमी वाचनार्थे लेखक वाचकयो श्रेयसेरस्तु कल्याणमस्तु ऋषभप्रासादात् ॥

આ જ પ્રતની બીજી પ્રત છે, જેમાં પ્રશસ્તિ નીચે મુજબ છે.

संवत १७९० वर्षे वैशाख सुद २ बुद्धेवाशरे
श्रीमहावीरजिनप्रसादात् श्री धमडकानगरे......

संपूर्ण

● ● ●

कुयर कहें सूण्यो तातजी,
म करो चिंता ए वाति, हो लाल.
पुव्व कलंक चढाव्यो हस्यें,
तेहथी उदय आव्यो राति. हो लाल ॥

–मदनकुमार रास

પૂ.આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી મદનકુમાર રાસના પ્રકાશનનો લાભ
શ્રી પરમ-જિન-ભદ્ર-શાંતિ શ્વે.મૂ.પૂ. જૈન સંઘે
(પાલ-સૂરત) જ્ઞાનદ્રવ્યમાંથી લીધેલ છે.